Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૪૯
તા.૨૭-૦૩-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ ફાગણ વદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૮ સૂર્યાસ્ત : ૦૬:૫૧

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૨ | વડોદરા | ૪૦.૮ |
| અમદાવાદ | ૪૧.૩ | સુરત | ૩૯ |
| ગાંધીનગર | ૪૦.૬ | નલિયા | ૩૩ |

ચાંદી : ૪૦૮૦૦ સોનું : ૨૯૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# ૧૨૫ કરોડ દેશવાસીઓ "ન્યુ ઇન્ડિયા" માટે સજ્જ : મોદી

**મન કી બાત કાર્યક્રમમાં વિવિધ મુદ્દાઓ ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા : બાંગ્લાદેશને સ્વતંત્રતાના પ્રસંગે શુભકામના : શહીદવીરોને શ્રદ્ધાંજલિ આપી ભોજનની બરબાદીને રોકવાની જરૂર છે : સ્વચ્છતા પર ફરીવાર ભાર મુકયો**

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના મન કી બાત કાર્યક્રમમાં જુદા જુદા વિષય ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. મનકી બાતમાં મોદીએ બાંગ્લાદેશને સ્વતંત્રતાની શુભેચ્છા પાઠવી હતી. સાથે સાથે શહીદે આઝમ ભગતસિંહને અંજલિ આપી હતી. મોદીએ મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયોને આવરી લીધા હતા. તેમણે કહ્યું હતું કે, દેશના ૧૨૫ કરોડ લોકો ન્યુ ઈન્ડિયા બનાવવા ઈચ્છુક છે. ન્યુ ઈન્ડિયા કોઈ સરકારી કાર્યક્રમ નહીં બલ્કે સમગ્ર દેશના કાર્યક્રમ તરીકે છે. સર્વજન હિતાયના મૂળ મંત્રને લઈને દેશના લોકોની મદદ કરવાની બાબત મુખ્ય ઉદ્દેશ્ય છે. મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં એક દિવસ પેટ્રોલ ડીઝલનો ઉપયોગ નહીં કરવાની પણ અપીલ કરી હતી. સાથે સાથે ભોજનની બરબાદીને રોકવાની અપીલ કરી હતી અને કહ્યું હતું કે, ભોજન ફેંકવાની બાબત સમાજદ્રોહ સમાન છે. યોગ, પ્રાણાયામથી ડિપ્રેશન દૂર થાય છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને લોકોના અભિપ્રાય માંગ્યા હતા. મોદીએ કાળા નાણા, ભ્રષ્ટાચારને રોકવા ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી. સ્વચ્છતાના મુદ્દા ઉપર પણ વાત કરી હતી. નોકરી કરતી મહિલાઓ માટે યોજનાઓની વાત કરતા તેમણે કહ્યું હતું કે માતૃત્વ રજા ૧૨ સપ્તાહથી વધારીને ૨૬ સપ્તાહ કરી દેવામાં આવી છે. નવજાત શિશુની સુરક્ષા અને જનત વધુ સારીરીતે થઈ શકે તે હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. મોદીએ જુદા જુદા આવી રહેલા તહેવારની પણ વાત કરી હતી. પાંચમી એપ્રિલના દિવસે રામનવમી, નવમી એપ્રિલના દિવસે મહાવીર જયંતિ અને ૧૪મી એપ્રિલના દિવસે બાબા સાહેબ આંબેડકરની જયંતિ આવનાર છે. બે દિવસ બાદ અન્ય તહેવારો પણ આવી રહ્યા છે.

## વિચાર વૈભવ...

આજકાલ બાળકો 'ગુમ' થવાના કિસ્સા વધારે સાંભળવા મળે છે. બાળકોના અંગનો વેપાર, મજૂરી - ભીખ માગવાના ધંધા માટે 'ગેંગ' કામ કરતી હશે. પણ કેટલાક કિસ્સામાં 'મા - બાપ' પણ જવાબદાર હોઈ શકે અત્યારે પરીક્ષા - પરિણામો અને પ્રવેશની ચિંતામાં વાલીઓની પોતાના વાત્સલ પાસે અપેક્ષાઓ ખૂબ વધી જાય છે અને બાળક પોતાની ક્ષમતા સમજતો હોય છે., આથી પરીક્ષા અને પરિણામ પહેલાં જ 'પલાયન' થઈ જવામાં સાર સમજે છે. બાળકને સમજાવીને સમસ્યા ઉકેલવી જોઈએ, ડરાવી - ધમકાવીને નહીં...

આપણા પૂર્વ રાષ્ટ્રપતિ સરળ સ્વભાવના ; સાદગીથી સંયુક્ત પરિવારમાં રહેતા હતા. એમને ગમતું એક પુસ્તક મોંઘી કિંમતે ખરીદ કર્યું હતું, જે ટેબલ પર જ હતું. એટલામાં વરસાદ આવ્યો અને પરિવારના બાળકોને 'કાગળની નાવ ' બનાવી પાણીમાં વહેવડાવવાની રમત સૂઝી. રાજેન્દ્રબાબુનું પુસ્તક હાજર હતું. એક બે છોકરાંએ વિરોધ કર્યો પણ બીજા શરારતી બાળકોએ એ પુસ્તકમાંથી પાના ફાડી હોડીઓ બનાવી.

રાજેન્દ્રબાબુ પરિસ્થિતિ પામી ગયા. એમણે જાહેરાત કરી, જેણે જેટલી હોડી બનાવી હશે તેને તેટલા પાંચ પૈસા મળશે. બાળકોએ પૈસા લેવા સત્ય સ્વીકાર્યું બાબુજીએ એમને એટલા પૈસા તો આપ્યા જ, તેમની ગંભીર ભૂલ વિશે પણ સમજ આપી દીધી.

- સુરેશ પ્રા. ભટ્ટ

## અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વિરાટ હિન્દુ સંમેલન

# રામ મંદિર અયોધ્યામાં જ બનશે, નવી મસ્જિદ નહીં બને : તોગડિયા

**મુસ્લિમોના બાળકોને સરકાર સહાય આપે છે તો હિન્દુઓના બાળકોને કેમ નહીં : બેરોજગાર હિન્દુને અમદાવાદમાં રોજગારની તાલિમ આપવા જાહેરાત**

અમદાવાદ

વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા આજે શહેરના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે હિન્દુ ફર્સ્ટના નામે વિરાટ હિન્દુ સંમેલન આયોજિત કરવામાં આવ્યું હતુ.આ સંમેલનમાં વિહિપના ડો.પ્રવિણ તોગડિયાએ રણ ટંકાર કરતા કહ્યુ હતું કે,રામમંદિર અયોધ્યા ખાતે જ બનશે.અયોધ્યામાં હવે નવી કોઈ મસ્જીદ નહીં બને.બાબરની મસ્જિદ તો દેશમાં ક્યાંય નહીં બને.૨૫૦૦૦થી પણ વધુ કાર્યકર્તાઓ,સંતો,મહંતોની ઉપસ્થિતિમાં ડો.તોગડિયાએ સ્પષ્ટ



કર્યું હતું કે,સોમનાથમાં મંદિર કેન્દ્ર સરકારની સંમતિથી જ બનાવવામાં આવ્યું હતુ.આ જ પેટર્નથી કેન્દ્ર સરકાર અયોધ્યામાં રામમંદિરના નિર્માણ માટે સંસદમાં બીલ પસાર કરે.અને મંદિર નિર્માણ કરાવે.સરકાર મુસ્લિમોના સંતાનોને ભણવા માટે આર્થિક સહાય કરે છે તો હિન્દુઓના સંતાનોને કેમ નહીં તેવો સવાલ પણ તેમણે કર્યો હતો.હિંદુ હિત માટે તોગડિયાએ ૧૨ મુદ્દાની સરકાર સમક્ષ માગણી પણ રજુ કરી હતી.જેમાં કાશ્મીરમાં વિસ્થાપિત થયેલા હિંદુઓને ફરીથી તેમના ઘરમાં વસાવવા ઉપરાંત,ગૌ-હત્યા વિરોધી કાનુન પસાર કરવાની સાથે હિંદુઓને સુરક્ષા પુરી

અનુસંધાન પાના નં.૬

# જીએસટી સંબંધિત ૪ પુરક બિલ આજે રજૂ થઇ શકે છે

**બિલ પર ચર્ચાની અવધિને લઇને નિર્ણય લેવા આવતીકાલે લોકસભાની બિઝનેસ એડવાઈઝરી કમિટિની બેઠક થશે**

નવી દિલ્હી

જીએસટી સાથે સંબંધિત ચાર પુરક બિલ આવતીકાલે સંસદમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. રાજકીય પક્ષોમાં પણ પુરક જીએસટી બિલને લઈને ઉત્સુકતા જોવા મળી રહી છે. આ ઉપરાંત જુદા જુદા સેસને નાબૂદ કરવા કસ્ટમ એક્ટમાં સુધારાને પણ આવતીકાલે જ ગૃહમાં રજૂ કરવામાં આવનાર છે. લોકસભાની બિઝનેસ એડવાઈઝરી કમિટિ આવતીકાલે મળશે જેમાં આ બિલ પર ચર્ચાની અવધિ અંગે નિર્ણય કરવામાં આવશે. સૂત્રોના કહેવા મુજબ સરકાર ૨૯મી માર્ચ સુધી અથવા તો ૩૦મી માર્ચ સુધી નીચલા ગૃહમાં જીએસટી બિલને પસાર કરવા માટે ઈચ્છુક છે. ત્યારબાદ આ બિલ રાજ્યસભામાં જશે. આની સાથે જ સરકાર ને ઉપલા ગૃહ દ્વારા સ્વિકારવામાં આવેલા સુધારાઓને પુરતો સમય રહેશે. સંસદનું વર્તમાન સત્ર ૧૨મી એપ્રિલના દિવસે પૂર્ણ થનાર છે. કેન્દ્રિય કેબિનેટને પહેલાથી જ ચાર બિલને લીલીઝંડી આપી ચુકી છે. જે બિલને કેન્દ્રીય કેબિનેટે મંજુરી આપી છે તેમાં સીજીએસટી આઈજીએસટી, યુટીજીએસટી, વળતર બિલનો સમાવેશ થાય છે. સંસદમાં હાલમાં ચાલી રહેલા સત્ર દરમિયાન જ આ બિલને રજુ કરીને પસાર કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે.

## ગુંડાતત્વોને સુધરી જવા યોગી આદિત્યનાથની સ્પષ્ટ ચેતવણી

ગોરખપુર

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ગોરખપુર પ્રવાસના બીજા દિવસે આજે ખુબ જ આક્રમક મૂડમાં દેખાયા હતા. મુખ્યમંત્રીએ અસામાજિક તત્વો અને ગુંડાતત્વોને સીધીરીતે ચેતવણી આપતા કહ્યું હતુ કે, જો આ લોકો સુધરશે નહીં તો તેમના માટે એક જ જગ્યા રહેલી છે. પ્રદેશમાંથી અન્યત્ર જતા રહેવા માટેની ચેતવણી પણ યોગીએ આપી હતી. ગુંડાતત્વોને ચેતવણી આપતા યોગીએ કહ્યું હતુ કે, હવે આ લોકો સુધરી જાય અથવા તો બહાર જતાં રહે.

# પુલવામામાં અથડામણમાં બે ત્રાસવાદીને ઠાર મારી દેવાયા

### પોલીસ ટુકડી ઉપર છુપો હુમલો કરવાનો પ્રયાસ

શ્રીનગર

દક્ષિણ કાશ્મીરના પુલવામામાં ભીષણ અથડામણમાં બે ત્રાસવાદીઓ માર્યા ગયા છે. આતંકવાદીઓએ પોલીસ ટુકડી ઉપર છુપો હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. દક્ષિણ કાશ્મીરમાં પોલીસ અધિકારીનો કાફલો પસાર થઈ રહ્યો હતો ત્યારે તેમના પર છુપો હુમલો કરવાનો પ્રયાસ કરાયો હતો. પુલવામાના પોલીસ અધિકારીનો કાફલો પસાર થઈ રહ્યો હતો. આ કાફલામાં જે અધિકારીઓ હતા તેમાં રઈશ અહેમદ અને જાહીદ મલિકનો સમાવેશ થાય છે. આ બંને અધિકારી ડિસ્ટ્રીક્ટ એડિશનલ સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ સાથે પસાર થઈ રહ્યા હતા એક કારમાં આવેલા આતંકવાદીઓએ પાછળથી આવ્યા હતા અને વાહન ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. એસીપી ચંદન કોહલીની સાથે રહેલા બે પોલીસ અધિકારીઓનો સહેજમાં બચાવ થયો હતો. અવન્તીપોરા અને પુલવામાની સરહદ ઉપર આ બનાવ બન્યો હતો. પોલીસે તરત મોરચા સંભાળી લીધા હતા અને જવાબી કાર્યવાહી કરી હતી જેમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. પોલીસે હથિયારોનો જથ્થો જપ્ત કર્યો હતો. આતંકવાદીઓની ઓળખ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે.

## સાર સમાચાર...

### અમદાવાદ સહિત રાજ્યમાં તીવ્ર ગરમી : પારો ૪૨ થયો

અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યભરમાં તીવ્ર ગરમીનું મોજુ ફરી વળ્યું છે. આજે પારો ૪૨ સુધી પહોંચી ગયો હતો જેથી ગરમીથી લોકો ભારે પરેશાન થઈ ગયા હતા. ડિસામાં પારો ૪૨ સુધી પહોંચી ગયો હતો. આવતીકાલે પણ તીવ્ર ગરમીનો અનુભવ લોકો કરે તેવી શકયતા દેખાઈ રહી છે. આજે અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૪૧થી ઉપર પહોંચી ગયું હતું અને પારો ૪૧.૩ સુધી રહ્યો હતો જ્યારે રાજ્યના ડિસામાં પારો ૪૨ સુધી પહોંચ્યો હતો. રાજ્યના જે ભાગોમાં આજે મહત્તમ તાપમાન ૪૧થી ઉપર પહોંચ્યું હતું તેમાં અમદાવાદ, અમરેલી, ભુજ, સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજકોટમાં ૪૦.૭ સુધી પારો રહ્યો હતો. બીજી બાજુ હિટવેવની ચેતવણી પણ હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવી છે જેથી આગામી બે દિવસ સુધી લોકોને ગરમીથી કોઈપણ રાહત નહીં મળે તેવી શકયતા દેખાઈ રહી છે. હવામાન વિભાગનું કહેવું છે કે, મહત્તમ તાપમાન હજુ પણ વધી શકે છે. મહત્તમ તાપમાન વધવા માટે કેટલાક પરિબળો પણ જવાબદાર દેખાઈ રહ્યા છે. સૌરાષ્ટ્ર, કચ્છ તથા ગુજરાત પ્રદેશમાં તીવ્ર ગરમીનું મોજુ ફરી વળશે તેવી ચેતવણી બાદ તંત્ર સાવધાન થઈ ગયું છે.

**મલ્ટીપલ ડ્રાઇવિંગ લાયસન્સના દૂષણને રોકાશે**

# હવે ડ્રાઇવિંગ લાયસન્સ માટે આધાર ફરજિયાત થઇ જશે

**લાયસન્સ રિન્યુ કરવા ઇચ્છુક લોકો અને નવા લાયસન્સ માટે આધાર કાર્ડ જરૂરી રહેશે : કેન્દ્ર દ્વારા તૈયારી**

નવી દિલ્હી

એક નામ હેઠળ મલ્ટીપલ ડ્રાઈવિંગ લાયસન્સને રોકવાના હેતુસર કેન્દ્ર સરકાર હવે વિશેષ પગલા લેવા જઈ રહી છે. આધારને ડ્રાઈવિંગ લાયસન્સ માટે પણ ફરજિયાત કરવાની તૈયારી થઈ રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા આ સંદર્ભમાં રાજ્યોને ટૂંકમાં જ આદેશ કરવામાં આવનાર છે. નવા લાયસન્સ માટે આધાર ઓળખ જરૂરી બનાવી દેવામાં આવશે. આ ઉપરાંત લાયસન્સ રિન્યુ કરવા ઈચ્છુક લોકો માટે પણ આધારને જરૂરી બનાવવામાં આવશે. સત્તાવાર સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, આના કારણે મલ્ટીપલ લાયસન્સના ઉપયોગના દૂષણને રોકી શકાશે. આનો મતલબ એ થયો કે, બનાવટી ઓળખ ઉપર અથવા તો ફોજદારી ગુના, ટ્રાફિક માટે લાયસન્સ સસ્પેન્ડ કરવા જેવી બાબતો ઉપર ધ્યાન અપાશે. આ પ્રકારની પ્રથાને આધારના કારણે રોકી શકાશે. આ વખતે ઓક્ટોબર મહિનાથી જ નવી વ્યવસ્થાને અમલી કરવામાં આવનાર છે. સૂત્રોએ એમ પણ કહ્યું છે કે, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા પહેલાથી જ જરૂરી ફેરફાર સાથે આ પગલાને અમલી કરવા તૈયારી કરી છે.

# ગામડીમાં પકડાયેલ રેશનીંગ જથ્થો આંતર રાજય કારસ્તાનની સંભાવના





ભરત સુંદેશા

### મુખ્ય માસ્ટર માઈન્ડના ગાંધીનગરના આંટાફેરા ચર્ચાસ્પદ

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં રેશનીંગનો જથ્થો બારોબાર સગેવગે કરવાનું કારસ્તાન છેલ્લાં ઘણાં વર્ષોથી ધમધમી રહ્યું છે પરંતુ કલેકટરના આદેશથી લાખણી તાલુકાના ગામડી ખાતેથી ૧૮ લાખનો રેશનીંગનો જથ્થો ઝડપાયો હતો. જેમાં ત્રણની ધરપકડ કરાઈ છે પરંતુ માસ્ટર માઈન્ડ મુખ્ય સૂત્રધાર ફરાર છે ત્યારે આ જથ્થો કયાં લઈ જવાતો હતો તેની તટસ્થ તપાસ થાય તો મસમોટા આંતર રાજય કારસ્તાનનો પર્દાફાશ થાય તેમ છે.

ગરીબ અને જરૂરીયાતમંદ મધ્યમ વર્ગના લોકોને સરકાર દ્વારા વ્યાજબી ભાવની દુકાનોએથી રેશનીંગનો જથ્થો રાહત દરે મળી રહે છે પરંતુ તેને કાળા બજારનું ગ્રહણ આભડી ગયું છે. સરકારે બાયો મેટ્રીક રેશનીંગ કાર્ડ દ્વારા અંગુઠાની છાપ વડે રેશનીંગ ચીજોનું વિતરણ શરૂ કર્યું છે પરંતુ કાળા બજારીયાઓના કારોબારમાં લેશ માત્ર ઓટ આવી નથી.તેમાં પણ સરહદી બનાસકાંઠા જિલ્લામાં ગરીબોના હકનો રેશનીંગ જથ્થો બારોબાર સગેવગે થઈ રહ્યો છે. અગાઉ ભોયણ અને ચંડીસરમાંથી સગેવગે થતો જથ્થો ઝડપાયો હતો. જેના કારણે જિલ્લામાં ચકચાર મચી ગઈ હતી પરંતુ જિલ્લા પુરવઠા વિભાગની નક્કર અને ઠોસ કાર્યવાહીના અભાવે કસુરવારોનો વાળ પણ વાંકો થયો નથી ત્યારે હાલમાં લાખણી તાલુકાના ગામડી ગામે ગોડાઉનમાંથી રેશનીંગ ઘઉં અને ચોખાનો ૧૮ લાખ રૂપિયાનો જંગી જથ્થો કલેકટરની સુચનાથી પકડાયો હતો. જેના કારણે જિલ્લાભરમાં હોબાળો મચી ગયો છે પરંતુ જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા ઠોસ કાર્યવાહી કરાતી નથી. જો કે કલેકટરની દરમ્યાનગીરીથી કોન્ટ્રાકટર સહિત ત્રણ વિરૂદ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ છે પરંતુ લોકમુખે ચર્ચાતી વાતો મુજબ 'માસ્ટર માઈન્ડ' ના ઈશારે આ જથ્થો આબુરોડ પાસે આવેલી એક ફેકટરીમાં જતો હતો. જયાં ઘઉં દળી તેના લોટનું પેકીંગ દ્વારા વેચાણ કરાય છે. જે કારસ્થાન છેલ્લા ઘણાં સમયથી ધમધમે છે ત્યારે ગુનો નોંધાયેલ ત્રણની કડક પુછપરછ કરાય તો મુખ્ય માસ્ટર માઈન્ડનું નામ ખુલવા સાથે આંતર રાજય કારસ્તાન ખુલ્લું પડે તેમ છે. જો કે પુરવઠા વિભાગના છુપા આશીર્વાદ ધરાવતો માસ્ટર માઈન્ડ પ્રકરણમાં તેનું નામ ન ખુલે તે માટે ગાંધીનગરના આંટા ફેરા કરતો હોવાનું જાણવા મળે છે ત્યારે જિલ્લા કલેકટર પકડાયેલ જથ્થો કયાં લઈ જવાતો હતો તેની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરાવે તો અન્ય ચોંકાવનારી વિગતો ખુલે તેમ છે.

# વાવમાં વેરા ઉઘરાવી પલાયન થનાર તલાટી વિરૂધ્ધ તપાસ શરૂ

### ગાંધીધામ એ.સી.બી. ટીમના પુનઃ વાવમાં ધામા

(તા.પ્રતિ.) વાવ

વાવ ગ્રામ પંચાયતનો તલાટી સને ૨૦૧૫ ના વર્ષમાં લોકોએ વેરા પેટે આપેલા રૂા.૬.૨૨ લાખ પાવતી આપ્યા વગર લઈને પલાયન થઈ ગયો હતો. જેની તપાસ માટે ફરી ગાંધીધામ એ.સી.બી.ની ટીમે વાવમાં ધામા નાખ્યા છે. તેથી પુર પ્રકરણ ફરી ચર્ચાના ચગડોળે ચડયું છે.

જુલાઈ ૨૦૧૫ માં વાવ તાલુકામાં પૂર આવતા વાવ પંથકમાં ભારે અફડા તફડી મચી જવા પામી હતી. તે સમયે વાવ ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે સુરેશભાઈ સુથાર ફરજ બજાવતા હતા તે સમયે વાવ શહેરમાંથી લોકો એ સને ૨૦૧૫ માં તત્કાલીન તલાટી સુરેશભાઈ સુથાર વિરૂધ્ધ વાવ પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ અર્થે ગતરોજ તા.૨૬/૩/૧૭ ને રવિવારના રોજ ગાંધીધામ એ.સી.બી. પોલીસે તપાસ અર્થે વાવ ખાતે આવી લોકોના નિવેદનો લીધા હતા અને તપાસ શરૂ કરી હતી. જો કે, એ.સી.બી. પોલીસ તપાસ અર્થે વાવ ખાતે આવતા ફરી પાછા ભ્રષ્ટ અધિકારીઓમાં દોડધામ મચી જવા પામી છે. જો કે, હજુ પણ કેટલાય પૂરપીડીત કૌભાંડના કસૂરવાર કર્મચારીઓને જેલ પાછળ જવાનો સમય આવી ગયો છે. જેમાં ભડવેલ પશુ સહાય પ્રકરણના મહા કૌભાંડી પશુ ડૉકટર પણ નાસતા ફરતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

**સૂર્યોદય - ૬.૪૩ સૂર્યાસ્ત - ૬.૫૦**

## તિથિદર્શન

ફાગણ વદ-૧૪સોમવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ ફાગણ વદઃ ચૌદસ સોમવાર પંચક નક્ષત્રઃ પૂર્વભાદ્રપદ સાંજે ૩.૨૦ પછી ઉ. ભાદ્રપદ યોગઃ શુકલ કરણઃચતુષ્પાદ આજે જન્મેલા બાળકની કુંભ (ગ.શ.સ.ષ.)સવારે ૯.૩૮ પછી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

### યૌવનં જસ્યા ગ્રસ્તમારોગ્યં વ્યાધિભિર્હતમ્ જીવિતં મૃત્યુસ્ભ્યેતિ ભૃષ્ણૈકા નિરૂપદ્રવાઃ

'યૌવનને ઘડપણ (વૃદ્ધાવસ્થા) ગળી જાય છે, આરોગ્યને રોગો હણી નાખે છે, તેમજ આયુષ્ય ઉપર મૃત્યુ આક્રમણ કરે છે, એક જ મારી તૃષ્ણા- એવી છે કે જેને કોઈ ઉપદ્રવ નથી.' આપણા યૌવન પર અભિમાન હોય છે. આપણી શક્તિ- બુદ્ધિ અને તરવરાટ પર આપણે જાતે જ ન્યોછાવર હોઈએ છીએ. પોતાના નિર્ણયો જ સાચા બીજાંઓની સલાહ ખોટીની વિચાર-સમજ પર યૌવન પસાર થઈ જાય છે, એમાં નમ્રતા-વિવેક કચડાઈ જાય છે... અને આવા અભિમાનમાં યૌવનનાં વર્ષો વીતી જાય છે. ઘર સંસાર- બાળકોની સમસ્યાઓમાં સલવાઈ જવાય છે. યૌવનની મસ્તી- ખાવા- પીવાની અનિયમિતતા અને હું તો ગમે તે -ગમે તેવું ખાઉં તોય મને કાંઈ ન થાય'નું મિથ્યાભિમાન રોગોને આમંત્રણ પત્રિકા આપતી રહે છે. ચાલીસ- પિસ્તાળીસ વર્ષ પછી પસ્તાળ પડવાની શરૂ થાય છે અને દવાખાના- લેબોરેટરીઓ આપણાં 'મંદિર' થઈ જાય છે, નિયમિત દર્શનાર્થે જવું પડે છે. આમ, આયુષ્ય ક્ષણે ક્ષણે મૃત્યુના મુખ તરફ ડગલાં ભરતું રહે છે. આપણને એ વિકાસ- ઉન્નતિનો માર્ગ દેખાય છે, તે સીધું સીસીયુ સુધી લઈ જાય છે. આમ છતાં આપણી ઉપેક્ષાઓ- ઈચ્છાઓ- તૃષ્ણાઓ- વાંછનાઓ- માંગણીઓ તો જાણે આજે જ જન્મી હોય એવી તરવરાટ વાળી હોય છે અને કોઈ વાતનો ઉપદ્રવ- તકલીફ- ડર નથી, અમર ચિરંજીવ છે. મૃત્યુ પછી પણ ઘણા આત્મા તો 'માગ- માગ' કરે છે.

## વાવની ''શ્રેયસ નવજીવન' છાત્રાલયમાં તિથિભોજન અપાયું

તાલુકા પ્રતિનિધિ વાવ

ગત તા. ૨૩/૩/૧૭ ના રોજ વાવ ખાતે ચાલતી શ્રેયસ નવજીવન આશ્રમ શાળાના છાત્રોને તિથિભોજન અપાયું હતું. તિથિ ભોજનના યજમાન દાતા પરમાર પીરાભાઈ નગાભાઈ (અસારા વાસ, મુ.શિક્ષક બુકણા પ્રા.શાળા) તરફથી તેમના પિતા સ્વઃ-નગાભાઈ પ્રેમાભાઈ પરમારની ૧૧ મી પુણ્યતિથિ નિમિત્તે શ્રેયસ નવજીવન છાત્રાલયના છાત્રોને મીઠાઈ, પૂરી, દાળ, ભાત, શાકનું તિથિભોજન અપાયું હતું. જે પ્રસંગે યજમાન દાતા પીરાભાઈ ગૃહપતિ ડાયાભાઈ પરમાર તથા આશ્રમ શાળાના સ્ટાફમિત્રો અને છાત્રો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તિથિભોજનનું સફળ સંચાલન શ્રેયસ નવજીવન છાત્રાલય વાવ તરફથી કરાયું હતું.

## આજનો દિન મહાન

**- યશવંત કડીકર**

માત્ર યુરોપના જ નહીં,બલકે સમગ્ર વિશ્વના ભૌતિક વિજ્ઞાનીઓમાં આગલી હરોળના વૈજ્ઞાનિક અને ક્ષ- કિરણોના શોધક રોજ્જન વિલ્હેમની જન્મજયંતિ છે.

એમનો જન્મ તા.૨૭-૩-૧૮૪૫ના રોજ બેન્જામીન ર્‌હાઈનલેન્ડ (જર્મની)માં થયો હતો.

શૂન્યાવકાશવાળી નળીમાં ભારે દબાણવાળાં કિરણો વહેવડાવાના પ્રયોગો દરમિયાન બાજુમાં પડેલી બેરિયમ પ્લેટીનો-સાઈડની તકતી પર ચળકાટ ઉત્પન્ન થતાં તે અંગેનું સંશોધન કરીને રોન્જેને ક્ષ-કિરણોની મુલ્યવાન શોધ કરી અને તેમના નામ પરથી આ કિરણો 'રોન્જેન કિરણો ' તરીકે ઓળખાય છે. તેમની આ શોધને લીધે તેમને નોબેલ પારિતોષિક એનાયત થયું.

આ મહાન વિજ્ઞાનીનું તા.૧૦-૨-૧૯૨૩ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

આ સપ્તાહ દરમિયાન નોકરીયાત વર્ગ તથા વ્યાપારી વર્ગને અણધાર્યો લાભ થાય. પારિવારીક જીવનમાં કોઈ શુભ પ્રસંગનું આયોજન થાય. મોજ-શોખના કોઈ નવા સ્થળની મુલાકાત થાય. નાણાંકીય ખેંચ હોય તો તે દૂરથાય. જમીન-મકાન અંગેના પ્રશ્નોનો યોગ્ય ઉકેલ મળે. આ સપ્તાહ દરમિયાન કાર્યબોજમાં હળવાશનો અનુભવ કરી શકશો. જુગાર-શેર-સટ્ટાથી દૂર રહેવું હિતાહવ.

**વૃષભ**

આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. ગૃહજીવનની સમસ્યાનો સુખદ અંત આવતો જોવા મળે. મિત્ર-વર્તુળ દ્વારા તમને યોગ્ય માર્ગદર્શન મળી રહે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોથી આ સમય દરમિયાન દૂર રહેવું હિતાવહ. તેમજ ખાસકરીને જોવા જઈએ તો નવા કોઈ નાણાંકીય સાહસો કે રોકાણ હાલપૂરતા ટાળવા. લાંબા સમયથી પ્રયત્નશીલ રહ્યા હોવ તે યોજનામાં સપ્તાહના અંતે સફળતા મળે.

**મિથુન**

આર્થિક પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ થાય. આરોગ્ય અંગે ચિંતા દૂર થાય. વડીલવર્ગનો શુભ સહકાર પ્રાપ્ત કરી શકશો. કોઈપણ વસ્તુ જેવી કે જમીન, મકાન કે વાહનની લે-વેંચ હાલપૂરતી ટાળવી. ખાસ તો હિતશત્રુઓથી સાવચેત રહેવું ખૂબ જ જરૂરી છે. નવા આનંદદાયક સમાચાર પ્રાપ્ત થાય. સાસરાપક્ષ તરફથી લાભ મેળવી શકશો. મુસાફરી, પ્રવાસ, યાત્રા કરવા માટે સમય શુભ છે. વ્યવહારીક કાર્યોની પ્રતિકૂળતા દૂર થાય. રાજકીય ક્ષેત્રના વ્યક્તિને લાભ થવાના યોગ છે.

**કર્ક**

લાંબા સમયથી ચાલી આવતી અસ્થિરતા દૂર થાય. ભાઈ-બહેન દ્વારા આકસ્મીક લાભ મેળવી શકશો. પરિવારમાં સુમેળભર્યું વાતાવરણ સર્જાય. જો કે, નાણાંકીય બાબતોમાં તો હજુ પણ સાવચેત રહેવા જેવો સમય છે. સમાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠા વધારનારી કોઈ ઘટના બને, જેનો વધુલાભ ભવિષ્યમાં મળે. નોકરીયાત વર્ગે ઉપરી અધિકારી વર્ગથી સાવચેત રહેવું. સપ્તાહના અંત ભાગે નવિન શુભ સમાચાર મળે.

**સિંહ**

રોકાયેલા નાણાં છૂટા થાય તે માટે સમય સારો કહી શકાય. પારિવારીક જીવનમાં વધુ આનંદ અને ઉલ્લાસભર્યું વાતાવરણ રહે. આરોગ્ય અંગેની ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો કરનારી ઘટના બને. કોઈ નાનકડા ધાર્મિક કાર્યક્રમના આયોજનમાં ધન ખર્ચ થવા સંભવ છે. તે ઉપરાંત સામાજિક કે વ્યવહારીક કાર્યમાં પણ ધન ખર્ચ થાય. કોઈ ગુપ્ત ષડયંત્રનો ભોગ ન બની જવાય. તેની ખાસ તકેદારી રાખશો. વ્યવહારમાં ખાસ સંભાળવું.

**કન્યા**

કોઈના જામીનગીરીના કાર્યથી દૂર રહેવાની ખાસ તકેદારી સાથે તમારા કાર્યક્ષેત્રમાં ખૂબ જ સાનુકૂળતાસભર સમય રહે. જૂની ઓળખાણ કે જૂના સંબંધો અણધાર્યો લાભ આપી જાય. સરકારી કામકાજ સરળતાપૂર્વક પાર પડી જાય. નાણાંકીય રોકાણ હાલપૂરતું ટાળવું. કોઈપણ મહત્વનો નિર્ણય કરવાનો હોય તો ખૂબ જ વિચારીને પગલું ભરવું. પરિવારના સભ્યો સાથે વાણી ઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ભાગીદાર વર્ગ સાથે પણ મતભેદ ન સર્જાય તે જોજો.

**તુલા**

આરોગ્ય અંગે ચિંતા હોય તો તે દૂર થાય તેમજ નોકરી-ધંધા અંગેના પ્રયત્નોમાં ધારી સફળતા મેળવી શકશો. કોઈ અગત્યની મીટીંગ કે મિલન-મુલાકાત હોય તો તેમાં સફળતા મેળવી શકશો. પ્રિયજન સાથેના સંબંધોમાં લાગણીનો વધારો થાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો સુખદ ઉકેલ આવે. ખોટી જવાબદારીમાંથી મુક્ત થવા માટેના ઉજળા સંજોગો છે. તમારા આત્મવિશ્વાસમાં વધારો કરનારી મહત્વની ઘટના બને.

**વૃશ્ચિક**

ખોટો વહેમ કે અંધશ્રધ્ધાના ભોગ ન બની જવાય તે જોજો. સામાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે તેની તકેદારી રાખવી. સંતાનવર્ગ દ્વારા નવિન શુભ સમાચાર મળે. માનસિક આનંદમાં વધારો કરનારી એકાદ ઘટના બને. ખોટા વાદ-વિવાદથી દૂર રહી અને પોતાના કાર્યમાં વ્યસ્ત રહેવું. તમે ધારેલા કાર્યની સફળતા માટે હજુ પણ તમારે ધીરજ રાખવી પડશે તેમજ સાહસિક કાર્યો પણ આ સમય દરમિયાન ટાળવા હિતાવહ છે.

**ધન**

નવિન શુભ સમાચાર આપનારું તેમજ માનસિક આનંદ-ઉલ્લાસમાં વધારો કરનારું આ સપ્તાહ નાણાંકીય સમસ્યાનો ઉકેલ લાવનારું નીવડે. પારિવારીક સભ્યોની મદદથી અગત્યના કાર્યમાં પ્રગતિ થાય. આકસ્મીક પ્રવાસ-પર્યટનના યોગ છે તથા અગત્યના મિલન-મુલાકાત હોય તો તે સફળ બને. કાર્યક્ષેત્રમાં કોઈ સમસ્યા ઊભી ન થાય તેની તકેદારી રાખજો. માંગલિક કાર્યમાં સફળતા મળે. કોઈને કોઈ કાર્યમાં વ્યસ્ત રહેવાને કારણે થાક અને સુસ્તીનો અનુભવ થાય.

**મકર**

માનસિક ટેન્શનમાંથી હળવાશનો અનુભવ કરનારું આ સપ્તાહ પરોપકારના કાર્યોથી દૂર રહેવાનું સૂચવે છે અન્યથા ખોટી સમસ્યામાં ફસાવવાનો વખત આવે. વિદેશ સંબંધિત કાર્યોમાં ધારી સફળતા મળે. જીવનસાથી સંબંધિત કોઈ પ્રશ્ન હોય તો તેનો ઉકેલ આવે. નવી લાભની તક હાથમાં આવે. વડીલવર્ગ સાથે મતભેદ ન સર્જાય તેની કાળજી રાખવી. એકંદરે આ સપ્તાહ દરમિયાન તમને મિશ્રફળ મળતું હોય તેવો અનુભવ કરશો. વિદ્યાર્થી વર્ગે સાવચેત રહેવું.

**કુંભ**

લાંબા સમયથી ચાલી આવતા ટેન્શનમાંથી મુક્ત થઈ અને ખૂબ જ હળવાશ અનુભવી શકશો. વ્યાપાર-ધંધામાં એકંદરે રાહત આપનારો આ સમય પારિવારીક જીવનમાં કોઈ મહત્વની ઘટના પાર પાડનારો બને. નાણાંકીય વ્યવહારો ખૂબ જ સરળતાપૂર્વક પાર પાડી શકશો. બાકી રહેલા કાર્યોને પૂર્ણ કરી શકશો. શત્રુઓ સાથેના સંબંધો મિત્રતામાં પરિણમવાના સંજોગો છે. સંતાન સંબંધી કોઈ પ્રશ્ન હશે તો તેનો સુખદ ઉકેલ આવે. સમાજિક પ્રતિષ્ઠામાં વધારો કરનારી કોઈ ઘટના બને તો નવાઈ નહીં.

**મીન**

લાંબાગાળાના આયોજનો સફળ થાય. માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારી કોઈ મહત્વની ઘટના બને. જીવનસાથીનો શુભ સહકાર સાંપડે. આર્થિક સમસ્યાનું આકસ્મિક નિરાકરણ થાય. આરોગ્ય અંગેની ચિંતા હોય તો તે દૂર થાય. કોઈ એવી ઘટના બને જેથી ઈશ્વર પ્રત્યેની તમારી શ્રધ્ધામાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદથી કોઈ અગત્યનું કાર્ય પાર પાડી શકશો. જમીન-મકાન-વાહનને લગતા કાર્યમાં સફળતા મળે. ઉપરી અધિકારી કે વડીલવર્ગની મદદ મળે. મનની કોઈ ગુપ્ત ચિંતા હોય તો તે દૂર થાય.

# ડીસામાં એક માત્ર મહિલા ગાર્ડનની દુર્દશા



ડીસા

ડીસા ટીસીડી ફાર્મ નજીક એક માત્ર મહિલા ગાર્ડન આવેલું છે પરંતુ નગર પાલિકા દ્વારા સંચાલિત મહિલા ગાર્ડનની છેલ્લા કેટલાક સમયથી દુર્દશા જોવા મળી રહી છે.

તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૬૪ મા જન્મદિવસના ભાગરૂપે તત્કાલીન નગરપાલીકાના પ્રમુખ તેજલબેન પટેલ તથા ઉપપ્રમુખ નિલેશભાઈ ઠક્કરના વરદ્ હસ્તે આ મહિલા ગાર્ડનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું પરંતુ થોડા દિવસો એટલે નવું નવું નવ દિવસની કહાની બાદ મહિલા ગાર્ડનની બદતર હાલત જોવા મળી રહી છે. ગાર્ડનના દરવાજા પણ તુટી ગયેલ છે તેમજ વૃક્ષોના નામે કોઈ દેખાતું નથી. બાજુમાં નાનાં ભુલકાઓનું આંગણવાડી કેન્દ્ર ચાલે છે અને નાના ભુલકાંઓ રમત ગમતમાં તલ્લીન હોય છે જેથી કરીને આ ગાર્ડનમાં વૃક્ષોનો ઉછેર કરી ગાર્ડનનું સમારકામ થાય તેવું સ્થાનિક નાગરિકોની માંગ ઉઠી છે ત્યારે વર્તમાન પ્રમુખ એક માત્ર મહિલા ગાર્ડનની દુર્દશા તરફ નજર કરશે ખરા ?

# ઓઢવા ગામેથી નાકાબંધી કરી આર.આર.સેલે દારૂ ઝડપ્યો



ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા પોલીસની હદે ઓઢવા ગામે બાતમીના આધારે વોચ ગોઠવી નાકાબંધી કરીને ભુજ રેન્જના હેડ કોસ્ટેબલ યશવંતસિંહ વાઘેલાને રાજસ્થાન તરફથી આવતી મેક્સ ગાડી GJ 8AJ ૪૪૩૨ને રોકાવી દરમિયાન ચાલક પ્રકાશજી હરચંદજી ઠાકોર રહે ઈકબાલગઢ વાળા ને પકડી ને મેક્સ ગાડીમાં પાસ પરમીટ વગરનો વિદેશી દારૂ તેમજ બિયર કુલ નંગ ૧૨૦ કિંમત રૂપિયા ૨૬૪૦૦ તેમજ ૧૩૪૦ રૂપિયા રોકડા અને ગાડીની કિંમત રૂપિયા ૩ લાખ ૫૦ હજાર જે કુલ ૩.૭૭૭૪૦ નો મુદામાલ સાથે પકડી પડી આગળની તપાસ હાથ ધરી છે.

# સુપ્રીમ-હાઈકોર્ટના જજના પગારો ત્રણ ગણા થઇ જશે

નવી દિલ્હી

સરકાર સુપ્રીમ કોર્ટના એ પ્રસ્તાવને સ્વિકાર કરી ચુકી છે જેમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજના પગાર આશરે ત્રણ ગણા કરવાની વાત કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજના પગારને ત્રણગણા કરવાને મંજુરી મળ્યા બાદ આ ક્ષેત્ર સાથે જોડાયેલા જજના પગારમાં જંગી વધારો થશે. હાલમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ન્યાયિક ક્ષેત્રમાં સૌથી વધારે એક લાખ રૂપિયાનો પગાર મહિને મેળવે છે. આમા મોંઘવારી અને બીજા ભથ્થાનો સમાવેશ કરવામાં આવ્યો નથી. હવે સીજેઆઈનો પગાર વધીને ૨.૮ લાખ રૂપિયા પ્રતિ મહિને થઈ શકે છે. આ ઉપરાંત સત્તાવાર આવાસ, ગાડીઓ, સ્ટાફ અને બીજા ભથ્થા પણ મળશે. સરકાર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને સુપ્રીમ કોર્ટના જજના પગારને ૨.૫ લાખ રૂપિયા પ્રતિ મહીને કરી શકે છે. આમા ભથ્થાનો સમાવેશ કરાયો નથી. આવી જ રીતે જજના પગાર પણ કેબિનેટ સેક્રેટરી, સીએજી, મુખ્ય ચૂંટણી કમિશનર જેવા બંધારણીય અધિકારીઓ સુધી થઈ જશે. આવી જ રીતે હાઈકોર્ટના જજના પગાર પણ વધારીને ૨.૨૫ લાખ રૂપિયા પ્રતિ મહિને કરવામાં આવનાર છે. આમા ભથ્થાનો સમાવેશ કરાયો નથી. આવી જ રીતે હાઈકોર્ટના જજના પગાર કેન્દ્રના સેક્રેટરી લેવલના અધિકારીઓ સુધી થઈ જશે. તમામ પાસા ઉપર વિચારણા કરવામાં આવીચુકી છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજના પગારને ત્રણ ગણા કરવા સરકારે મંજુરી આપ્યા બાદ ટૂંક સમયમાં જ આને અમલી કરી દેવામાં આવશે. સરકારે પગાર વધારાની સુપ્રીમ કોર્ટની સમિતિની ભલામણોને સંપૂર્ણપણે સ્વિકારી નથી. ત્રણ જજની સમિતિએ ભથ્થા અને બીજી સુવિધાઓ ઉપરાંત સીજેઆઈના પગારને ત્રણ લાખ રૂપિયાથી વધારે કરવાની ભલામણ કરી હતી પરંતુ સરકારે સીજેઆઈનો પગાર ૨.૮ લાખ રૂપિયા પ્રતિ મહિને નક્કી કરી છે જે કેબિનેટ સેક્રેટરીના પગારથી થોડોક વધારે પગાર છે. જજની પેનલે સેવા નિવૃત્ત થયેલા જજના પેન્શનમાં પણ જંગી વધારો કરવાની ભલામણ કરી હતી. ત્રણ જજની સમિતિએ થોડાક મહિના પહેલા જ સરકારને પોતાની ભલામણ સોંપી દીધી હતી.

### દુશ્મનોને ધૂળ ચટાવી દેવા તૈયારી

# ભારત અતિઆધુનિક સ્ટીલ્થ યુદ્ધ વિમાન બનાવવા તૈયાર

નવીદિલ્હી

ભારત ઉડ્ડયન ક્ષેત્રમાં પણ હવે અમેરિકા અને ચીન જેવા દિગ્ગજ દેશોને જોરદાર ટક્કર આપવાની તૈયારીમાં છે. સૈન્ય તાકાતમાં સમગ્ર દુનિયાને પોતાની તાકાતનો પરિચય આપી ચુકેલા ભારત હવે પોતે સ્ટીલ્થ ફાઈટર બનાવવાની યોજના ઉપર કામ કરી રહ્યું છે. બીજી બાજુ અમેરિકામાં પણ ભારતની હવાઈ તાકાતને વધારવા માટે મદદ કરવા અવાજ ઉઠી રહ્યા છે. બે ટોપ સેનેટરે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રને ભારતને એફ-૧૬ યુદ્ધ વિમાન વેચવા માટે પત્ર લખ્યા છે. ભારતની સ્ટીલ્થ ફાઈટર જેટ વિમાન બનાવવાની યોજના હાલમાં પ્રસ્તાવના સ્તર ઉપર છે. એએમસીએ એક અતિઆધુનિક યુદ્ધ વિમાન રહેશે. તેમાં દુશ્મનોનો ખાતમો કરવા અને હવામાં તેમને પરાજિત કરવા માટે અનેક નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવનાર છે. આ અતિઆધુનિક વિમાન ભારતીય હવાઈ દળની તાકાતને અનેક ગણી વધારી દેશે. આ યુદ્ધ વિમાનની ડિઝાઈન મલ્ટીરોલ હેઠળ તૈયાર કરવામાં આવી છે. આને મિરાજ ૨૦૦૦ અને જગ-ુઆર ફાઈટર જેટની જગ્યાએ હવાઈ દળમાં સામેલ કરવાની યોજના છે. બીજી બાજુ ભારત અને રશિયા સંયુક્તરીતે પમી પેઢીના ફાઈટર વિમાન તૈયાર કરવા ઉપર ચર્ચા કરી રહ્યા છે. બંને દેશો વચ્ચે આ વિમાન બનાવવાના મુદ્દે વાતચીત ચાલી રહી છે. સ્ટીલ્થ ફાઈટર વિમાન સુપરસોનિક રફતારથી ઉડાણ ભરશે. આનું કુલ વજન ૨૫ ટનની આસપાસ રહેશે. આ વિમાન સતત બે કલાક સુધી ઉડાણ ભરી શકે છે. આ વિમાનમાં રડાર, ઈન્ફ્રારેડ સર્ચ અને ટ્રેક સિસ્ટમ રહેશે. આ ઉપરાંત સિચુએશનલ અવેરનસ સેન્સર્સ પણ રહેશે. આ વિમાનનું માળખુ ખુબ જ મજબૂત રાખવામાં આવ્યું છે. આ વિમાનને ખાસ પ્રકારની સામગ્રીથી બનાવવામાં આવાર છે. આમા રડારને ચકમો આપી શકે તેવા પેઈટ્સ રહેશે. વિમાનમાં શક્તિશાળી એન્જિન રહેશે જેને અપગ્રેડ પણ કરી શકાશે. સૌથી વધારે હથિયાર રાખી શકાય તે પ્રકારનું આ વિમાન રહેશે. આ વિમાનમાં ચાર મિસાઈલ અથવા તો બોંબ મુકી શકાય તેટલી ક્ષમતા રહેશે. બહારના હિસ્સામાં યુદ્ધ વિમાનના દરેક ડેન પર હથિયાર માટે ત્રણ પોઈન્ટ મુકવામાં આવ્યા છે. આ યુદ્ધ વિમાન પ્રથમ ઉડાણ ૨૦૩૦ સુધી ફરી શકે છે. બીજી બાજુ અમેરિકા તરફથી સેનેટરોએ ભારતને એફ-૧૬ યુદ્ધ વિમાન વેચવા માટે અપીલ કરી છે. વર્જિનિયાના સેનેટર માર્ક વોર્નર અને ટેક્સાસના સેનેટર જ્હોન કોર્નેને અમેરીકન સંરક્ષણ મંત્રી જેમ્સ મેટિસને પત્ર લખીને ભારતને એફ ૧૬ વિમાન વેચવાની માંગ કરી છે.

## પાલનપુરની પરિણીતાને છુટાછેડાના ખોટા દસ્તાવેજ પર સહિઓ કરાવી ઘરમાંથી કાઢી મુકી

પાલનપુર

પાલનપુર ખાતે સદરપુર ચોકડી સધી માતાના મંદિર પાસે રહેતી પરિણીતા કૈલાસબેન દિનેશભાઈ પરમાર (માળી) ઉ.વ.૩૬, ધંધો - ઘરકામ જેને પતિ દિનેશકુમાર મોહનલાલ પરમાર (માળી) છેલ્લા ચાર પાંચ વર્ષથી શારિરીક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

દરમ્યાન તા. ૨૫/૩/૧૭ના રોજ પતિ-પત્નિ વચ્ચે સમાધાન થયા મુજબ બાળકોના ભણતરની રકમ ન ચૂકવી પતિ અને અન્ય લોકોએ પત્નિની અજ્ઞાનતાનો લાભ તેણીની સાથે વિશ્વાસઘાત કરી અંધારામાં રાખી છુટાછેડાના કાગળો ઈદ્રીશ પઠાણ વકીલ પાસે કરાવી પત્નિની સહિઓ કરાવીને પતિ દિનેશકુમારે જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ઘરમાંથી ગડાપાટુનો માર મારી કાઢી મુકતાં પરિણીતા કૈલાસબેને પાલનપુરના મહિલા પોલીસ સ્ટેશને પતિ દિનેશકુમાર માળી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા મહિલા હે.કો જાગૃતિ બેન પ્રેમાભાઈએ નોંધ કરી પો.સ.ઈ. એન.એચ.મોરએ તપાસ ચલાવેલ છે.

## થરા શ્રી વિનય વિદ્યામંદિર ખાતે વિજ્ઞાન અભિયોગ્યતા કસોટી યોજાશે

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ, આંજણા કેળવણી મંડળ- થરા સંચાલિત શ્રી વિનય વિદ્યામંદિર- થરા ખાતે કાંકરેજ તાલુકાના થરા તથા આજુબાજુમાં ધો.૧૦ એસ.એસ.સી પરીક્ષા ગત શનિવારે આપી ચૂકેલા વિદ્યાર્થી ભાઈ- બહેનો ધો-૧૧માં કયા પ્રવાહ અને વિષયની પસંદગી કરવી તે માટે વિજ્ઞાન અભિયોગ્યતા કસોટીનું તા. ૩૦/૩/૨૦૧૭ ને ગુરુવારના સવારે ૧૧-૦૦ થી ૧-૦૦ વાગ્યા દરમ્યાન લેવાનું આયોજન કરેલ છે. આ કસોટી નિઃશુલ્ક રહેશે. જેનું રજીસ્ટ્રેશન શાળામાં ચાલુ છે.

કેળવણી મંડળના પ્રમુખ અણદાભાઈ પટેલ તથા ઈ. આચાર્ય એમ. ડી. પટેલે વિદ્યાર્થીઓના હિત માટે વાલીઓ જાગૃત બને અને આ કસોટીમાં ભાગ લેવડાવે. કસોટીનું પરિણામ તા. ૧/૪/૨૦૧૭ ના સવારે ૯:૦૦ વાગે શાળા ખાતે જ જાહેર કરવામાં આવશે.

## દેશમાં બેથી વધુ બાળક પેદા કરનારાના હકો નાબૂદ કરો

અમદાવાદ

જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આજે યોજવામાં આવેલા વિરાટ હિંદુ સંમેલનમાં વિહહિપના તોગડિયાએ કેન્દ્ર સરકારને આડેહાથ લેતા કહ્યું કે.સરકાર કાયદો પસાર કરે અને આ દેશમાં જે બે બાળકોથી વધુ બાળકો પેદા કરે એમના મતાધિકાર સુધીના હક્કો રદ કરવા પણ કહ્યું હતું.આ સાથે જ બાંગ્લાદેશ અને મ્યાંમારમાં ૩ કરોડ જેટલા મુસ્લિમો ઘુસણખોરી કરીને સ્થાયી થઈ ગયા હોય તેમને દેશમાંથી હાંકી કાઢવા કેન્દ્ર સરકારને સીધી ટકોર કરી હતી.આજે સંમેલનમાં અન્યોની સાથે ડો.તોગડિયાને સાંભળવા માટે ખાસ પહોંચેલા કાર્યકરો એ સમયે ખુશખુશાલ બની ગયા.જે સમયે મંચ પરથી ડો.તોગડિયાએ કેન્દ્ર સરકારને બાંગ્લાદેશ અને મ્યાંમારથી દેશમાં ઘુસણખોરી કરી સ્થાયી થયેલાઓને હાંકી કાઢવા કહ્યું.કટાક્ષ કરતા તેમણે એમ પણ કહ્યું કે,આપણા લોકોને આધારકાર્ડ મળતા નથી.જ્યારે ઘુસણખોરી કરીને આવેલા લોકો પાસે તો આધારકાર્ડ પણ છે.તેમણે અમેરીકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અભિનંદન આપતા કહ્યું કે,તેમણે પ્રમુખપદની ચૂંટણી જીતવા અગાઉ આપેલા વચનોનું પાલન શરૂ કર્યુ છે.તેમણે કેન્દ્ર સરકારને પણ ટ્રમ્પની જેમ વચનનોનું પાલન કરવા તરફ કામ કરવાની ટકોર કરી હતી.

*"આત્માના જ્ઞાન થકી જ કલ્યાણ થઈ શકે"*

## શ્રી આઈ એ મોદી અને શ્રીમતી શીલાબેન મોદીની પુણ્યસ્મૃતિમાં યોજાયેલા અષ્ટાવક્ર ગીતા ચિંતન સત્રમાં શ્રોતાઓ રસતરબોળ થયા



અમદાવાદ

મનુષ્ય ભૌતિક સુખની લાલચમાં જ્યાં-ત્યાં ભટકે છે પરંતુ સાચુ સુખ તો તેને આત્માના જ્ઞાન થકી જ મળી શકે છે. આત્મા એ શરીરથી અલગ છે. તમારું દુઃખ એ આત્માનું દુઃખ નથી. આત્મા તો સુખ અને દુઃખથી અલિપ્ત છે માટે સાક્ષીભાવ જો કેળવો તો સંસારના દુઃખોથી મુક્તિ મળી શકે છે એમ હેલ્મેટ સર્કલ પાસે આવેલા ગુજરાત યુનિવર્સિટી કન્વેશન સેન્ટર હોલ ખાતે યોજાયેલા અષ્ટાવક્ર ગીતા ચિંતન સત્રના પ્રથમ દિવસે પૂજ્યશ્રી સ્વામી તદ્રુપાનંદજીએ જણાવ્યું હતું.

અષ્ટાવક્ર ગીતા એ જીવન અને તેના વિવિધ પાસાંના તત્વજ્ઞાનનું નિરૂપણ કરતા સૌથી જાણીતા પવિત્ર ગ્રંથો પૈકીની એક છે. અષ્ટાવક્ર ગીતા એ ઋષિ અષ્ટાવક્ર તથા રાજા જનકની વચ્ચે થયેલો સંવાદ છે, જેમાં રાજા જનક જીવનની વિવિધ જટિલતાઓ અને ગૂંચવણ વિશેના સવાલો પૂછે છે અને ઋષિ અષ્ટાવક્ર તેના અંતે મુક્તિ તરફ દોરી જાય એવા સુયોગ્ય ઉકેલ દર્શાવે છે.

અષ્ટાવક્ર ગીતા ચિંતન સત્રના પ્રથમ દિવસે શ્રોતાઓ મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા. ખીચોખીચ ભરેલા હોલમાં સ્વામી તદ્રુપાનંદજીએ અષ્ટાવક્ર ગીતાના પ્રથમ અધ્યાયના ૧૧ શ્લોક સુધીના પ્રવચનનો સાર આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે રાજા જનક મુનિ અષ્ટાવક્ર સમક્ષ પ્રશ્નોની વણઝાર ચલાવે છે. તેઓ પૂછે છે કે જ્ઞાન, વૈરાગ્ય અને મુક્તિ કેવી રીતે મળે. સ્વામીજીએ જણાવ્યું હતું કે રાજા જનકે ઉઠાવેલા પ્રશ્નો સામાન્ય માણસના પ્રશ્નો છે, પાયાના પ્રશ્નો છે, સમાજની વચ્ચેથી ઉઠેલા પ્રશ્નો છે. પ્રશ્નો પૂછવા એ આપણી પરંપરા છે અને પ્રશ્ન પૂછ્યા વિના જ્ઞાન થાય જ નહીં. જે દેહાભિમાનથી પીડાય છે તેને જ કર્મ કરવાની ઈચ્છા થાય છે. કોઈ પણ કર્મથી જો મુક્તિ મળતી હોય તો તે સાશ્વત મુક્તિ નથી. કર્મ અંતવાન છે, અંતવાન કર્મથી અનંતવાન ફળ કદી મળી શકે નહીં. કોઈ પણ કર્મ સમયમાં જ શરૂ થાય, સમયમાં પૂરું થાય તેનું ફળ પણ નાશવાન જ હોય.

અષ્ટાવક્ર ગીતાના મહત્વની સુસંગતતા અનુભવીને કેડિલા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા અષ્ટાવક્ર ગીતા ચિંતન સત્રનું આયોજન કરવામાં આવ્યું છે જે ૩૧ માર્ચ, ૨૦૧૭ સુધી ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર હોલ, ૧૩૨ ફૂટ રિંગ રોડ, હેલ્મેટ ચાર રસ્તા પાસે સાંજે ૬-૧૫થી ૭-૩૦ દરમિયાન યોજાશે.

કેડિલા ફાર્માસ્યુટિકલ્સના સ્થાપક શ્રી આઇ. એ. મોદી એક સાચા કર્મયોગી હતા અને અષ્ટવક્ર ગીતાના તત્વજ્ઞાનના એક અદના અનુયાયી હતાં. તેમના જીવનકાળ દરમિયાન અષ્ટાવક્ર ગીતાના પ્રવચનો આયોજિત કરીને લોકોમાં આ તત્વજ્ઞાનનો ફેલાવો કરવાનો સંનિષ્ઠપણે પ્રયાસ કર્યો હતો. તેમનું દઢપણે માનવું હતું કે વેદ, પુરાણની સુક્ષ્મ સમજણ અને આ પ્રકારનું પરંપરાગત જ્ઞાન માનવ જીવનને સમૃદ્ધ બનાવે છે અને આપણે વિશાળ સમુદાયના લાભાર્થે આ પ્રકારના આધ્યાત્મિક આયોજનો દ્વારા આ જ્ઞાનનો પ્રસાર કરવાનો પ્રયાસ કરવો જાઈએ. શ્રીમતી શીલાબેન એક કુશળ માતા અને આદર્શ ગૃહિણી હતા. ૧૯૫૦ના પ્રારંભે કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડની તેમણે સાથે મળીને રચના કરીને ભારતના અગ્રણી સંસ્થાનો પૈકીના એક સંસ્થાનની સ્થાપના કરી હતી. કંપનીના પ્રથમ કર્મચારી તરીકે તેઓ સંસ્થાના ચાલકબળ અને પ્રેરણામૂર્તિ બની રહ્યા હતા અને હંમેશા શ્રી મોદીના પડખે રહ્યા હતા.

# ડીસામાં પૂજ્ય ઝુલેલાલનો જન્મ મહોત્સવ ઉજવાશે


વિનોદ બાંડીવાલા

ડીસા

ડીસા શહેરમાં ''સિન્ધી સમાજ'' નું નવું વર્ષ એટલે ઈષ્ટ દેવતા ભગવાન પૂજ્ય ઝુલેલાલનો જન્મ દિવસ ''ચેટીચંડ'' ચૈત્ર સુદ બીજના શુભ દિવસે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ડીસાના લાલચાલી વિસ્તારમાં આવેલ ઝુલેલાલના મંદિરે તા. ૨૯/૩/૧૭ ને બુધવારના રોજ જન્મદિન મહોત્સવનું આયોજન કરાયું છે.

ચૈત્ર સુદ-૨ ને તા. ૨૯/૩/૧૭ બુધવારના રોજ ઝુલેલાલના મંદિરે સવારે ૮-૩૦ વાગે હવનની શરૂઆત થશે અને બપોરે ૧૨ વાગે પૂર્ણાહુતિ કરી બહેરાણાં સાહેબજી આહુતિ (અખા) આપવામાં આવશે. બપોરે ૧૨ થી ૨-૩૦ વાગ્યા સુધી મૌઢ સમાજની વાડી તેરમીનાળા ખાતે ભોજન - પ્રસાદ (ભંડારો) નું આયોજન કરવામાં આવેલ છે. ત્યારબાદ બપોરના ૩ વાગે ''ચેટીચંડ'' મહોત્સવ નિમિત્તે ઝુલેલાલ મંદિર તેરમીનાળા ખાતેથી પૂજ્ય ઝુલેલાલ, વરૂણદેવ, ઉડેરોલાલ, જીંદપીર, જયોતિનવારો, લાલસાંઈજીની વિશાળ સવારી સાથે ડીસા શહેરના મુખ્ય માર્ગો પર ફરી સાંજે શ્રી જલારામ મંદિર ખાતે પહોંચશે.

આ ધાર્મિક શુભ પ્રસંગે સર્વે સિન્ધી સમાજ તેમજ શ્રી ઝુલેલાલ સાંઈમાં આસ્થા ધરાવતા સર્વે ધર્મપ્રમી જનતાને દર્શન તેમજ ભોજન પ્રસાદનો લાભ લેવા શ્રી સિન્ધી સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા અનુરોધ કર્યો છે.

# ભરતસિંહ વાઘેલા પ્રાંતિજ વિધાનસભામાં નિરીક્ષક

તાલુકા પ્રતિનિધિ દીઓદર



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીએ દીઓદર તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા અને યુવા અગ્રણી ભરતસિંહ એમ.વાઘેલા (ફોરણા)ની ૩૩,પ્રાંતીજ વિધાનસભાના નિરીક્ષક તરીકે નિમણુંક કરેલ છે.તેઓ આગામી વિધાનસભાની ચુંટણી સુધી પ્રાંતીજ વિધાનસભા ક્ષેત્રનું સંકલન કરી સમિતિને રીપોર્ટ આપશે.

દીઓદર વિધાનસભા ક્ષેત્રમાં કોંગ્રેસ પક્ષના પ્રબળ દાવેદાર ભરતસિંહ વાઘેલા સંગઠન ક્ષેત્રે આગવી કામગીરી સંભાળે છે.તેઓ યુવા સંગઠનમાં જિલ્લા પ્રમુખ,પ્રદેશ ઉપપ્રમુખ સહિત સંગઠનમાં વ્યાપક લગાવ ધરાવે છે.સાથે સાથે સહકારી ક્ષેત્રે જમીન વિકાસ બેંકના જિલ્લા પ્રતિનીધી,માર્કેટ સમિતિના ડીરેક્ટર તરીકે સેવાઓ આપી રહ્યા છે.ભરતસિંહ વાઘેલાએ કોંગ્રેસના પ્રમુખ પદે સેવાઓ આપી જે તે સમયે સંગઠનને પ્રાણ ફુંકેલ.

# મલાણાની સીમમાં વિદેશી દારૂ ભરેલી જીપ ઝડપાઈ

## જીપમાં ગુપ્ત ખાનુ બનાવી દારૂ છુપાવનાર બેની ધરપકડ


સંજય જોષી

પાલનપુર

પાલનપુર તાલુકા પોલીસે પાલનપુર- આબુરોડ હાઈવે ઉપર આવેલ મલાણા ગામની સીમમાં વિદેશી દારૂ ભરેલી કમાન્ડર જીપ સાથે બે ઈસમોની અટકાયત કરી હતી. જીપમાં ગુપ્ત ખાનુ બનાવી વિદેશી દારૂની ૨૩૨ બોટલ છુપાવેલી હતી.

જિલ્લા પોલીસ વડા નીરજકુમાર બડગુજરે દારૂની હેરાફેરી અટકાવવા સૂચના આપેલ છે. જે સંદર્ભે પાલનપુર તાલુકા પી.એસ.આઈ. સ્ટાફના સુરેશભાઈ ખુશાલભાઈ, વિનોદભાઈ ઓખાભાઈ, ભરતભાઈ લક્ષ્મણભાઈ, ગોવિંદભાઈ કેશરભાઈ વગેરે દારૂબંધી અંગે પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન મળેલી બાતમીના આધારે પાલનપુર- આબુરોડ હાઈવે ઉપર આવેલ મલાણા ગામની સૂરજ હોટલ પાસે નાકાબંધી ગોઠવી હતી. જે દરમ્યાન પુરઝડપે આવતી કમાન્ડર જીપ (નં.જી.જે.૧૭ સી ૫૧૩૦)

અનુસંધાન પાના નં.૬

### પાલનપુરમાં મહિલા બુટલેગરના ઘરમાંથી દેશી દારૂ પકડાયો

પાલનપુર પૂર્વ પોલીસે બાતમી આધારે જનતાનગર બોર પાસે રહેતી શરીફાબેન ગુલાબખાન નાગોરીના ઘરે આકસ્મિક દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસને જોઈ ભાગેલા જગદીશભાઈ મૂળજીભાઈ મકવાણાને દેશી દારૂની ૪ થેલી ઝડપી પાડી પૂછપરછ કરી હતી. જેમાં તેણે દારૂ શરીફાબેન નાગોરીના ઘરેથી સીરાજખાન મજીદખાન પઠાણે આપ્યો હોવાની કબુલાત કરી હતી. જેથી પોલીસે શરીફાબેન નાગોરીના ઘરે તપાસ કરતા બાથરૂમ પાસેથી દેશી દારૂ ભરેલું કટ્ટુ (૮૦ થેલી) મળી આવ્યું હતું. જેથી પોલીસે ત્રણેય વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વડગામ ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ યોજાઈ


પુષ્કર ગોસ્વામી

પ્રતિનિધિ વડગામ

તાલુકા વિકાસ અધિકારી ઉષાબેન જોષીની અધ્યક્ષતામાં ગત ગુરૂવારે તા.પં. સભાખંડમાં જિલ્લા ડિઝાસ્ટમેનેજમેન્ટ દ્વારા તલાટીકમ-મંત્રીઓ, તાલુકા પંચાયત સ્ટાફ ને તાલીમ આપવામાં આવી હતી આગ- અકસ્માત ભૂંકપ-ઝેરી જિવજંતુ કરડે ત્યારે અને હાર્ટએટક આવે ત્યારે પ્રાથમિક ઉપચારો દ્વારા કઈ રીતે સાવચેતી લેવી તેની વિશિષ્ટ તાલિમ આપવામાં આવી હતી. અ.મ.ઈ ગોવિંદભાઈ આર. ચૌધરી દ્વારા તાલિમ શિબિરનું સફળ સંચાલન કરવામાં આવ્યુ હતું. નિવૃત્ત હોમગાર્ડ ઓફીસર કરશનભાઈ પ્રજાપતિએ તાલીમ આપી હતી.

# દોલતસિંહજી સાર્વજનિક પુસ્તકાલયને પુસ્તકોની ભેટ

ડીસા

સમાજમાં દરેક વ્યકિતઓની વિશેષતા અને દરેક વ્યકિતઓના શોખ અલગ અલગ જોવા મળે છે. જેમાંના એક અમૃતલાલ પંચાલ અને એ.ડી. કાકા પંચાલના નામથી ઓળખાતા અને જુના જમાનાના એ.સી.ડબલ્યુ હાઈસ્કૂલ (સર ચાર્લ્સ વોટસન) હાઈસ્કૂલના સાયન્સ (વિજ્ઞાન) ના શિક્ષક અને ભૂતપૂર્વ પ્રિન્સીપાલ એવા આદર્શ શિક્ષકના પુત્ર પીએચએફ રોટેરિયન મહેન્દ્રભાઈ પંચાલ જેઓ વર્ષોથી ઘરે ઈલેકટ્રીશીયનનો વ્યવસાય અને સાથે સાથે જુના જમાનાની નોવેલો, કાવ્યો, ગઝલ, નાટકો, પુસ્તકો વાંચવાના શોખીન એવા મહેન્દ્રભાઈ પંચાલે થરાદ તાલુકાના દોલતસિંહજી સાર્વજનિક પુસ્તકાલયને તેમના હસ્તાક્ષરની (ઓટોગ્રાફ) કૃતિઓ, નોવેલો થઈ ૧૪૦ જેટલા પુસ્તકો પુસ્તકાલયને ભેટમાં આપેલ છે. જે અંગે ગ્રંથપાલે આભારની લાગણી વ્યકત કરી હતી. આમ પુસ્તકાલયને પુસ્તકો આપવા બદલ ડીસાના ચંદુભાઈ ચિત્ર શિક્ષક, હિતેશભાઈ જોષી (ચિત્રકાર), જગદીશ વાઘેલા (ચિત્રકાર) તથા નાથાભાઈ બ્રહ્મક્ષત્રિય (ચિત્રકાર) એ આભારની લાગણી વ્યકત કરી હતી.

# પાલનપુરમાં મહિલાનો આપઘાતનો પ્રયાસ

પાલનપુર

પાલનપુરમાં આવેલ માન સરોવરની રેલ્વે લાઈન ઉપર ગીતા જોષી નામની મહિલાએ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સ્થાનિક લોકોના ટોળેટોળા ઉમટી પડી તેણીને બચાવી લીધી હતી. જો કે, તેણીએ સાધ્વી જયશ્રીગીરી સહિત પાંચ વિરૂધ્ધ ધાકધમકી અને દસ્તાવેજો પડાવી લીધાની ફરિયાદ નોંધાવી હતી. પરંતુ તેની તપાસ ન થતા કંટાળીને તેણીએ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું લોકોએ અનુમાન વ્યકત કર્યુ હતું.

# આજે આંતરરાષ્ટ્રીય રંગભૂમિ દિવસ ! અગાઉ રંગભૂમિના કલાકારો દ્વારા જ મનોરંજન પીરસવામાં આવતું

## ટીવી અને મોબાઈલના યુગમાં રંગભૂમિના કલાકારોની કલા લુપ્ત થવાના આરે


(નરસિંહ દેસાઈ)

(પ્રતિ.) વડાવળ

ભાગ્યે જ લોકોને ખબર હશે કે આજે ૨૭ મી માર્ચ આંતરરાષ્ટ્રીય રંગભૂમિ દિવસ તરીકે મનાવવામાં આવે છે. વિશ્વ રંગભૂમિ દિવસ વિશ્વ કક્ષાએ ૧૯૬૧ થી ૨૭ મી માર્ચના રોજથી સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવી રહ્યો છે.

વર્ષો પહેલા મનોરંજન માટે એકમાત્ર રંગભૂમિ જોવા મળતી હતી. રંગભૂમિના કલાકારો શહેરો ગામડાઓમાં જઈ ભવાઈ નાટકો વગેરે દ્વારા મનોરંજન સાથે જ્ઞાન પીરસવાનું કામ કરતા હતા. ગામડામાં રંગભૂમિના કલાકારો આવતા જ આખા ગામમાં અનેરો માહોલ જોવા મળતો હતો. આખા ગામના લોકો એક જગ્યાએ એકઠા થઈ જતા હતા અને ગામમાં અનેરો ઉત્સવ જોવા મળતો અને રંગભૂમિના કલાકારો ધાર્મિક રીતરિવાજો અને સામાજીક રીત રિવાજોના વિષયો પર નાટકો - ભવાઈ રજુ કરી મનોરંજન પીરસતા હતા. આજે પણ ઘણી જગ્યાએ રંગભૂમિના કલાકારો આ કલાને જીવંત રાખવા ઝઝુમી રહ્યા છે પરંતુ આજના ટીવી અને મોબાઈલના યુગમાં રંગભૂમિના કલાકારોની કદર રહી નથી. સરકારો દ્વારા પણ આવા કલાકારોને પ્રોત્સાહિત કરવાનું બંધ કરવામાં આવતા કલાકારો પણ આવી કલાને છોડી અન્ય વ્યવસાય તરફ વળ્યા છે. ત્યારે હવે કહી શકાય કે ટીવી અને મોબાઈલના યુગમાં રંગભૂમિની કલા લુપ્ત થવાના આરે પહોંચી છે. જેથી સરકાર પણ આજના રંગભૂમિના દિવસે આવી કલાને જીવંત રાખવા માટે જરૂરી પ્રોત્સાહન પુરૂં પાડે તે સમયનો તકાજો છે.

# ધાનેરાની ધ નેશનલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં વાર્ષિક મહોત્સવ યોજાયો

તા.પ્રતિનિધિ ધાનેરા

શિક્ષણ જગતમાં શિક્ષણસત્રના છેલ્લા મહીનામાં વિવિધ શાળાઓ દ્વારા વર્ષના અંતે વાર્ષિક મહોત્સવના કાર્યક્રમો યોજાવાના દ્વારે ચાલુ છે ત્યારે ધાનેરામાં આવેલી ધ નેશનલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં વાર્ષિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજય પુર્વ મંત્રી પરબતભાઈ પટેલ, ધાનેરા ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ, હરજીવનભાઈ પટેલ, બ.કાં. ભાજપ ઉપપ્રમુખ વસંતલાલ પુરોહીત વગેરે ઉપસ્થિત રહ્યા હતા. બાળકો દ્વારા વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા અને છેલ્લે શાળાના એમ.ડી. નરપતસિંહ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## ૪૭૦૦૦ શિક્ષકો રોકવામાં આવ્યા છે

# બોર્ડના પરીક્ષાના પેપરની તપાસ આજથી શરૂ કરાશે

અમદાવાદ

ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાના પેપરોની ચકાસણી પ્રક્રિયા હવે હાથ ધરવામાં આવનાર છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજ્ય બોર્ડની પરીક્ષાના પેપરોની ચકાસણીની પ્રક્રિયા આવતીકાલથી શરૂ થશે. આશરે ૪૭૦૦૦ શિક્ષકો પેપર ચકસણીની કામગીરી હાથ ધરનાર છે. ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા પહેલાથી જ પૂર્ણ થઈ ચુકી છે જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષા ૩૦મી માર્ચના દિવસે પુરી થશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા પેપરોની ચકાસણી માટે ૪૭૦૦૦ શિક્ષકોને રોકવામાં આવ્યા છે. સમયસર પરિણામ તૈયાર થઈ શકે અને પેપર યોગ્યરીતે ચકાસી શકાય તે માટે આયોજન કરવામાં આવ્યું છે. બોર્ડે આ સંદર્ભમાં જરૂરી આદેશો જારી કરી દેવામાં આવ્યા છે. ૧૭૦૦૦શિક્ષકો પહેલાથી જ ગોઠવી દેવામાં આવ્યા છે. બાકીના શિક્ષકો ૧૨૭ સેન્ટરો ઉપર મોકલવામાં આવનાર છે. વધુમાં ૨૨૦૦૦ શિક્ષકોને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને આઠ હજાર જેટલા શિક્ષકોને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પેપરો ચકાસવાની કામગીરી સોંપવામાં આવી છે. સુત્રનું કહેવું કહેવું છે. ઓએમઆર આન્સર સીટ માટે ચકાસણીની પ્રક્રિયા પહેલાથી જ શરૂ થઈ ચુકી છે. પરીક્ષા મોડેથી શરૂ થઈ હતી પરંતુ બોર્ડના અધિકારીઓ પરિણામ સમયસર જાહેર કરવામાં આવે તેમ ઈચ્છે છે. આ વખતે બો- ર્ડમાં પહેલાથી જ શિક્ષકો નોંધાઈ ગયા છે. બોર્ડે તમામ શિક્ષકોના ડેટાબેઝ તૈયાર કરી લીધા છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બો- ર્ડ પરીક્ષામાં કુલ ૧૭૫૯૨૨૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા ચુક્યા છે. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજવા માટે તમામ તૈયારીઓ પહેલાથી જ કરી લેવામાં આવી હતી. તમામ સેન્ટરોને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા હતા.આ વર્ષે ધોરણ-૧૦મા કુલ ૧૧,૦૨,૬૨૫ વિદ્યાર્થીઓ, ધોરણ.૧૨માં સામાન્ય પ્રવાહમાં કુલ ૫,૧૪,૯૬૫ વિદ્યાર્થીઓ તથા ધોરણ.૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૧,૪૧,૫૦૩ વિદ્યાર્થીઓ તથા સેમેસ્ટર-૨ વિજ્ઞાનપ્રવાહના ૧૩૨ વિદ્યાર્થીઓ એમ કુલ ૧૭,૫૯,૨૨૫ વિદ્યાર્થીઓ હતા. રાજયભરના કુલ ૧૫૦૭ પરીક્ષા કેન્દ્રો અને ૬૦,૨૨૯ જેટલા બ્લોક ઉપર ૧૦૦ ટકા સીસીટીવી કેમેરા ટેબલેટસના કવરેજ સાથે પરીક્ષા લેવામાં આવી છે.

# કંબોઈ ચાર રસ્તા ખાતે પાણીની પરબડીનું વિતરણ


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

તા. ૨૫/૩/૧૭ ના રોજ કંબોઈ ચાર રસ્તા પર અંજલી મેડીકલ ખાતે શ્રી મારૂતિ નંદન પક્ષી સેવા ગૃપ પાટણ દ્વારા અંદાજીત ૧૦૦ ઉપરાંત પરબડી અને પક્ષી ઘરનું વિતરણ સંજય જોષી, ગોવિંદભાઈ, વિપુલભાઈ ડો. રાવળ દ્વારા કરવામા આવ્યુ હતું.

અંજલી મેડીકલ કંબોઈના દિનેશ જોષી, અગ્રણી આગેવાન, વિનુભા દેવુસિંહ સોલંકી, મંત્રી રાજપૂત જાગીરદાર કાંકરેજ તાલુકો વિક્રમસિંહ સોલંકી વિનુભા કેસુભાઈ વાઘેલા, રામન્ના સોલંકી, રાજેન્દ્રસિંહ એસ. સોલંકી ઉપસ્થિત રહી. કંબોઈ ચાર રસ્તાનો દરેક દુકાનદાર વેપારીઓ હાજર રહી પરબડીનું વિતરણ કરેલ આ પ્રસંગે વિનુભા સોલંકીએ જણાવ્યુંકે આવનાર ઉનાળાની ગરમીમાં પક્ષીઓને પાણીની ખુબ જ તકલીફ પડે છે, ત્યારે ગરમીમાં પાણી વિના પક્ષીઓ મરણને સરણે થાય છે. આપણા વિસ્તારમાંથી ચકલી પણ લુપ્ત થઈ રહી છે તેથી દરેક નાગરીકે પાણીની પરબડી તેના ઘરે કે દુકાને કે જાહેર જયાએ લગાવી પક્ષી બચાવવાની અપીલ કરી હતી.

# કાર, બાઈક અને હેલ્થ વિમા વધુ મોંઘા બનશે

નવીદિલ્હી

કાર, મોટરસાયકલ, હેલ્થ ઈન્સ્યોરન્સ પહેલી એપ્રિલથી વધારે ખર્ચાળ પુરવાર થશે. કારણ કે ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઈરડા) દ્વારા એજન્ટો માટે કમિશનમાં સુધારા માટે ઈન્સ્યોરને આગળ વધવા માટે મંજુરી આપી દીધી છે. પ્રિમિયમમાં ફેરફાર કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. સુધારા પ્રવર્તમાન રેટના પાંચ ટકા પ્લસ-માઈનસની હદમાં રહેશે. આ વધારો થર્ડ પાર્ટી મોટર ઈન્સ્યોરન્સ રેટમાં વધારા સિવાયના રહેશે. તેમાં પણ એપ્રિલથી વધારો કરવામાં આવી રહ્યો છે. થર્ડ પાર્ટી મોટર ઈન્સ્યોરન્સ રેટમાં પણ વધારો થઈ રહ્યો છે જેથી આ બાબત પણ વધારે ખર્ચાળ પુરવાર થઈ રહી છે. પહેલી એપ્રિલ ૨૦૧૭થી ઈરડાઈ અમલી કરવામાં આવનાર છે. રેગ્યુલેટરનું કહેવું છે કે, આ રેગ્યુલેશનમાં કમિશન, રેટમાં ચોક્કસ સુધારા લાવવામાં આવશે. ઈનામી વ્યવસ્થા રજૂ કરવામાં આવી રહી છે. આ સંદર્ભમાં વધુ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે પરંતુ કાર, મોટર સાઈકલ અને હેલ્થ ઈન્સ્યોરન્સની બાબત તમામ માટે વધારે ખર્ચાળ પુરવાર થશે. મોંઘવારીની સ્થિતિમાં લોકો માટે આ બાબત હવે વધારે ભારે પડી શકે છે.

## કોંગ્રેસ પાર્ટીને સૌથી વધારે બેઠક મળવાનો દાવો

# ગુજરાતમાં કોંગ્રેસ ૧૨૫ બેઠક જીતશે : ભરતસિંહ

## વડોદરા ખાતે કોંગ્રેસનું સંમેલન યોજાયું : ભરતસિંહ અને સિદ્ધાર્થ પટેલ સહિતના તમામ ટોચના અગ્રણી ઉપસ્થિત

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસ પાર્ટીએ પણ આક્રમક તૈયારીઓ હાથ ધરી છે જેના ભાગરુપે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સંપૂર્ણપણે સક્રિય થઈ ચુક્યા છે. આજે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભાજપ સરકાર તમામ મોરચે નિષ્ફળ ગઈ છે. તેમણે દાવો કર્યો હતો કે, કોંગ્રેસ પાર્ટી આ વખતે સૌથી વધારે બેઠક જીતીને ગુજરાતમાં સરકાર બનાવશે. ૧૨૫ બેઠકો કોંગ્રેસ મેળવશે તેવો દાવો કર્યો હતો. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડધમ વાગી રહ્યા છે ત્યારે શહેરમાં આજે કોંગ્રેસનું ઓબીસી સંમેલન યોજાયું હતું. જેમાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી અને સિદ્ધાર્થ પટેલ સહિતના કોંગ્રેસ અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભરતસિંહ સોલંકીએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ ૧૨૫ બેઠકો મેળવીને સરકાર બનાવશે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ગુ- જરાતમાં ભાજપ બધવાઈ રહ્યું છે. પરંતુ કોંગ્રેસ પક્ષે આ વખતે સૌથી વધારે બેઠકો મેળવીને ગુજરાતમાં સરકાર બનાવશે. તેઓએ કોંગ્રેસ ૧૨૫ બેઠકો મેળવશે તેવો પણ વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ગત વિધાનસભાની ચૂંટણીમાં ૨૦ હજારથી વધારે મતોથી હારી ગયેલા કોંગ્રેસના ઉમેદવારોને ટિકિટ નહીં આપવામા આવે. આ ઉપરાંત જેઓએ બુથ લેવલની કામગીરી નહીં કરી હોય તેઓને પણ ટિકિટ મળે. વડોદરા શહેરની દુમાડ ચોકડી પાસે આયોજીત કોંગ્રેસના ઓબીસી સમ્મેલનમાં મોટી સંખ્યામાં કોંગ્રેસી નેતાઓ અને કાર્યકરો સહિત લોકો હાજર રહ્યા હતા.

# નોટબંધીના પ્રભાવમાં કેગ દ્વારા ઓડિટ કરવા તૈયારી

નવીદિલ્હી

કન્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલની યોજના નોટબંધીના અસરને લઈને તપાસ હાથ ધરવાની રહેલી છે. નોટબંધીના પ્રભાવમાં ઓડિટની પ્રક્રિયા કેગ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. કેગની યોજના નોટબંધીના પ્રભાવના ઓડિટ કરવા અને તેના કારણે સરકારના મહેસુલ પર થનારી અસરનું મૂલ્યાંકન કરવાની રહેલી છે. કેગ શશીકાંત શર્માએ આ અંગેની વાત કરી છે. તેમણે કહ્યું છે કે, ઓડિટરે નવી જીએસટી વ્યવસ્થા હેઠળ કરવેરા મહેસુલી આવક માટે ઓડિટની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત ક્ષમતા નિર્માણ અને પોતાના ઓડિટના તરીકા તથા પ્રક્રિયાઓની ફેરરચના કરવામાં આવનાર છે. વિશેષ ઓડિટ હેઠળ કેગે પહેલાથી જ કૃષિ પાક યોજના તથા પુર નિયંત્રણ અને પુર નિયંત્રણ અંદાજ માટે ઓડિટની પ્રક્રિયા હાથ ધરી છે.

અનુસંધાન પાના નં.૬

# અમદાવાદ શહેરના કોટ વિસ્તાર માટે ઉનાળો મુશ્કેલરૂપ

અમદાવાદ

શહેરના તાપમાનમાં છેલ્લા કેટલાક દિવસોથી વધારો નોંધાયેલો જોવા મળી રહ્યો છે.આ પરિસ્થિતિમાં આગામી એપ્રિલ અને મે માસમાં અમદાવાદ શહેરનું તાપમાન હજુ વધુ ઉંચુ જવાની સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે.તેવા સમયે શહેરના મધ્યઝોન માટે આ વર્ષનો ઉનાળો વધુ આકરો બની રહે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી છે.આ અંગે મળતી માહીતી પ્રમાણે શહેરના અન્ય વિસ્તારોની તુલનામાં મધ્યઝોનના વિસ્તારોમાં ઘણી ગીચ વસ્તી છે.આ ઉપરાંત અહીંના રસ્તાઓ સાંકડા છે.આ સાથે જ આ ઝોનમાં છેલ્લા એક દાયકામાં ગેરકાયદેસર બાંધકામોનું પ્રમાણ ખુબ જ વધવા પામ્યું છે.વળી આ વિસ્તારમાં જોઈએ એટલા પ્રમાણમાં લીલાવૃક્ષો પણ જોવા મળતા નથી.એક સમયે એમ કહેવામાં આવતું હતું કે,કોટ વિસ્તારમાં આવેલા મકાનોની બાંધણી એવી કરવામાં આવી છે કે,આ મકાનોમાં વસવાટ કરવાવાળાઓને શિયાળામાં વધુ ઠંડી ન લાગે અને ઉનાળામાં વધુ ગરમી ન લાગે.પરંતુ છેલ્લા એક દાયકાની અંદર કોટ વિસ્તારમાં કોમર્શીયલ બાંધકામો હદ બહાર ઉભા થઈ જવા પામ્યા છે.આ માટે જવાબદાર સ્થાનિક કોર્પોરેટરો અને મ્યુનિસિપલ એસ્ટેટ વિભાગના ભ્રષ્ટ ઈન્સપેકટરો અને અધિકારીઓ હોવાનું અગાઉ અનેક વખત જાહેર થવા પામ્યું છે.આ પરિસ્થિતિમાં વર્ષ- ૨૦૧૫માં શહેરમાં મધ્યઝોનમાં હીટવેવ સંબંધી કુલ ૧૦ કેસ નોંધાવા પામ્યા હતા.જે ગત વર્ષે ૨૦૧૬માં સૌથી વધુ ૩૧ ના આંક ઉપર પહોંચવા પામ્યા હોવાનું ઈન્ચાર્જ મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ ડો.ભાવિન સોલંકીએ કહ્યું છે.ગત વર્ષે અમદાવાદ શહેરમાં ૧૯ જુનના દિવસે સૌથી વધુ ૪૮ ડીગ્રી સેલ્યીસ તાપમાન નોંધાવા પામ્યું હતુ.આ વર્ષે પણ મહત્તમ તાપમાનમાં એક ડીગ્રી સેલ્યીસનો વધારો થવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે.ત્યારે મધ્યઝોન માટે આ ઉનાળો વધુ આકરો બની રહેશે.એમ નિષ્ણાતોનું કહેવું છે.

લોકહૈયાનો ધબકાર... રખેવાળ

સોમવાર ૨૭ માર્ચ ૨૦૧૭

## તંત્રી સ્થાનેથી ...

**સ્વાતંત્ર્યની ક્યારીમાં જ પ્રેમના પુષ્પો ખીલી શકે છે.**

# કોંગ્રેસને પુનઃ સજીવન કરવા આકરાં પગલા ભરવા પડશે

રાજકારણ એક એવું ક્ષેત્ર છે કે જેમાં વ્યક્તિ સિધ્ધિઓ મેળવી ટોચના સ્થાને હોય ત્યારે તેણે સ્વેચ્છાએ સક્રિય રાજકારણમાંથી મુક્ત થઈ જવું જોઈએ અને સમાજમાં પરત ફરી લોકસેવાના કામમાં લાગી જવું જોઈએ, જો આવું ન કરેતો પછી એ વ્યક્તિનું કોઈ માન-સન્માન રહેતું નથી. કોંગ્રેસ એક મજબુત સંગઠન હતું પરંતુ ધીરે ધીરે તેમાં રહેલા સક્રિય નેતાઓ પક્ષ છોડતા ગયા તેમ તેમ પક્ષને ખૂબ જ સહન કરવાના દિવસો આવ્યા છે. સતત પક્ષમાં રહ્યા પછી સ્વેચ્છાએ નિવૃત બની પક્ષને બહારથી ટેકો આપવો જોઈએ.

પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ, પી.વી. નરસિંહરાવ, અટલ બિહારી વાજપાઈ અને ડૉ. મનમોહનસિંહ વગેરે વડાપ્રધાનોએ પોતાના પક્ષ (સંગઠન) ને મજબુત કરવા માટે રાત દિવસ કાર્યશીલ રહ્યા હતા. આઝાદી મળી તે પછી કોંગ્રેસનું પલ્લુ ભારે હતું અને એ સમયે પક્ષનો પડ્યો બોલ દેશજનો ઝીલી લેતા હતા. પરંતુ એ પછી એ રીતનું પરિવર્તન આવ્યું કે આજે પક્ષમાં કોઈ સક્ષમ નેતા જ નથી.અને એમાંય ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી, બહુજન અને કોંગ્રેસની હારના કારણોની પુનઃ સમીક્ષા થવી જોઈએ, પરાજય પાછળનું કારણ શું? ઉત્તર પ્રદેશમાં વર્ષોથી બહુજન પાર્ટી તેમજ સમાજવાદી પાર્ટીની નામના હતી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ઉત્તર પ્રદેશમાં રાજકારણીઓએ માત્ર પોતાના હિતના કામો કરે રાખ્યા અને પ્રજાની સાથે છેતરપીંડી કરતા છેલ્લે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ઉત્તર પ્રદેશની જનતાએ સમાજવાદી પાર્ટી, બહુજન અને કોંગ્રેસ પક્ષને હાંસિયામાં ધકેલી દઈને ભાજપ ઉપર પોતાની મહોર મારી દીધી. વડાપ્રધાન મોદીની કાર્યશૈલી જોતાં દેશના તો ઠીક વિદેશના લોકો પણ વખાણ કરવા લાગ્યા. ઉત્તર પ્રદેશમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીના પરિણામોએ સોનિયા ગાંધીને પણ હાંસિયામાં ધકેલી દીધા, તેમના પોતાના રાજ્ય ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસને કારમો પરાજય મળ્યો. એ પણ ગંભીર બાબત કહી શકાય. દાયકાઓથી ગાંધી પરિવારના સભ્યો ઉત્તર પ્રદેશમાં ચૂંટણી લડી આજ રાજ્યમાંથી વિજયી બન્યા હતા.

પક્ષના સંગઠનને મજબુત બનાવવા સોનિયા ગાંધીના પ્રયાસો ભૂલી શકાય તેમ નથી અને તેઓના કારણે જ ૨૦૦૪ માં યુપીએને બહુમતી મળી હતી. અને કોંગ્રેસની સરકાર રચાઈ હતી. સતત પ્રચાર- પ્રસારના કારણે લોકોના વલણમાં પણ બદલાવ આવતો ગયો. ભારતીય રાજકારણમાં બદલાવની જરૂર તો હતી જ પરંતુ રાજકીય ભ્રષ્ટાચાર અને સતત મોંઘવારીએ જનતાની આશા ઉપર પાણી ફેરવી દેતાં દેશની જનતાએ પોતાના અભિગમને બદલવાના પ્રયાસો શરૂ કરી દીધા હતા.

૨૦૦૫ નું વર્ષ કૌભાડોનું વર્ષ ગણવામાં આવ્યું હતું. ગેરરીતિ આચરનારાઓ રાજકારણીઓ વિરૂધ્ધ વડાપ્રધાન ડૉ.મનમોહનસિંહે કોઈ વ્યવસ્થિત પગલાં ન ભરતાં પરિસ્થિતિ એવી બની કે હાઈકમાન્ડના જે તે નિવેદનોની પણ કોઈ કિંમત રહી ન હતી. ૨૦૦૯ નું વર્ષ કોંગ્રેસ માટે કારકિર્દીનું શિખર હતું પરંતુ રાજકીય સ્તરના સતત કૌભાંડોના પરિણામે પક્ષને ઘણુ શોષવું પડેલું..! કોંગ્રેસને પુનઃ સજીવન કરવા આકરા પગલા લેવા પડશે!

# ઉનાળામાં ફ્રેશ દેખાવવુ છે તો જરૂર કરો આ કામ

ઉનાળાની ઋતુ આવી ગઈ છે. આ મૌસમમાં દરેક કોઈ ઈચ્છે છે કે તેમનું લુક હમેશા ફ્રેશ દેખાય. જો તમે પણ ઈચ્છો છો કે તમારો ચહેરો ગરમીની ઋતુમાં હમેશા ફ્રેશ અને ખીલેલો જોવા મળે તો તે માટે કેટલાક ટિપ્સને ફોલો કરવી પડશે. જી હા આજે અમે તમને કેટલીક એવી ટિપ્સ જણાવીશુ જેને ફોલો કરીને તમે ગરમીની ઋતુમાં પણ ફ્રેશ લુક મેળવી શકશો.

**૧. ફેસવોશ**- મોઢું ધોવ માટે એક સારા ફેશવોશનો ઉપયોગ કરો. જે તમારી સ્કિનને હમેશા કુલ ફ્રેશ રાખતા હોય.

**૨. દિવસમાં બે વાર નહાવો**- નહાવાથી માણસ ખૂબ રિલેક્સ અનુભવ કરે છે. એક તો તેનાથી આખો દિવસ સુસ્તી નહી આવે અને બીજુ નહાવાથી તમે આખો દિવસ તરોતાજા રહો છો.

**૩. પર્સમાં જરૂર રાખો ફેસ સ્પ્રે**- જો તમે ક્યાક બહાર જઈ રહ્યા છો તો તમારા પર્સમાં ફેસ સ્પ્રે જરૂર સાથે રાખો. જ્યારે પણ તમે તમારી સ્કિનને ડલ અનુભવો તો તે સમયે આ ફેસ સ્પ્રે તમને કામ આવશે.

**૪. માઈશ્ચરાઈજર**- નહાવાથી કે મોઢા ધોયા પછી સ્કિનને માશ્ચારાઈજર કરવું ન ભૂલવું. તમારી સ્કિન કોમલ અને નરમ બની રહે છે.

**૫. ડાર્ક મેકઅપ ન કરવી**- ગર્મિઓમાં ભૂલીને પણ ડાર્ક મેકઅપ ન કરવું. જેટલું હોઈ શકે તમારા મેકઅપ લાઈટ રાખવું અને કપડા પણ લાઈટ કલરના જ લેવું.

### *આત્મચિંતન*

## જીવન જીવવાનો સાચો દ્રષ્ટીકોણ

જીવન જીવવાનો જેની પાસે સાચો દ્રષ્ટીકોણ છે તે જીવનના રહસ્યને સમજી જાય છે જેકોઈની પાસે પણ ગંભીર પર્યવક્ષેણ કરવાની દ્રષ્ટી હોય તે ઉંડાણ સુધી પહોંચી શકે છે અને જીવનની સુક્ષ્મતાને સમજી શકે છે. આ દ્રષ્ટીને સહારે તે જીવન સાથે જોડાયેલી ભ્રાંતિઓના ધુમ્મસને પણ મિટાવી શકે છે અને કેટલાય પ્રકારના લોભ, મોહ અને આસક્તિમય જોખમોથી બચી શકે છે. આ જોખમોને જે ઓળખી જાય છે અને એનાથી બચી જવાનો રસ્તો શોધી લે છે તે જ જીવનને કલાકારની જેમ જીવી શકે છે. કર્તવ્ય રૂપે જીવન અત્યંત ભારે પ્રતિત થઈ શકે છે પરંતુ બીજી બાજુ જીવનને એક રંગમંચની જેમ પણ લઈ શકાય છે. જ્યાં એક અભિનેતાની જેમ હસતાં હસાવતાં તેનું વિનોદપુર્ણ મંચન કરીને આનંદ લઈ શકાય છે.

જીવન જીવાવની એક કલા છે અને તેને કલાકારની જેમ જીવી શકાય છે. જીવનને સફળ કેવી રીતે બનાવવામાં આવે જો તેનો મર્મ જાણી લેવામાં અને તે દીશામાં મનન કરી લેવામાં આવે તો પછી તેનાથી મોટું સૌભાગ્ય બીજું કોઈ હોઈ શકતું નથી. જીવન સૌંદર્ય છે પ્રેમ છે, સત્, ચિત્, આનંદ છે, જીવન એ બધું જ છે. જે નિયંતાની આ સૃષ્ટીમાં સર્વોત્તમ કહેવાને યોગ્ય છ

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# નિખાલસ અને સરહદયી નાથાકાકાને મળતાં આનંદ ઉભરાય.. ગુલાબની સુંગધ પ્રસરે

**સંવેદના**

**પ્રવિણ એમ. નાઈ**

કહેવાય છે કે, સતકર્મ જ્યાં થતું હોય ત્યાં હાજરી માત્રથી આપણને પુણ્ય મળે. કારણ કે જ્યાં સારૂ કામ થતું હોય ત્યાં સારા લોકો હોય. અને તેમની સકારાત્મક ઉર્જા આપણામાં આવ્યા વગર રહી ના શકે. એમાંય બેવડું સતકર્મ થતું હોય તો પછી વાત જ શી કરવી ! તાજેતરમાં તા.૧૯-૩-૧૭ ના રોજ શ્રી આનંદ સત્સંગ પરિવારના શ્રધ્ધેય, ચિત્રકાર, લેખક તથા સરહદયી નાથાલાલ બ્રહ્મક્ષત્રિય દ્વારા લિખિત "મારૂં જીવન નૃત્ય-આનંદ" નામના પુસ્તકનું પૂજ્ય પ્રજ્ઞાવાન સંત શ્રી આનંદમૂર્તિજી મહારાજના કરકમળે થકી થયું, આનાથી રૂડો અવસર બીજો શું હોઈ શકે.! આગળના દિવસે પ્રથમ સત્રમાં ગીતા સ્વાધ્યાયનો તેરમો અધ્યાય "ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ" વિભાગનો પ્રારંભ કર્યો હતો. જેમાં જ્ઞાનની વાતો પીરસ્યા બાદ બીજા દિવસે સંતવાણી રસદર્શન અંતર્ગત "નાવમે નદીઆં ડૂબી જાય" કબીરના ભજનનો મર્મ તત્વાર્થ ભાવે સમજાવ્યો હતો. તેમને કહ્યું હતું ,કે જે કંઈ ભજન લખાયા છે તે સાવ અમસ્તા લખાઈ ગયા નથી. કે માત્ર લોકગીતો જ નથી. ભજનીક ખુબ જ ઉંચા સ્તરે પહોંચે ત્યાર પછી જ ભજન લખી શકે કબીર,ભોજો, રવીદાસ, મીરાં વગેરે એ જે કંઈ લખ્યું અને ગાયું તે પરમ પદે પહોચ્યા બાદ જ શક્ય બને છે. શરીરની ઈન્દ્રિયો અને વિષયો સાથે જોડાયેલ આ ભજન ઉલટ વાણીનું છે. આ ભજન જ એવું છે કે જે એનો ભેદ ખોલે તેનો જનમ મરણ મરી જાય છે. પરંતુ આનંદમૂર્તિજીમાં સંતવાણી રસદર્શન કરાવવવાની શૈલી જ અજોડ છે કે જેઓ ગહરી વાતો પણ શ્રોતાને રસ પડે તેવી ભાષામાં રજૂ કરે છે. ઉંચી વાતો નીચા સ્તરે આવીને શ્રોતાને મનગમતી કહેવી એ જ આનંદમૂર્તિમાં ખૂબી છે. રવિવારે યોજાયેલ સત્સંગમાં બે કાર્યક્રમો જોડાયેલા હતા. ૯ થી ૧૧ કલાક સુધી ભજનનો રસાસ્વાદ અને ૧૧ થી ૧ દરમિયાન પુસ્તકનું વિમોચન.આદર્શ વિદ્યાસંકુલ ડીસાના પ્રાર્થના ખંડમાં યોજાયેલા નાથાલાલના સ્વરચિત વિમોચન ટાણે ડીસાના બહોળી સંખ્યામાં નગરજનો સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે એકાદ સાહિત્યકારે એવું વર્ણન કર્યું કે,"જેમ મોટી ઉંમરે બાળકનો જન્મ થાય અને જે ખુશી મળે તેવી ખુશીનો અનુભવ આજે નાથાલાલ કરી રહ્યા છે.સદાય હસતો ચહેરો, જરાક સંગીતનો સૂર ચડે ને નાચવા લાગતા અને નિખાલસ સ્વભાવના નાથાકાકા માટે આજનો દિવસ ઐતિહાસિક અને યાદગાર બની રહશે.."

જેનું બે નામથી સંબોધન થતું હોય તે પુરૂષ જ અલૌકિક હોય.નાથાલાલભાઈને "લાલ" અને "ભાઈ" આ બંને સંબોધનથી આપણે બોલાવીએ છીએ.સવારે જ્યારે ઘરેથી નીકળે ત્યારે "બૂશર્ટ" ઉપર ગુલાબનું ફુલ અને હસતો ચહેરો, જ્યારે ડીસાના રસ્તા ઉપર આવે ત્યારે હરતું ફરતું આનંદ નામનું તત્વ જાણે જઈ રહ્યું હોય તેવું ઘડીક લાગે. એમની સાથે હાથ મિલાવીએ, વંદન કરીએ ત્યારે તેમનો "મોજ" શબ્દ તો આપણામાં ઉત્સાહ આપી દે. આનંદ સ્તસંગ પરિવાર દર બે માસે શંકરતીર્થ આશ્રમથી પુજ્ય સંત શ્રી આનંદમૂર્તિજીને ડીસામાં લાવે છે. અને અલગ અલગ સૌજન્ય દ્વારા સત્સંગ કાર્યક્રમ યોજે છે. સત્સંગની ધારા શરૂ થાય તે પહેલાં ગુરૂદેવ ખૂબ જ ભાવવાહી સ્વરમાં પ્રાર્થના કરે ને તે પછી"સ્વાગતમ કૃષ્ણા.. સ્વાગતમ કૃષ્ણા.. ધૂન ગાય ત્યારે તુરત ઉપસ્થિત સૌની નજર નાથાલાલ ઉપર જાય. જેવી આ ધૂન ગાવાની શરૂઆત થાય ને તુરત સ્ટેજ પાસે પહોંચી જાય. નૃત્યના લયમાં ઉપસ્થિત સૌનું જાહેરમાં હાથ ખૂલ્લા કરીને સ્વાગત કરતા હોય તેવું લાગે. કોઈક કાર્યક્રમ હોય ત્યારે બાલીકાઓ અભિમન્ય કરીને સ્વાગત ગીત ગાઈને મહેમાનો અને ઉપસ્થિત સૌનું ભાવભર્યું સ્વાગત કરે.. જાણે નાથાલાલ સ્વયં આ જવાબદારી નિભાવતા હોય તેવું લાગે. એમને દેખીને અન્ય ભાવિકો નાચવા આવે ખરા.. પણ લયબધ્ધ શૈલીમાં નાચવાની ખૂબી તો નાથાકાકાની.એમાંય સમયાંતરે એમનાં ધર્મપત્નિ ભાનુમતિ બેનનો સાથ મળે, પછી તો પૂછવું જશું.! આ ભાનુમતિબેનનું નામ પણ રહસ્ય વાળું છે. ભાન એટલે સૂર્ય અને મતિ એટલે બુધ્ધિ. જેની બુધ્ધિ,મેઘા સૂર્ય સમાન તેજસ્વી છે તે આ ભાનુમતિબેન. નાથાકાકાએ લખેલા પુસ્તકમાં એમના ધર્મપત્નિ ભાનુમતિબેનના ઉપર ઘણુંય લખ્યું છે, વાંચજો પણ અહીં મારે કહેવાનો સૂર એ જ કે અહિ જે જે પુરૂષોએ સમાજમાં કંઈક કરી બતાવ્યું છે એમાં સ્ત્રીનો હાથ ખૂબ જ હોય છે. ગાડામાં બે પૈડાં બરાબર હોય તો જ ગાડું વ્યવસ્થિત ચાલે. પછી ભલે આગળ જતાં સુખ દુઃખ રૂપી ઉબડ ખાબડ રસ્તો આવે પણ પતિ-પત્નિનો સાથ અને સુમેળ આ ભવસાગર રૂપી સંસારને હસતાં હસતાં પસાર કરી દે.. આ પણ ઈશ્વરની પ્રેરણા અને પુણ્યના પ્રતાપે જ થઈ શકે છે.મારા જીવનમાં પણ કંઈક લેણદેણના પ્રતાપે નાથાકાકા, કનુભાઈ આચાર્ય, ભગવાનભાઈ બંધુ અને જયંતીબાપા (ઓઢવાળા) નો ભેટો થયો. સમોવડીયા મિત્રો તો ઘણા છે.. પણ સાચી શાન્તિનો અનુભવ આ લોકોની પાસે જવાથી થાય છે. છાંયડો તો ઘણાયે વૃક્ષના છે,પણ સાચો છાંયડો આ વડલાનો છે. અને તેમના થકી જ અવધૂત યોગી શંકરનાથના પરમશિષ્ય પ્રજ્ઞાવાન મર્મી અને અગાઢ જ્ઞાનથી ભરપૂર આનંદમૂર્તિજી નો ભેટો થયો. તેમની ઘણી બધી વાતો સ્પર્શી. આ જીવન યાદ રહેશે. મારા લેખન કાર્યમાં પણ મને સમયાંતરે માગદર્શન આ લોકો પાસેથી મળે છે.નહીતર અમે તો સુક્ષ્મ બુધ્ધિના શું જાણીએ.! પણ ઈશ્વરની કૃપા હશે કે કંઈક પુણ્ય હશે ત્યારે આવા સહૃદયી લોકો નો ભેટો થયો.

"મારૂ જીવન-નૃત્ય આનંદ" પુસ્તકના શિર્ષક. પરથી જ લાગે કે આમાં કંઈક આનંદ જેવું તત્વ છૂપાયેલ હશે જ એ તો તમે સંપુર્ણ પુસ્તક વાંચશો ત્યારે જ ખબર પડશે.. પણ અહી એક વાત કર્યો વગર રહી નહી શકાય. નાથાકાકાએ આ પુસ્તકમાં છેલ્લા પેજે "મૃત્યુ સમયની મારી કલ્પના"(મારી સ્મશાનયાત્રા) જે લખી છે તે ઘડીકપળ આપણને ભાવુક બનાવી દે તેવી છે. જે વ્યક્તિ મૃત્યુ પામે અને તેની સ્થિતિ શું હોય તેને તલસ્પર્શી રીતે નાથાકાકાએ જીવીત સમાધીના સ્તરે જઈને વર્ણન કર્યું હોય તેવું દેખાઈ આવે છે. "નાથાલાલ નામ ધારી દેહ જડ થઈને પડ્યો છે, હવે એ નાથાલાલ કોઈનો પતિ, કોઈનો ભાઈ, ભાઈનો બાપ કે કોઈનો સગો નથી, માત્ર "મડદું" છે.આવી હૃદય દ્રાવક ઉર્મિઓથી ભરેલ આ પ્રસંગે જાણે પોતે લખતા હશે ત્યારે ખરેખર એમની આંખો કેટલી ભીની થઈ હશે..! પણ છેલ્લી લીટીમાં જે એમને કહ્યું છે તે આપણે સૌએ સમજવા જેવું છે,એમને કહ્યું છે કે "મારૂ અસ્તિત્વ પહેલાં હતું, આજે પણ છે અને અનંતકાળ સુધી રહેશે, એવા ચૈતન્ય સ્વરૂપ આત્મા નાથાલાલ નામધારી દેહ કરતાં જુદો છે, તેનું ભાન મને થયું છે, તેવું ભાન દરેકને જેટલું વહેલું થાય તેટલું સારૂ.." ને વળી શેર કંઈક ઓર જ છે કે" બેફામ રડ્યા સહું મારા મરણ એ જ કારણથી, હતો મારો જ અવસર ને મારી હાજરી નહોતી.."આવી ઉમદા વાતો જેમાં છૂપાયેલ છે તેવા આ પુસ્તકને તમે વાંચજો અને બીજાને પણ વંચાવજો. અને અંતમાં,

"મળે છે અહી ઘણા માનવીઓ ધરા ઉપર, પણ અમુકની મળવાની રીત જ જુદી છે" એવા સદા હસતા હસાવતા નાથાકાકાના આ પુસ્તક વિમોચનમાં અઢળક શુભેચ્છાઓ.. આપ પણ એમના મોબાઈલ નંબર ૯૪૨૮૧૩૬૫૭૬ ઉપર શુભેચ્છા આપી શકો છો.. આનંદ આવશે. **પ્રવિણ એમ.નાઈ**

**રતનગઢ (તા.કાંકરેજ)**

# ૧૯૭૭માં મેળવેલ ''નઈ આઝાદી''ના ચાર દાયકા પછી, અત્યારે નાગરિક સ્વાતંત્ર્ય ધીમે ધીમે ખતમ થઈ રહ્યું છે

૨૩મી માર્ચ ૧૯૭૭ના રોજ કટોકટી - ઈમરજન્સીની બેડીઓ ભારતીય પ્રજા પરથી દૂર થઈ અને ''નઈ આઝાદી'' મળી. લોકશાહી મુલ્યો, મૂળભુત અધિકારો, બોલવા-લખવાની અને અખબારી આઝાદી, નાગરિક સ્વાતંત્ર્ય વગેરે પાછું મળવાથી સૌ ખુશ ખુશાલ અને આનંદિત હતા. આજે ચાર દાયકા પછી લોકશાહી પધ્ધતિઓ અને કાયદાના શાસનનો નાશ, મૂળભુત અધિકારોની એસીતેસી જેવી પરિસ્થિતિ ફરી એકવાર સર્જાઈ રહી છે. એકહથ્થુ સત્તાનું કેન્દ્રીકરણ દરેક જગ્યાએ વધતું જ જાય છે. બધી પધ્ધતિઓ અને રીત રસમો નેવે મુકીને શાસકો રાજ કરી રહ્યા છે. મોંઘવારી અને ભ્રષ્ટાચારથી પ્રજા પિસાઈ રહી છે, શિક્ષણની અવ્યવસ્થાને કારણે બેરોજગારી દિનપ્રતિદીન વધતી જાય છે. સામાન્ય માણસથી માંડીને ખેડુત વર્ગ અને વંચિતો - ગરીબો સૌ દુઃખી છે.

૧૯૭૫ની ૨૬મી જૂને કટોકટી લદાઈ ત્યારે નિસબત ધરાવતા નાગરિકો અને મંડળો સ્તબ્ધ થઈ ગયા હતા. ત્યારના શાસકોએ નિરંકુશ અને બેફામ રાજકીય સત્તા હાથ ધરી લીધી હતી. સત્તાનો છડેચોક દુરુપયોગ કરીને વ્યાપક ભ્રષ્ટાચાર વ્યાપી ગયો હતો. આની સામે પ્રજાએ લોકશાહી મુલ્યોના પ્રતિક સમા જયપ્રકાશ નારાયણની આગેવાની હેઠળ ભ્રષ્ટાચારની સામેનું આંદોલન ૧૯૭૪માં છેડ્યું હતું. તેને કારણે પ્રજાના વ્યક્તિ સ્વાતંત્ર્ય, વાણી સ્વાતંત્ર્ય અને અખબારી સ્વતંત્રતાના બધા અધિકારો છીનવ્યા સિવાય શાસકોને ચાલે તેમ ન હતું. પ્રજાને ફાસીવાદી ફિલોસોફી શું છે ત્યારે ખબર પડી કે જ્યારે તેમના માનવીય અધિકારો અને સ્વાતંત્ર્ય ભયમાં મુકાયું હતું. ત્યારે પણ પ્રજાએ સતત ૧૯ મહિના સુધી પરિસ્થિતિનો મક્કમતાથી સામનો કરીને એકહથ્થુ શાસનનો અંત આણ્યો હતો. ચાર દાયકા અગાઉ લોકશાહી મુલ્યો અને બંધારણને ખતમ કરવાના જે બધા પ્રયત્નો થયા હતા તેનો જાગૃત નાગરિક સમાજ દ્વારા મક્કમતાથી સામનો કરીને ટકાવી રાખવા માટે સંઘર્ષ કર્યો હતો. આ સંઘર્ષને આજે ચાર દાયકા પુરા થાય છે ત્યારે યાદ કરવો અત્યંત જરૂરી છે, કારણકે, ભવિષ્યમાં આવનાર દિવસો અંગે સંનિષ્ઠતાથી અને દ્રઢતાથી વિચાર કરવાનો સમય ફરી એકવાર આવી ગયો છે.

૧૯૭૫માં ભારતીય પ્રજાને નાગરિક સ્વાતંત્ર્ય શું ચીજ છે તેનો અનુભવ થયો હતો. માનવ હક્કો કેટલાં અમુલ્ય છે તેની પ્રતિતી પહેલીવાર જ ભારતના નાગરિકોને થઈ હતી. સત્યાગ્રહ, ઘરણા, સભા, સંમેલન, સાઈક્લોસ્ટાઈલ ન્યુઝ પત્રો જેવા અનેક લોકજાગૃતિના કાર્યક્રમો આપીને યુવાનોથી માંડીને વરિષ્ઠ નાગરિકોએ પોતાનો સહયોગ આપીને ''નઈ આઝાદી''નો અનુભવ સૌને કરાવ્યો હતો.

હાલમાં ભારતનું કેન્દ્રિકૃત માળખું અને લોકતાંત્રિક સંસ્થાઓનું ધોવાણ થવા પામેલ છે. સંસદીય અને અન્ય પ્રણાલીઓ ઉપર નિર્લજ્જ પણે હુમલા જારી છે. સાથોસાથ તેજ રીતે મહાવિદ્યાલયો જેવી શૈક્ષણિક સંસ્થાઓની સ્વાયતતા પણ સતત રીતે નબળી પાડવા ઉપરાંત આ સંસ્થાઓની લોકતાંત્રિક પ્રણાલીઓનો પણ નાશ થયેલ છે. એવું પણ અવલોકન કરવામાં આવ્યું છે કે, ઉચ્ચ હોદ્દા ઉપર બેઠેલા સાધારણ લોકો વડે જાણીતી સંસ્થાઓ ઉપર નિયંત્રણ રાખી તે સંસ્થાઓને નષ્ટ કરાઈ રહી છે. જેનાથી આપણા દેશનું બિનસાંપ્રદાયિક પોત ભયમાં મુકાયું છે. નાગરિક સમાજ જૂથોને કાનુની સકંજામાં લઈને, તેમની ગતિવિધી ઉપર જાસુસી કરીને, તેમને વિદેશી ભંડોળ ન મળે તેમ નોંધણીનો ઈન્કાર કરીને તથા વિદેશથી મળતી સખાવતનો ઈન્કાર કરીને તથા ભારતીય બંધારણમાં બક્ષાયેલ સંગઠનના અધિકારનો ભંગ કરવાને કારણે નિસબત ધરાવતા નાગરિકો અને મંડળો આઘાત અને આશ્ચર્યની ભૂમિકામાં આવી ગયા છે.

નાગરિક સ્વાતંત્ર્ય, લોકશાહી મુલ્યો અને માનવ અધિકારની વાત ગુજરાતના સંદર્ભમાં કરીએ તો ૨૦૦૨ના કોમી દાવાનળ અને માનવસંહાર પછી નાગરિકોમાં સ્વાતંત્ર્યો અને લોકશાહી વિશેની સાચી સમજ કેળવવાનો અવસર ઉભો થયો, અને આવો ખતરો ઉભો થાય ત્યારે તેનો શાંતિમય, અહિંસક પણ સંગઠીત રીતે સામનો કેવી રીતે કરવો જોઈએ તે સમજાયું. સમાજના નબળા, દબાયેલા દલીત અને વંચિત સમુહોના વિવિધ માનવ હક્કોના હનન અને ભંગની સમસ્યા આ સમયગાળા દરમ્યાન ગંભીરતાથી જણાઈ આવી. આ સમુહોને થતા અન્યાય, શોષણ અને અત્યાચારોના કિસ્સા વધતા જ ગયા અને બીજી બાજુ સ્થાનિક વહીવટી તંત્ર, પોલીસ તંત્ર વગેરે તરફથી તેમના પર ગુજારાતા અતિરેકો અને વિવિધ કનડગતોનું પ્રમાણ ઉત્તરોત્તર વધતુ ગયું. આપણી સમાજ વ્યવસ્થા, આર્થિક પ્રથા અને રાજ્ય વ્યવસ્થા એ ત્રણેયના સહીયારા અતિરેકો, શોષણ અને અન્યાયના ભોગ સમાજના મોટા ભાગને બનવું પડે છે, તે ગુજરાતની વાસ્તવિક પરિસ્થિતિ છે. આ અરક્ષિત અને વંચિત સમુહોમાં પણ સૌથી વિશેષ તો, બાળ મજુરો, હિજરતી મજુરો, સ્ત્રીઓ, દલીતો, અને વનવાસી આદિવાસીઓના માનવ હક્કોના ભંગ અને વિવિધ અત્યાચારોના કિસ્સાઓ છેલ્લા પંદર વર્ષમાં વધુને વધુ બનતા ગયા અને ચોપડે નોંધાતા ગયા.

દેશમાં ચુંટણીના સંચાલનની વર્તમાન પરિસ્થિતિને જોતાં મુક્ત તથા ન્યાયી ચુંટણી યોજાય તે સુનિશ્ચિત કરવા, સરકારી સત્તા અને આધિકારીક તંત્રનો દુરુપયોગ, ચુંટણીમાં મિડીયાની ભુમિકા અને રાજકીય પક્ષોની જવાબદેહીતા અને પારદર્શિતા માટે પણ યુવાનોએ કામ કરવું પડશે. લોકશાહી મુલ્યો અને બંધારણની રક્ષા કરવા માટે પણ સૌએ આગળ આવીને કામ કરવું પડશે. હિંસાથી હાલના પ્રશ્નો કદી ઉકેલાશે નહીં, હિંસાથી સરકારના હાથ મજબૂત બનશે. પોલીસ અને લશ્કરનું દમન આવશ, એ ખ્યાલ રાખવો જોઈએ કે, સરકારને બધી સત્તા સોંપી દેવાથી નાગરિકો નપુંસક બને છે, નેતા મોટા બને છે, નાગરિકો વામણાં બને છે,

રાષ્ટ્રવાદને નામે જનતાનું શોષણ કરવાનું અને શાસકોના ગુલામ બનવાની જે આખી પધ્ધતિ તેનો સામનો કર્યા વગર ચાલે તેમ નથી. સૌએ એક સાથે કદમ મિલાવીને જરૂરી સાથ સહકાર આપીને લોકજાગૃતિ અને લોકશિક્ષણનું કામ કરીને સમાજમાં ફેલાયેલ ભય અને ડરને ખંખેરવાનું અતિ વિકટ કામ ઉપાડી લેવું પડશે. જો આમ નહીં થાય તો દેશમાં અંધાધૂંધી અને ફાસીવાદના પગલાં પડી જશે અને ત્યારે એમ લાગશે કે હવે ઘણું મોડું થઈ ગયું છે.

**લેખક : - ગૌતમ ઠાકર**

**(હિં.સ),**

# એલ વી રેવંથે સબસે બડા કલાકાર માટે ટાઈટલ ગીત ગાયું



ઈન્ડિયન આઈડલ ૯એ દર્શકોને ખરા અર્થમાં અમુક ઉત્તમ પ્રતિભાઓ આપી છે. તેમને ટોચની કક્ષાના ગાયન અને પરફોર્મન્સથી દરેકનું ખૂબ મનોરંજન કર્યું છે. આથી જ હાલમાં ટોપ ફોરમાં સ્થાન જમાવી બેઠેલા એલ વી રેવંથનો સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના બાળકોના રિયાલિટી શો સબસે બડા કલાકાર માટે ટાઈટલ ગીત ગાવા માટે સંપર્ક કરાયો ત્યારે તેમાં નવાઈ જેવું કશું જ નહોતું. એલ વી રેવંથ કર્ણપ્રિય અવાજ માટે ઓળખાય છે. વાઈબ્રન્ટ અને ઊર્જાથી ભરપૂર રેવંથમાં બાળક જેવી નિર્દો"ıતા છે, જે તેને આ ગીત ગાવા માટે અનુકૂળ બનાવે છે.

ત્રણ જજ બોમન ઈરાણી, રવીના ટંડન અને અર્શદ વારસી તેના ગાયનથી ભારે "ભાવિત હતા અને પોતાની સરાહના વ્યક્ત કરવા માટે સબસે બડા કલાકારનું મંચ અપનાવ્યું હતું. તેમણે ઈન્ડિયન આઈડલ ૯ પર ટોપ ૪માં સ્થાન જમાવવા બદલ એલ વી રેવંથને અભિનંદન આપ્યા હતા અને એલ વી રેવંથની "ıવાની રીતથી તેઓ ભારે પ્રભાવિત છે એ સંદેશ પણ તેને આપ્યો હતો.જોવાનું ચૂકશો નહીં, સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનનો આગામી શો, સબસે બડા કલાકાર, જ્યાં નાના બાળકોના મોટા મોટા પરફોર્મન્સ સૌને ચકિત કરીને રહેશે.

## શકુંઝ હોસ્પિટલ ખાતે હાડકાના કેન્સરની દર્દીને પગ બચાવીને જટીલ સર્જરી પાર પડાઈ

એક ઓગણીસ વર્ષની ઉંમરની મહિલા દર્દી ડાબા ઘૂંટણમાં દુખાવાથી પીડિત હતી. અને આ દર્દ ધીરેધીરે વધી રહ્યું હતું. તેણીને ચાલવામાં પણ મુશ્કેલી થતી હતી અને જડતા પણ જોવા મળી હતી. તેણીની આ સ્થિતિની તપાસ કરતા માલુમ પડ્યું કે તેણીને ડાબા પગના હાડકાનું કેન્સર છે. હાડકાનું કેન્સર ખૂબજ ખતરનાક હોવાથી પરિણામ પણ એટલું જ ગંભીર હોય છે. તેની પરંપરાગત સારવાર શરીરના નુકસાન પામેલા ભાગની ઉપરના અંગ કે અવયવને કાઢી નાખવાનું હોય છે. પણ કાઢી નાખ્યા પછી પણ અનુજીવનનો દર ઓછો તો ઓછો જ જોવા મળતો હોય છે. આ દર્દિને એક હિતેચ્છુના માર્ગદર્શન હેઠળ શંકુઝ મેડિસીટી હોસ્પિટલમાં ડોક્ટર મનિષ દિવાકરને બતાવવાનું કહ્યું અને ત્યારબાદ શંકુઝ મેડિસિટી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી.

શંકુઝ હોસ્પિટલમાં જરૂરી રિપોર્ટસ કઢાવ્યા પછી નિદાન થયું કે તેનેપગના હાડકાનું કેન્સર છે. તેના લીધે તેમને કદાચ પગ પણ કપાવવો પડે. જોકે, ટેક્નોલોજીના વધી રહેલા વ્યાપના કારણે કેન્સરના દર્દિઓએ હવે ગભરાવાની જરૂર નથી. કોઈ પણ અંગના વાઢકાપ વગર કેન્સરનો સરળ ઈલાજ થઈ શકે છે. માત્ર જરૂર હોય તો દર્દિના દ્રઢ મનોબળની.

શંકુઝ હોસ્પિટલના ડોક્ટર્સનો અનુભવ અને સ્કિલે પણ આ સર્જરીમાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. સૌ પ્રથમ દર્દિના શરીરમાં કેન્સરના ગ્રોથને ઘટાડવા માટે તેને કેમોથેરાપીની સારવાર અપાઈ અને ત્યારબાદ દર્દીના અંગને કાપ્યા વગર બચાવવાનો નિર્ણય લેવાયો. આ માટે દર્દીના કેન્સરગ્રસ્ત અંગની સર્જરી કરાઈ, જેમાં ટ્યુમર ધરાવતા સંપૂર્ણ હાડકાને શસ્ત્રક્રિયાથી દૂર કરાયું તથા સૌથી બાદ ટાંકાઓ દૂર કરવામાં આવ્યા. હવે દર્દી અન્ય સામાન્ય વ્યક્તિની જેમ સામાન્ય જીવન જીવે છે.આધુનિક ટેકનિકનો ઉપયોગ કરીને કૃત્રિમ સાંધાને લગાવવામાં આવ્યું. સર્જરીના માત્ર એક દિવસમાં દર્દીએ ચાલવાનું શરૂ કર્યું. આ સર્જરી પાર પાડનાર શંકુઝ હોસ્પિટલની સુપર સ્પેશિયાલિસ્ટ ટીમમાં ઓર્થોપેડિક સર્જન, ઓર્થોકેન્સર સર્જન, મેડિકલ ઓન્કોલોજિસ્ટ અને એનેસ્થેટીસ્ટ સમાવેશ થાય છે. આમ કેન્સરના દર્દિઓના મનમાં એક એવી ઈમેજ બાધી લેવામાં આવે છે કે કેન્સર એટલે કે એ અંગનું અંગ વિચ્છેદન પરંતુ હવે તેવું નથી રહ્યું. સરળ ઈલાજ દ્વારા અને કોઈ પણ વાઢકાપ વગર કેન્સરનું નિદાન શક્ય બને છે.ઉત્તર ગુજરાત અને દક્ષિણ રાજસ્થાનમાં હાઈ-એન્ડ હેલ્થ કેર સુવિધા પૂરી પાડતી કોઈ પ્રતિષ્ઠિત સંસ્થા નથી. તેમજ ગંભીર બીમારીઓની સારવાર માટે અમદાવાદથી પરિવહનની વ્યવસ્થા પણ ખુબ જ સારી છે. આ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ હોવાથી દરેક પ્રકારની સર્જરી અહિં ઉપલબ્ધ છે.

## અમૂલ અસલી દૂધ અસલી આઈસક્રિમ વિ. એચ.યુ.એલ. ક્વોલિટી વોલ્સ ફ્રોઝનડેઝર્ટ

અમદાવાદ

ભારતની અગ્રણીય બહુરાષ્ટ્રીય કંપની, એચ.યુ.એલ.,જે "ક્વોલિટીવોલ્સ" બ્રાન્ડ હેઠળ ફ્રોઝન ડેઝર્ટનું વેચાણ કરે છે, તેણે બોમ્બે ઉચ્ચન્યાયાલયમાં અમૂલ આઈસક્રિમની નવી ટી.વી. ફિલ્મ વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી આદરી છે. આ ટી.વી.ફિલ્મ કે જે અમૂલ આઈસક્રિમ બ્રાન્ડની વિશેષતા "અસલીદૂધ"ને પુનઃસ્થાપિત કરે છે, તેમાં અમૂલ આઈસક્રિમની સરખામણી ફ્રોઝન ડેઝર્ટ (જે વનસ્પતિ તેલથી બને છે) જોડે કરવામાં આવી છે. આ ટી.વી. ફિલ્મ, આઈસક્રિમ ખરીદતા પહેલા ગ્રાહકને આઈસક્રિમ અને ફ્રોઝન ડેઝર્ટ વચ્ચેનો ભેદ સમજી અને ખરીદીના સમયે પેક પર "આઈસક્રિમ" શબ્દ તપાસવાનું સૂચન કરે છે, જેથી ગ્રાહક સભાનતાપૂર્વક નિર્ણય લઈ શકે. આ ફિલ્મના અંતમાં, અમૂલ આઈસક્રિમ (જે "અસલીદૂધ"થી બને છે)ની સરખામણી ફ્રોઝનડેઝર્ટ (જે વનસ્પતિ તેલથી બને છે) સાથે કરતું ચિત્ર પણ દર્શાવવામાં આવ્યું છે.

અત્રે નોંધનીય છે કે અમુલની આ નવી ટી.વી. ફિલ્મમાં ક્યાંય પણ ક્વોલિટીવોલ્સ બ્રાન્ડનું નામ લેવામાં આવ્યું નથી કે તેના તરફ કોઈ ઈશારો પણ કરવામાં આવ્યો નથી. આઈસક્રિમ અને ફ્રોઝનડેઝર્ટ વચ્ચેનો ભેદ સમજાવતી અમૂલની આ નવી ઝુંબેશ ગ્રાહકજાગૃકતા વધારવા માટે શરૂ કરવામાં આવી છે, જેને ગ્રાહકોનો સારો પ્રતિભાવ મળેલ છે. આમ છતાં, બંધબેસતી પાઘડી પહેરી એચ.યુ.એલ. દ્વારા અમૂલ પર કેસ કરવામાં આવ્યો છે.

ખાદ્ય સુરક્ષા અને માનકનિયમન (૨૦૧૧) અનુસાર, આઈસક્રિમના ઉત્પાદનમાં દૂધની બનાવટોનો જ ઉપયોગ કરી શકાય છે. અત્રે નોંધનીય છે કે, ક્વોલિટીવોલ્સ વર્ષોથી તેમના ફ્રોઝન ડેઝર્ટ (જે વનસ્પતિ તેલથી બને છે) ને આઈસક્રિમ તરીકે સ્થાપિત કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. પાશ્ચાત્ય દેશોમાં આ બાબત સિદ્ધ થઈ છે કે ડેરી ફેટ સ્વાસ્થ્ય માટે સારી છે. માખણ તથા ફેટથી સમૃદ્ધ ડેરી પ્રોડક્ટસનું વેચાણ વધ્યું છે અને તેમની નકલ કરતી માર્જરીન જેવી પ્રોડક્ટસનું વેચાણ ઘટ્યું છે. દૂધની ફેટ, વનસ્પતિ ફેટ કરતા લાક્ષણિક રીતે ભિન્ન છે. દૂધની ફેટમાં રહેલા બુટાયરિક (સી૪:૦) અને કેપરોઈક (સી૬:૦) એસિડ, દૂધ તથા દૂધની બનાવટોને માખણનો સમૃદ્ધ સ્વાદ આપે છે. બીજી તરફ, જે પ્રોડક્ટસમાં દૂધની ફેટનો અભાવ હોય છે, તેમાં ઘણીવાર વનસ્પતિ તેલ તથા ફ્લેવર્સનો ઉપયોગ કરી દૂધની ફેટ જોવો સ્વાદ આપવામાં આવે છે."




# શેમ્પૂમાં મીઠુ નાખીને વાળ ધોશો તો ખોળો થઈ જશે છૂમંતર !!

ખોળો એક એવી સમસ્યા છે જેનાથી મોટાભાગના લોકો પરેશાન જ રહે છે. જેનાથી શરમનો અનુભવ તો થાય જ સાથે જ ખોળો જલ્દી પીછો છોડવાનુ નામ જ લેતો નથી. ડ્રૈડંર્ફને દૂર કરવા માટે માર્કેટમાં અનેક જાતના પ્રોડક્ટ પણ મળે છે. જેનો આપણે ઉપયોગ પણ કરીએ છીએ. આ પ્રોડક્ટ કેટલીક હદ સુધી સારા પણ હોય છે. પણ તેમની સાઈડ ઈફેક્ટ પણ હોય છે. પણ તમારા ઘરમાં જ કેટલીક એવી વસ્તુઓ મળી જશ્સે. જેનો ઉપયોગ કરીને તમે સહેલાઈથી વાળના ખોળામાંથી છુટકારો મેળવી શકો છો અને તેનુ કોઈ નુકશાન પણ નહી થાય.

જો તમે ખોળાને દૂર કરવા માટે બધી રીત અપનાવીને જોઈ ચુક્યા છો અને કોઈ અસર તમને જોવા નથી મળી રહી તો આ એક રીત અપનાવો.. - તમારા શેમ્પૂમાં ચપટી મીઠુ નાખો અને તેને તમારા વાળના સ્કૈલ્પ પર લગાવો - પછી ૫ થી ૧૦ મિનિટ સુધી તેને તમારા સ્કૈલ્પ પર હળવા હાથે મસાજ કરતા રહો. ત્યારબાદ તમારા વાળ ધોઈ લો. - વાળમાં મીઠુ ન રહી જાય તેથી થોડો વધુ શેમ્પૂ લગાવીને વાળને સારી રીતે ધોઈ લો. કારણ કે વાળમાં મીઠુ રહી જશે તો વાળને નુકશાન થશે અને વાળ ખરવા માંડશે. તેથી વાળમાંથી મીઠુ એકદમ સાફ કરી લો. મીઠાની સખત બનાવટ ડેડ સ્કિનને સાફ કરી નાખે છે અને ડ્રૈડર્ફને દૂર કરે છે..



# 'ધાધર' રીંગવર્મની દવાઓ

**હોમીયોપેથીક એક સરળઉપાર** — **ડૉ. જગદીશ ધોળકીયા**

**જીજ્ઞાસુ મિત્રો,**

વસંતઋતુએ કફની ઋતુ છે. તેમાં પણ ફાગણ મહીનામાં ખાંસી,કફ,શરદી,ઓરી, અછબડા વિગેરે ઘણા લોકોને થાય છે.

૧. એક બેન કે જેનીઉંમર ૪૨ વર્ષની છે. તેમને છેલ્લા ત્રણ વર્ષથી ફાગણ મહીનો શરૂ થાય કે તુરંત જ ખાંસી શરૂ થાય છે. તેઓને ઉઠતાંવેંત ખાંસી શરૂ થાય જે રાત્રીના સુવા જાય ત્યારે ખાંસી ઓછી થાય. ઉઠયા બાદ બદલતાં ચાલતાં, જમતાં, ખાંસીના ઠસકા વધી જાય, ઘણી વાર તો ચાલુ ખાંસીએ કોઈપણ અન્ન મોઢામાં નાખે કે તુરંત જ ઉલટી થઈ ખાધેલું બહાર નીકળે, રાત્રિના સુતી વખતે ખાંસીમાં ફાયદો થાય પણ રાત્રીના નાક બંધ થઈ જાય અને ઉંઘમાંથી બેસે કે ખુબ જ છીંકો આવવા લાગે, નાકમાંથી પાણી નીકળે, નાકમાંથી પાણી નીકળ્યા બાદ ઉંઘ આવે પણ સવારે ઉઠતાંવેંત ખાંસી શરૂ થઈ જાય. આ ચક્કર ચાલુ રહે, આમ ફાગણ ચૈત્ર મહીનામાં ઉપર જણાવેલ તકલીફો ચાલુ રહે, કોઈની ભલામણથી તેઓ તેમનીવિગતવાર તકલીફો જાણી. હોમિયોપેથીક દવાઓ આપેલી.સાત દિવસમાં રાત્રે નાક બંધ થઈ છીંકો આવતી હતી તેબંધ થયેલ. આખીરાત શાંતિથી સુઈ શકતા હતા. બીજા સાત દિવસમાં ખાંસીમાં પચાસ ટકા રાહત થયેલ અને આજે બીજા પંદર દિવસનો કોર્ષ આપેલ છે અમને વિશ્વાસ છે કે તકલીફ અવશ્ય દુર થશે.

૨. આજથી એક મહીના પહેલાં પાંચવર્ષના બાળકને ઓરી નીકળેલા. સામાન્ય રીતે ઓરીમાં કોઈ જ સારવાર કરવામાં આવતી નથી. બાળકને આખા શરીરે ઓરીના રેસ નીકળેલા, ખાંસી તાવની ફરીયાદ હતી. સાત દિવસમાં એંશી ટકા હોમીયોપેથીક દવાથી રાહત થયો. આજે સંપૂર્ણ આરામ થયેલ. આજે તેના ભાઈને પણ આજે તકલીફ શરૂ થઈ સાત દિવસની સારવાર આપેલ છે.

ધાધર : રીંગવર્મની દવાઓ :

ચૈત્ર મહીનામાં ખુજલી આવે, ખસ, ધાધર વિગેરે ઘણા દર્દીઓને થાય છે. માટે જ હિંદુ શાસ્ત્ર પ્રમાણે ચૈત્ર મહીનામાં નિમક કે મીઠું બંધ કરવામાં આવે છે. તથા ઘણા લોકો 'અલુણા' મીઠા વગરના ખોરાક લે છે. સામાન્ય રીતે ચૈત્ર મહીનામાં શરીરને ખુબ જ સાફ રાખવું જોઈએ.પાતળાં કોટનના કપડાં પહેરવાં જોઈએ, નિમક ઓછું લેવું જોઈએ અથવા બંધ કરવું જોઈએ. શરીરમાં પરસેવો ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. તડકો કે ધુપથી બચવું જોઈએ. છતાં ચામડીનો રોગ થાય, ત્યારે નીચે દર્શાવેલ દવાઓ લક્ષણ પ્રમાણે આપવી જોઈએ.

રીંગવર્મ ધાધરની દવાઓ:

**૧. મર્ક્યુરીયસ :** આખા શરીરમાં ધાધર થાય, તેમાં પણ જાંઘમાં, ગુપ્ત ભાગમાં ધાધર થાય, પરસેવાથી ખુજલી થાય, કાળી બળતરા થાય, રાત્રે દર્દી પથારીમાં સુવા જાય ત્યારે ખુબ જ ખુજલી આવે, દર્દી ખુબ જ ખણવા લાગે, ખુબ ખણવાથી લોહી આવે પછી ખણવાનું બંધ કરે.

ઘણીવાર ધાધરનો ભાગ ચીકણો હોય અને ખણવાથી ચીકણો ભાગ નીકળે, દર્દીનો દરેક ભાગ ચીકણો રહે, એટલું જ નહીં, ચહેરા ઉપર પણ ચીકાશ રહે, મોંઢામાંથી પણ ચીકણી લાળ નીકળે.

**૨. ટેલ્યુરીયમ :**રીંગ આકારના ગોળ ચકામા થાય, તેમાંથી ચીકણો પદાર્થ નીકળે જેખુબ જ ગંધ મારે જે લોકો હેરકટીંગ સલુનમાં દાઢી કરાવતા હોય તેને ચહેરા ઉપર ધાધર થાય, બાબર્સ ઈંચની આ ખાસ દવા છે. પગના તળિયામાં પરસેવો થાય તે પણ સતત ગંધાતો નીકળે.

**૩. પેટ્રોલીયમ :** રાત્રીના સમયે ખુબ જખુજલી આવે, પથારીમાં બેડ ઓર થાય, ચામડી સુકાયેલી રહે, ખરબચડી ચામડી થાય, ખુબ જ ખણવાથી ચામડી કડક ચાડી જેવી થાય આ દવા હેપીસમાં ખુબ જ ઉપયોગી બને છે. ખુબ જબળતરા થાય, ચામડી લાલ થાય, ચૈત્ર મહીનામાં ધાધર થાય **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# મોઢાના ચાંદા

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

જેમ 'દર્પણ જૂઠ ના બોલે', તેમ આપણું મુખડું એ પણ આપણા શરીર નું દર્પણ છે. શરીર માં થયેલા કે થવા વાળા રોગો ની નિશાની આંખ, નાક, હોઠ, ગાલ, આંખ ની નીચે નો ભાગ, કાન નું મૂળ, જીભ, તાળવું, દાંત, પેઢા, જીભ, જીભ નો નીચેનો ભાગ જેવા કોઈપણ ભાગ ઉપર કઈ ને કઈ આવી જ જાય છે. અને તે જોઈ ને નિષ્ણાત વૈદ્ય કહી શકે કે આ વ્યક્તિ ને કયો રોગ છે કે તેનું કારણ પણ શું છે. જો કે નાડીવિદ્યા પણ એક આવું જ વિજ્ઞાન છે.

મોઢા ના ચાંદા થવા ના સામાન્યત; ચાર કારણો જોવા મળે છે.

૧. કબજિયાત. ૨. જીર્ણ જવર ચહાડ તાવૃ. ૩. રક્ત દોષ. ૪. પિત પ્રકોપ- ગરમી.

ચ૧ૃ કબજિયાત.. મળ- મૂત્ર પ્રવૃત્તિ નો જયારે અટકાવ થાય ત્યારે અપાન વાયુની ઉદર્વ ગતિ થાય છે. આ અપાન વાયુ ની સાથે કોઠા ની ગરમી ચપાચક પિતૃ ભળતા મોઢા માં ચાંદા પડી જાય છે. .. તેમાં હરડે ચૂર્ણ, ત્રિફલા ચૂર્ણ, ઈસબગુલ નું ચૂર્ણ ની સાથે જેઠીમધ નું ચૂર્ણ લેવાથી ચાંદા દૂર થાય છે.

ચ૨ૃ જીર્ણ જવર;... હાઈ ટેમ્પરેચર સાથે આવેલો તરત નો તાવ એ નવીન જવર કહેવાય. પરંતુ એક વખત આવેલા તાવ ને દવા થી દબાવવામાં આવે એટલેકે જયાં સુધી અગ્નિ પ્રદીપ્ત ન થાય અને પિત નું વિરેચન ના થાય ત્યાં સુધી તાવ સંપૂર્ણપણે શરીર માં થી જતો નથી અને વારંવાર ફરી ફરી ને તાવ આવતો જાય છે જે મલેરિયા નું નામ ધારણ કરેછે. પરંતુ જયારે વારંવાર આવતા તાવ માં ધાતુઓ નો ક્ષય, શરીર ની કૃષતા, નબળાઈ, લોહી ઓછુ થવું, ખોરાક પ્રતિ રૂચી ના થવી, ભૂખ ના લાગે, વજન ઘટે, કારણ વિના થાક લાગે તેને જીર્ણ જવર કહીએ.

જીર્ણ જવર થી થતા મોઢા ના ચાંદા માં ધાતુ પુષ્ટી કરનાર, તાવ ને ઉતારનાર ને બળ વધારનાર ઔષધો જરૂરી છે. દૂધ નું સેવન, દૂધ સાથે ઘી નું સેવન, ડોડી, શતાવરી, જેઠીમધ કે ગળો દ્વારા સિદ્ધ કરેંલુ ઘી નું સેવન કરવાથી જીર્ણ જવર મટે, ધાતુઓ વધે, ને ચાંદા મટે.

શતાવરી, જેઠીમધ, આમળાં, ગળો સત્વ નું ચૂર્ણ પાણી સાથે લેવાથી ને દૂધ ના કોગળા કરવાથી પણ ચાંદા મટે.

ચ૩ૃ રક્ત દોષ- લોહી નો બગાડ .... મોઢા ના ચાંદા ને સંસ્કૃત માં મુખપાક કહેછે. આ મુખપાક ની સારવાર કરવા છતાં જો તે ના માટે તો તેને વાયુ,પિત કે કફ થી લોહી બગડ્યું છે તેમ સમજી ને સારવાર કરવી જોઈએ. .. આ લોહીબગાડ આજની પેથોલોજી લેબોરેટરી માં આજ સુધી ના સંસોધનો માં તો શોધી શકાયો નથી એટલેકે તેનું નિદાન તો વૈદ્ય જ કરી શકે કે આ દર્દી નું લોહી વાયુ, પિત કે કફ થી બગડ્યું છે.

★ સામાન્યત; લોહી શુદ્ધિ ની સારવાર માં.. નમક, ગળ્યું, ખાટુ ને વિરુદ્ધ ખોરાક ખાવા નહિ.

૧, ખેરછાલ ના પાણી ના કોગળા કરવા.

૨, ખેરછાલ, ત્રિફલા, મંજીષ્ઠ ચૂર્ણ ને પાણી સાથે લેવું.

૩, લીમડાની ગળો માં થી બનતી સંશમની વટી લોહીશુદ્ધ કરનાર, જીર્ણજવર મટાડનાર ને મુખપાક માટે નું સરસ ઔષધ છે.

૪. લીમડા ના ગળો ના ટુકડા ને વાટી રાત્રે પાણી માં પલાળી સવારે ઉકાળી ને ૫૦ મી.લિ સુધી પીવાથી પણ સંશમની વટી સમાન બધાજ લાભ થાય છે.

ચ૪ૃ પિત્ત પ્રકોપ... યુવાની, ગરમી ની ઋતુ, ગરમ ખોરાક, એલોપેથીક ગરમ દવાઓ વારંવાર ખાવાની ટેવ, વારંવાર આવતો તાવ ને તેની દવાઓ ની ગરમી ના કારણે પણ મોઢા માં ચાંદા પડે છે.

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બાર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# ઉનાળામાં ભોજન અને પોશાક

**સાઈકોથેરાપીસ્ટ**

કાળઝાળ ગરમીની ઋતુ સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. તેથી વિશેષ કાળજીની આવશ્યકતા રહે છે. આહાર પ્રત્યે પણ સભાન રહેવું પડે છે. ઉનાળામાં લૂ, કબજીયાત, અપચો, અતિસાર, હાઈ બી.પી., આધાશીશી, ત્વચા તથા વાળના રોગો અને તાવ જેવી બીમારીઓનું પ્રમાણ વધી જાય છે

વસંતઋતુની વિદાય પછી ઉનાળાની ગરમી પોતાનો રંગ જમાવવાનું શરૂ કરે છે. એપ્રિલ અને મે માસમાં લોકો ત્રાહિમામ પોકરી જાય તેવો તાપ પડે છે. તેથી ગરમીમાં ઠંડા પીણા, અવનવા શરબત, બરફના ગોળા, લસ્સી, આઈસ્કીમ, છાશ, ફળોના જ્યુસની ડિમાન્ડ વધી જાય છે. પોશાકમાં પણ પરિવર્તન આવી જાય છે. હળવા, મુલાયમ, સુતરાઉ વસ્ત્રોની ડિમાન્ડ વધી જાય છે. આયુર્વદ અનુસાર કાળઝાળ ગરમીની ઋતુ સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. તેથી વિશેષ કાળજીની આવશ્યકતા રહે છે. આહાર પ્રત્યે પણ સભાન રહેવું પડે છે. ઉનાળામાં લૂ, કબજીયાત, અપચો, અતિસાર, હાઈ બી.પી., આધાશીશી, ત્વચા તથા વાળના રોગો અને તાવ જેવી બીમારીઓનું પ્રમાણ વધી જાય છે. ગરમીની ઋતુમાં સ્વાસ્થ્ય સાથે તાજગી જાળવી રાખવાના ઉપાયો નીચે જણાવવામાં આવ્યા છે. ૧) અતિસારથી બચવા આ સિઝનમાં શીતળ જળનો વધુ ઉપયોગ કરવો.

૨) તાજા ફળોનો જ્યૂસ તથા રસદાર ફળો અવશ્ય ખાવા જોઈએ. ઘ) પાચન શક્તિ મંદ પડે છે તેથી અપચો થઈ જાય છે. માટે હલ્કો અને સુપાચ્ય ભોજન કરવું ભારે ભોજનથી દૂર રહેવું જોઈએ. ૪) હાઈ બી.પી. થી પીડાતા લોકોએ તડકામાં ફરવું નહિ. ઘર બહાર નીકળવું પડે તેમ હોય તો માથે હેટ, આંખે ગોગલ્સ અને છત્રી લઈને બહાર નીકળવું. તરબૂચનું સેવન વિશેષ કરવું. તે બી.પી ઓછું કરવામાં લાભદાયક છે. ૫) સૂર્યના આકરા કિરણો કોમળ ત્વચાને બાળી નાંખે છે. તેથી સનસ્ક્રીન લોશન લગાડીને જ બહાર નીકળવું.

૬) ઉનાળામાં પરસેવો વધુ થાય છે. સિન્થેટિક વસ્ત્રો શરીરને ચોંટી જાય છે. પરિણામે ત્વચાના રોગ વકરે છે. તેથી આછા રંગના સુતરાઉ વસ્ત્રો ધારણ કરવા. લીમડાના સાબુનો ઉપયોગ સ્નાન વખતે કરવો. ૭) દૂધી, ટામેટાં, કાંદા અને કાચી કેરી, ગાજર, તરબૂચનું સેવન લાભકારી છે. ૮) ઘઉં, જુવાર, ચોખાની રોટલીઓ ખાવી જોઈએ. તે શરીરને ઠંડક આપે છે. ઉનાળામાં બાજરીનો ઉપયોગ કરવો નહિ. ૯) ધાણા-જીરૂનો બારીક પાવડર તેમજ તાજા ફૂદીનાના પાનયુક્ત તાજી મોળી છાશ નિયમિત પીવાથી શરીરને શીતળતા મળે છે. કબજીયાતની તકલીફથી છૂટકારો થાય છે. લૂથી પીડિત વ્યક્તિ માટે છાશ પરમ ગુણકારી છે. ૧૦) માટીના વાસણમાં ચપટી ચંદન પાવડર, ધાણાજીરૂ પાવડર, ગુલાબની પાંખડીઓ તથા ખડી સાર પલાળી રાખવું. સવારે મસળીને નરણે કોઠે પીવાથી ઉનવાની તકલીફથી છુટકારો મળે છે. અને તન બદનમાં ઠંડક પ્રસરે છે. ૧૧) વાળમાં તથા પગના તળિયે મહેંદી લગાવવાથી ઠંડક અનુભવાય છે. ૧૨) ફ્રિજનું પાણી પીવાથી શરદી થઈ જતી હોય તો માટલાનું પાણી વધારે ગુણકારી છે. ૧૩) ઉનાળામાં પાચનશક્તિ મંદ પડે છે. તેથી મસાલેદાર, તળેલી અને ભારે વાનગીઓનું સેવન કરવું નહિ. ૧૪) ઉનાળામાં ત્વચાની સ્વચ્છતા માટે દિવસમાં બે વાર સ્નાન કરવું જોઈએ. પાણીમાં ગુલાબની પત્તીઓ, લીંબુનો રસ પણ નાંખી શકાય. ૧૫) દિવસમાં બે-ત્રણ વાર શરીરે ડિઓડરન્ટ છાંટવું જેથી પરસેવાની દુર્ગંધથી બચી શકાય. ૧૬) સ્નાન કર્યા પછી સારી બ્રાન્ડનો ટેલકમ પાવડર અવશ્ય છાંટો ૧૭) ઉનાળામાં પરસેવાથી માથાના વાળમાં ચીકાશ થઈ જાય છે. તેથી સપ્તાહમાં ૨ થી ૩ વાર માથું ધોવું જોઈએ. ચીકાશને લીધે વાળમાં ધૂળના રજકણો કે અન્ય કચરો ચોંટી જાય છે. પરિણામે ખોડો થવાની શક્યતા રહે છે. ખોડાથી વાળ ખરવાની સમસ્યા ઉત્પન્ન થઈ શકે છે. તેથી વાળની સ્વચ્છતાને ગંભીરતાથી લેવી. ૧૮) ઉનાળામાં વાસી ખાદ્ય પદાર્થો આરોગવા નહિ જે સ્વાસ્થ્યને નુકસાન કરે છે. ૧૯) બારી બારણાને પડદા રાખો. જેથી રૂમ ગરમ ન થઈ જાય. ૨૦) રાત્રે સૂતા પહેલા બેડરૂમના ભોંય તળીયે પોતું કરવાથી રૂમમાં ઠંડક પ્રસરે છે.

# નારી તું તો નારાયણી ફીર ભી તેરી યહી કહાની ?

**બનાઈ તુને દુનિયા સારી,**
**તેલી કર્લી સે હી બગીચાં ખીલી**
**કહેલાયે ફીર ભી પાંવ કી જુતી**
**નારી તેરી યહી કહાની....**
**બોકસ :નારી બની જીવી તો જુઓ..**
**રામ બની પુજાઓ છો આ લોકમાં,**
**પણ સીતા બની અગ્નિપરીક્ષા આપી તો જુઓ..!**
**કૃષ્ણ બની રચાવો છો રાસીલીલા**
**પણ રાધા બનીવિરહની વેદનામાં ઝુરી તો જુઓ..!**
**બુદ્ધ બની આપો છો જ્ઞાનભક્તિ,**
**પણ યશોધરા બનીએકલતાની આગમાં બળી તો જુઓ !**
**શંકર બની ભુતો સંગે રહો છો સ્મશાનમાં,**
**પણ શક્તિ બનીદાનવોનો સંહાર કરીતો જુઓ !**
**ગૌતમ ઋષિ બની કહેવાઓ છો સપ્તઋષિ,**
**પણ અહલ્યા બની કષ્ટશીલા કાપી વેઠી તો જુઓ !**
**નારીની મહાનતાને સતીત્વ ગણનારા**
**એક વાર નારી બની તો જીવી જુઓ !**

કોરા હૈયાં : બહોળા પાણીના દરિયા ઉલેચ્યાં કિનારે છતાં અમે કોરાં રહી ગયા, સફરમાં વાતો કેરા સીમાડા વટાવ્યા, ચાલ્યા છતાં જયાંના ત્યાં જ રહી ગયાં, કાળજડામાં કોરાયા તા ઉઝરડા ઘણાં, પણ સમયના સથવાર. આબાદ થઈ ગયા, ખોબલે ખોબલે પીધાં અમી તુજ પ્રેમનાં, છતાં તરસ્યા રહ્યા હૈયા

**મન બિલોરી કાચ** — **મંજુ પ્રજાપતી**

ભીતરમાં, જીવન કેરી રાહમાં હમસફર ઘણાં મળ્યાં, છતાં મંઝિલના પંથે તો બંદા એકલા જ રહ્યા..

હે નારી...!

સૈકાઓથી તું પુરૂષપ્રધાન સમાજમાં જકડાયેલી છે. હવે તો જાગ ! હવે તો તારા આત્માને જગાડ! આપણે કઈ દિશા તરફ પગલું માંડી રહ્યા છીએ, તે તરફ તું એક લાંબી નજર તો કર ! તારા પગ પર બંધાયેલ બેડીઓને તોડી નાખ અને છોડી દે આ સમાજની ઝંઝીરોને..

તને પશુની જેમ નિરાધાર જીવવાનીઆદત પડી ગઈ છે ? શું તું માણસોની જેમ જીવી નથી શકતી ? તારૂં બાળપણ વીતી ગયું, માતા પિતાની છત્રછાયામાં.. જુવાની જાય છે તારા પતિની આજ્ઞામાં.. અને ઘડપણ જાય છે દિકરા તથા પુત્રવધુના આશરામાં.. તું તો પશુ, કીડી મંકોડાથી ગઈ ગુજરી નીકળી તું તારી જાત સામે તો જો, ભગવાને તને પુરૂષજાતથી કંઈ જગ્યાએ ઉતરથી રાખી છે. એનો વિચાર કર્યો છે ખરો? અરે, પુરૂષ જેવા જ બે હાથ, બે પગ, બે આંખો તો પછી આટલું બધું અંતર કેમ ?

શું તારામાં બુધ્ધિ જેવું કોઈ તત્વ જ નથી.. શું તું તારા જીવનનો નિર્ણય લેવામાં સક્ષમ નથી ? ઘરના અગત્યના નિર્ણયમાં આખરી નિર્ણય પુરૂષ જ લઈ શકે? પછી એ યોગ્ય હોય કે અયોગ્ય ? એ સત્તાનો દોર એના હાથમાં સોંપ્યો કોણે તને ખબર છે ? એક સામાજીક વાત કહીએ તો ઘર લેવાનું હોય તો જમીન પણ વેચાઈ જાય અને ઠામ પણ શરૂ થઈ જાય પછી ઘરની સ્ત્રીને ત્યાં લઈ જઈ બતાવવામાં આવે, પુછવામાંઆવે, બોલ બધું બરોબર જ છે.. અને તારેરસોડું કયાં ગોઠવવાનું છે? તેનું પ્લેટફોર્મ કઈ તરફ રાખવું છે ? વગેરે વગેરે.. શું તું ઘરમાં શોકેશની ઢીંગલી છે ? શું તું પુરૂષના સમય પત્રકનું સ્ટેશન માત્ર છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# બકરીના દૂધમાં રહેલા શકિશાળી ફાયદા

**આરોગ્ય સંહીતા**

બકરીનું દૂધ કેટલાક રોગોની દવા છે. તેમાં જુદા જુદા મિનરલ હોય છે. બકરીનું દૂધ પીવાથી શરીરને જરૂરી પોષકતત્વોની પૂર્તિ થઈ જાય છે. સંશોધન દ્વારા જાણવા મળ્યુ છેકે બકરીનું દૂધ પચવામાં સરળ છે અને શરીરના વિકાસ માટે અત્યંત અસરકારક છે. તો જાણીએ તેના ફાયદા વિશે. બકરીનું દૂધ રોગ પ્રતિકારક શકિત વધારવામાં અતિ ઉપયોગી છે. તેમાં રહેલ સેલેનિયમ મિનરલથી રોગ પ્રતિકારક શકિતમાં વૃદ્ધિ થાય છે. આ કારણથી જ ડોકટરો પણ બકરીના દૂધનું સેવન કરવાની સલાહ આપે છે. તેમાં કેલ્શિયમ ઉપરાંત એમિનો એસિડ ટ્રાયપ્ટોફેન હોય છે, જે હાડકા-ઓને મજબૂત બનાવે છે અને શરીરને તંદુરસ્ત બનાવે છે. ફેટી એસિડ હોવાથી બકરીનું દૂધ અતિ ફાયદાકારક છે. તેમાં ૩૫ ટકા જેટલું ફેટી એસિડ હોય છે. દૂધમાં રહેલા લેક્ટોઝનને પચાવવામાં ઘણાંને તકલીફ પડે છે પરંતુ બકરીનું દૂધ સહેલાઈથી પચી જાય છે. સંશોધન દ્વારા સાબિત થયું છે કે બકરીનું દૂધ બળતરા અને સોજામાં પણ રાહત અપાવે છે. રોજ સવારે એક ગ્લાસ દૂધ પીવાથી દિવસભર તાજગી અને સ્ફૂર્તિ અનુભવાય છે. તેમાં રહેલું પોટેશિયમ બ્લડ પ્રેશરને કંટ્રોલ કરે છે. સાથે જકાર્ડિયો વેસ્કુચર સિસ્ટમને પણ ઠીકઠાક રાખે છે. નાનાં બાળકોને માટે બકરીનું દૂધ પરમ ગુણકારી અને પચવામાં હલકું હોય છે. તેમાં ફેટનું પ્રમાણ ઘણુ ઓછું હોવાથી તાજા જન્મેલા બાળકો પણ તેને સરળતાથી પચાવી શકે છે. તેનાથી પેટ ભારે થતું નથી. તેમાં રહેલ ફેટ એસિડ ખરાબ ફેટને ઘટાડે છે તેથી જેઓ વજન ઉતારવા માંગતા હોય તેઓને માટે બકરીનું દૂધ લાભપ્રદ છે. આમાં પૂરતા પ્રમાણમાં પ્રોટીન પણ હોય છે. બાળકો વિકાસઅને હાડકાંઓની મજબૂતી જાળવી રાખવા બકરીનું દૂધ અત્યંત ફાયદાકારક છે. ચયાપચયની ક્રિયાને વેગ મળે છે. બકરીના દૂધમાં ગાયના દૂધ કરતાં વધારે પોષક તત્વો હોય છે. રોજ એક કપ પીવાથી શરીરને આવશ્યક ૪૦ ટકા કેલ્શિયમ, ૨૦ ટકા વિટામીન બી, પોટેશિયમ અને ફોસ્ફરસની પૂર્તિ થઈ જાય છે. બકરીના દૂધમાં રહેલું ફેટીએસિડ કોલેસ્ટ્રોલ લેવલને કંટ્રોલ કરે છે તેથી હાર્ટ એટેક, સ્ટ્રોકસ અને રકતવાહીનીઓ સંબંધિત અનેક સમસ્યાઓથી છૂટકારો મેળવી શકાય છે. છેલ્લે 'ઊંટ મૂકે આંકડો અને બકરી મૂકે કાંકરો' એ કહેવત તમને યાદ હશે. કહેવાનો મતલબ એ છે કે બકરી કાંકરા સિવાય બધુ જ ખાય છે તેથી તેના દૂધમાંથી દરેક પ્રકારનાં પોષક તત્વો મળી રહે છે.

# વિભાજન દુ:ખ તણાવ ઈર્ષાનું જનક છે મન: તેની ભ્રામકતા મિટાવો, પામો આત્માનંદ...!

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

બાઈબલને જ પ્રમાણિત ગણવાવાળા ખ્રીસ્તી રૂઢીવાદીઓ છે. તેમ કુરાનને જપ્રમાણીત સમજતા મુસ્લિમો છે અને ગીતાને જ પ્રમાણિત ગણવાવાળા હિંદુઓ છે. મોટા ભાગના લોકો તેમની જુની પુરાણી ઘરેડને જસાચી માનીને તેના જ ગુલામ બની ગયા છે. દુનિયામાં જેટલા માનવીઓ, જાતિઓ, ધર્મો, દેશો છે એટલા જ એક જ ચીજ વિશેના જુદા જુદા મત છે અને દરેક પોતાના મતને સાચો અને બીજાના મતને ખોટો માને છે. વળી તેને પુરવાર કરવાની ધમાલમાં છે તેના માટે તેઓ સામાન્ય દલીલોથી માંડીને હિંસા કરીને લોહી વહાવવા પણ તૈયાર છે ! સત્યને કોઈ આકાર કે અર્થ હોતો નથી. તે તો એક જ છે સમગ્ર અને નિરાકાર હોય છે. તેને અર્થ કે વ્યાખ્યાના ચોકઠામાં મુકીને સીમીત બનાવી શકાતું નથી અને તેવી કોશીશ કરવા માત્રથી તે અસત્ય બની જાય છે પણ આપણે આવી સમજ ધરાવતા નથી. પરીણામે આપણે અચોક્કસ છીએ પણ આપણે આવી સમજ ધરાવતા નથી. પરીણામે આપણે અચોક્કસ છીએ આપણે જ્યારે ગુંચવાયેલા હોઈએ ભારે ક્ષોભ પામ્યા હોઈએ ત્યારે કોઈ દિશા મેળવવા માટે આપણે ભુતકાળ તરફ, કોઈ પ્રમાણ કે પુસ્તક તરફ નજર કરીએ છીએ.

દુનિયામાં એક જ હકીકત માટે અનેક પુસ્તકો છે, અસંખ્ય લેબલો છે એટલે અહીં પરંપરા અચોક્કસ છે. આપણી આસપાસ આપણને કોઈ એક જ દિશા કે મત કે ઉપદેશ સાચો છેએવું ઠસાવનારા અનેક નેતાઓ અને ધર્મગુરૂઓ છે. તેમણે મનુષ્ય જાતિનાં મનને જુદા જુદા અને વિરૂદ્ધ મતો, માન્યતાઓ અને દિશાઓમાં પ્રવાહીત કર્યા છે અને આ રીતે તેમણે માનવજાતને અંદરોઅંદર લડાવીને ભયંકર હિંસા અને યુદ્ધોને જન્મ આપ્યો છે. નિંદ્રાધીન મનુષ્ય સઘળી દિશાઓમાં એક સાથે જોવા સક્ષમ ન હોવાથી આવાલોકોના આદેશને માનીને ખાસ દિશાઓમાં વિચારવા અને દોડવા લાગે છે. પોતાની દિશા જ માત્ર સાચી છે એવું માનીને એક વાડામાં બંધ થઈ જાય છે અને પોતાના વાડાની બહારના બધા જ લોકોને તે અસત્ય, જુઠા અને પોતાના દુશ્મન માનવા લાગે છે.

માણસ જો વિસંવાદિતાનાં કારણોને જાણી શકે, તો તેમનો અંત લાવી શકાય. કોઈપણ કારણને તેનો અંત હોય છે. આપણે કયારેય એવું પુછતા નથી કે, 'જગતમાં આવા ગુંચવાડાનું, અખંડતાના અભાવનું, જેમાંથી ઉગરી ન શકાય એવી આ પતિત અવસ્થાનું કારણ કે કારણો કયા છે ? આ બધાનું મુળ શું છે ? વધુ પડતી વસ્તી અને ખરાબ સરકારોના કારણે આ બધું છે ? એમ આપણે કહીએ છીએ પણ આ બધા બાહ્ય લક્ષણો છે પરંતુ તેમનું સાચું કારણ શું છે તે આપણે કદી પુછતા નથી. જ્યારે આપણે કારણ તપાસવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે માણસ જુદા જુદા અભિપ્રાયો આપે છે. આપણે એટલા જ્ઞાની હોઈશું એટલો વધુ ભાર આપીશું.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# કાકડા(ટોન્સિલ્સ)ની સમસ્યા છે તો અજમાવો આ ઘરેલુ નુસ્ખા

**આરોગ્ય**

કાકડા એ તાળવાથી ગળામાં લટકતાં પેશીઓનાં બે જુથ (ગાંગડા) છે. આ બંને ગાંગડાની નીચેની બાજુની ધાર જીભની બાજુમાં ગળાનાં પાછલા ભાગમાં આવેલ છે. તે નાકની પાછળનાં ભાગમાં આવેલ છે. કાકડાનું કદ જુદુ જુદુ હોય છે અને તેમાં ચેપ સામેની પ્રતિક્રિયાનાં ભાગ રૂપે સોજો આવે છે

ગળાની અંદર બેક્ટેરિયલ ઈંફેક્શન થવાથી કાકડા થઈ જાય છે. ઋતુ બદલતા તેના પર વધુ અસર જોવા મળે છે. ઠંડીની ઋતુમાં આ સમસ્યા વધુ જોવા મળે છે. ટૉન્સિલ્સનો દુખાવો અનેકવાર એટલો વધી જાય છે કે ખાવા પીવાના સમયે પણ ખૂબ સમસ્યા થાય છે. તેમા ગળાની ખરાશ કાયમ રહે છે. જો તેનો ઈલાજ સમય પર ન કરાવ્યો તો આ જીવલેણ સાબિત થઈ શકે છે. આજે અમે તમને ટૉન્સિલ્સની સમસ્યામાંથી છુટકારો મેળવવા માટેના કેટલાક ઘરેલુ ઉપાય બતાવી રહ્યા છીએ.

**લીંબૂ અને આદુ** - ટૉન્સિલ્સની સમસ્યાથી મુક્તિ અપાવવા માટે લીંબૂ અને આદુનો ઉપયોગ કરો. લીંબૂનો રસ અને વાટેલુ આદુને પાણીમાં ઉકાળી કોગળા કરો. દર અડધા કલાલ પછી આવુ કરો. તેનાથી જલ્દી આરામ મળશે.

**સંચળ** - સંચળનો ઉપયોગ કરીને પણ ટૉન્સિલ્સથી છુટકારો મેળવી શકાય છે. ગરમ પાણીમાં સંચળ નાખીને કોગળા કરો. તેનાથી ગળાનો દુખાવો જલ્દી દૂર થાય છે.

**૪. લીંબૂ અને મધ** - ગરમ પાણીમાં થોડો લીંબૂનો રસ અને મધ નાખીને પીવો. તેનાથી ગળાનો દુ:ખાવો જલ્દી ઠીક થશે.

**૫. બેકિંગ સોડા** - ટૉન્સિલ્સથી પરેશાન છે તો પાણીમાં બેકિંગ સોડા નાખીને કોગળા કરો. તેનાથી ગળાનુ ઈંફેક્શન દૂર થશે.

**૬. દૂધ અને હળદર** - એક કપ ગરમ પાણીમાં અડધી ચમચી વાટેલી હળદર મિક્સ કરો. તેનાથી કાકડામાં જલ્દી આરામ મળશે.

### હોમીયોપેથીક

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

ત્યારે આ દવા વિશેષ ઉપયોગી બને છે. જે લોકોને બગલમાં કોણીમાં, કાનની પાછળ ચકામા થાય ત્યારે પણ આ દવા આપવામાં આવે છે.

**૪. હીપારસલ્ફ :**ધાધર થઈ હોય તે ભાગ બહુ જ ગંદો લાગે, દર્દીને સહેજ પણઈજા થાય, તેમાં પસ થાય, ચામડી ઉપર સોજા આવે, ધાધરના ભાગમાં મોટાં ચકામા થાય, મેં એવા ઘણા દર્દીઓ જોયા છે કે જેઓને પહેલે પ્યુબીક ભાગ કે ગ્રોઈન ભાગમાં અથવા જાંઘમાં ધાધર રીંગવર્મનું નાનકડું ચકામું થઈ જે બીજી સારવાર લીધા બાદ પેટ સુધી મોટી રીંગો થતી હોય છે અને પેટના ભાગ સુધી વધી જાય અને દિવસ રાત ખુજલી આવ્યા કરે, કાળી બળતરા થાય ત્યારે લક્ષણ પ્રમાણે હીપારસલ્ફ દવા આપવાથી હજારો લોકોને ધાધર મટી જાય છે.

આ સિવાય બેસીલીનમ, મેઝેરીયમ, એન્ટીમક્રુડમ, કાલીસલ્ફ, કલ્કેરીયાસલ્ફ વિગેરે દવાઓ લક્ષણ પ્રમાણે આપવામાં આવે છે.રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે શનિવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે. દર રવિવારે અમદાવાદમાં અક્ષત કોમ્પલેક્ષ ગુરુકુળ મેમનગર ખાતે મળશે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

### મન બિલોરી કાચ

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

તું લજ્જાની, પ્રેમની, નમ્રતાની મૂર્તિ જ બની રહેવા માગે છે.. પ્રેમ કરવાનું એક સાધન માત્ર બની રહેવા માગે છે ?

ઘર પરિવારની જવાબદારીઓ મહત્વની બાબતન છે પણ એ પુરૂષ અને સ્ત્રી બંનેની જવાબદારી છે. તારી એકલીની નહીં, દીકરાને નવ મહીના ગર્ભમાં રાખી પોતાનું દુધ પીવડાવી, મમતાથીજતન કરી મોટો તું કરે અનેએ જ પુત્રનાં જીવનમાં નિર્ણય લેવામાં તને પુછવામાં ન આવે ? દિકરીના હાથે ભુલ થાય તો બધો જ વાંક માનો કાડે ? પુરૂષ બીચારો કામે જાય પણ એની માએ ધ્યાનરાખવું જોઈએ ને ! અને જ્યારે દીકરો કંઈક સારી નામના મેળવે તો કહેવાય ફલાણાભાઈનો દિકરો છે પછી હોય જ ને ! મોરના ઈંડાને કાંઈ ચીતરવા ન પડે વાટા ઉછેરીને મોટો કરનારનય કાંઈ જ નહીં..

તને ખબર છેઆ જગતમાં મોટા મોટા રાજદુલારા જન્મ્યા એ પણ તારી જ કુખે.. અને તારા જ સંસ્કારોના સિંચનથી ઉત્તમ કામ કરી દુનિયામાં અમર બની ગયા. શીવાજી, સંત તુકારામ, સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ.. વગેરે વગેરે... અનેક મહાપુરૂષોની રગેરગમાં તારૂં જ લોહી અને તારા જ સંસ્કારો વહેતા હતા.આ ઈતિહાસને અજોડ વારસો એ જ અર્પેલ છે ને છતાં આજે તને જ દાસી ગણવામાં આવે છે. તારા નામે જ બિભત્સ ગાળો બોલાય છે.. તારા જ પર બળાત્કાર કરી તારી સ્ત્રીત્વને હણી નાખવામાં આવે છે. ઉઠ ઉભી થા.. જો તું જ આમ દયનીય સ્થિતિમાં પડી રહીશ તો તારો ઉધ્ધાર કરવા કોઈ આવવાનું નથી. તારો ધર્મ તારે તારી જાતે જ રચવો પડશે.. તારા આચરવાના નિતી નિયમો તારા મૂલ્યો તું તારે હાથે જ બનાવ..

સ્ત્રીઓને પડદામાં રાખનારા, તેમની અગ્નિ પરીક્ષા લેનારા, સ્ત્રીને જુગારમાં દાવ પર લગાવનારા,શું બધા નારી જાતિનાં હતાં ? ના તો તારા માતૃત્વને દીપે એવો તારી મર્યાદાના ઘરેણાને મહેંકાવે એવો ધર્મ તું તારી જાતે જ લખ.. બસ જીવનમાં કંઈક નાવિન્ય, બાળકોમાં ઉચ્ચ સંસ્કાર સિંચન કરી શકાય તેવી કેળવણી, તું આર્થિક રીતે પગભર થાય તેવું શિક્ષણ મેળવ.

ઉભી થા ! તારી લાચારીનો માર એક ઠોકર.. તને જન્મ આપનાર માતા પિતાને પણ ધન્યવાદ આપવાનું મન થાય એવું તારૂં જીવન આબાદ કર.. જેથી આ દુનિયામાં થતી ભ્રૂણ હત્યા અટકે. કાચી કુંવારી, નાજુક, નમણી બાલીકાઓ પર થતાં અત્યાચાર અટકે. જો તું નહીં જાગે તો આવીને તને કોઈ જગાડવાનું નથી. કોઈ આવીને તને મદદ કરે એવી તનેઆદન પડી ગઈ છે.

પુરૂષને સહારાની આદત પડી ગઈ છે. શું તું નથી જાણતી સમાજમાં થતી તારી અવગણના, શોષણ અને અપમાન માટે જવાબદાર કોણ છે ? જર, જમીન, ને જોરૂ એ ત્રણેય કજીયાના છોરૂ ને સ્ત્રીની બુધ્ધિ પગની પાનીએ તો ઢોર ગવાર, પશુ નારી યે તાડન કે અધિકારી આ બધું તારા માટે જ કહેવાયું છે ને ! આના માટે જવાબદાર કોણ છે ? આપણો પુરૂષ પ્રધાન સમાજ જ. શું તું એકલી રહીને નિર્ભયને સ્વતંત્ર જીવન નથી જીવી શકતી ? કોઈ તને આવીને દિલાસો આપે, આશ્વાસન આપે કે છોડી દે આવા વેવલાવેડા.. નથી જોઈતી ભીખમાં દયા નથીજોઈતી મદદ.હે નારી ! આજે તારા માટે લડનારા પુરૂષોને ગર્વ થશે. એમની પણ કિંમત વધશે. સ્ત્રી જાતે જ કમજોર બની ગઈ છે. એટલે જ આજે સ્ત્રી અનામત માંગવું પડે છે. આ સ્ત્રી અનામત એટલે શું ? કેમ સ્ત્રીઓ માણસ નથી ? શું પુરૂષ કરતાં જુદી છે ? જવાબ તારે જ આપવાનો છે અને તને જવાબ મળશે જ કયારે..? તારો આત્મા જાગશે ત્યારે....!!!-**મંજુ પ્રજાપતી**

### માનસ..

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

આવાં બાહ્ય કારણોના પરિણામે આપણે જગત અને વિવિધ દેશો વચ્ચે ચાલતા હિંસક તોફાનોમાં સપડાઈ ગયા છીએ.

દરેક રાષ્ટ્ર અને દરેક જુથ યુદ્ધની તૈયારીઓ કરી રહ્યું છે.બધા દેશો ખાસ કરીને ઉદ્યોગપ્રધાન દેશો બધાને શસ્ત્રો પુરા પાડી રહ્યા છે. ‘આપણે યુદ્ધ કેમ કરીએ છીએ ?’ એકબીજાને કેમ મારીએ છીએ ? કેમ કતલ કરીએ છીએ ? એ પુછવાની આપણે કયારેય કોશીશ કરતા નથી! બસ આપણા દેશનું રક્ષણ થવું જોઈએ તેમ બધા માને છે. તમારો દેશ એ શું છે સીમીત ભૂખંડ? તે તમારૂં મકાન? કુટુંબ, બેંકના ખાતાં ? તમારા વિચારો ? ધર્મગ્રંથો ? કે પછી શું છે ? આખું વિશ્વ પતન પામી રહ્યું છે.છિન્નભિન્ન થઈ રહ્યું છે અને છતાં આપણે મુળભુત કારણોની તપાસ કરતા નથી !!

તેનું ખરૂં કારણ શું છે તેનો તમે જવાબ મેળવવા પ્રયત્ન નથી કરતા. જવાબ માટે છાપાઓ, તમારા ધર્મગુરૂઓ કે નેતાઓ પર આધાર રાખો છો. પછી તમે વાતાવરણનો દોષ નિકાળો છો ? સરકારમાં યોગ્ય નેતાઓ નથી, યોગ્ય ધર્મગુરૂઓ નથી આવું વાતાવરણ છે..જો તમે આવાં બહાનાં કાઢવાને જ ખરૂં કારણ માનતા હો તો એનો અર્થ એ કે તમે પરંપરાની, ધર્મગ્રંથોની, નેતાઓની, ધર્મગુરૂઓની અને સમાજ સુધારકોની વાતો અને વાણી ઉપર સઘળો આધાર રાખો છો. જ્યારે તમે બીજા ઉપર આધાર રાખો છો ત્યારે તમે ક્રમશઃ નિર્બળ અને અશકત બનતા જાઓ છો. તમે સ્પષ્ટ અને તટસ્થ વિચારવા અસમર્થ બની જાઓ છો. આ એક હકીકત છે. શું વિચારવું તે વિશે તમને છાપાઓ કયારેય સાચું માર્ગદર્શન નહીં આપી શકે ! આ પણ એક હકીકત છે. તમે જે સભાઓ કે પ્રવચનમાળાઓમાં જાવ છો, તેમાં તમને ઉપદેશ મળે છે તેથી તમારામાં આત્મનિર્ભરતાનો અભાવ, પોતાની જવાબદારીઓના ભાનનો અભાવ પેદા થાય છે ? તે સઘળા ગુંચવાડાનું મુખ્ય કારણ છે. આપણે અન્ય ઉપર આધાર રાખીએ છીએ તેથી બિનજવાબદાર બની ગયા છીએ.

કોઈના પર આધાર રાખ્યા સિવાય ‘આત્મદીપ’ થવું શું શકય છે ? તમારે ટપાલી ઉપર, દુધવાળા ઉપર, ચાર રસ્તા ઉપર નિયંત્રણ રાખતા પોલીસ ઉપર આધાર રાખવાનો હોય છે. જો મનુષ્યે પોતે પોતાનો દીવો બનવું હોય તો, તમારી જાતે સ્પષ્ટતાથી વિચારવા માટે, તમારા પોતાના પ્રત્યાઘાતો અને પ્રતિભાવો નિહાળવા માટે આંતરિક રીતે મનોવૈજ્ઞાનિક રીતે, અન્ય ઉપર આધાર રાખવો જોઈએ નહીં. ‘આપ દીપો ભવ’ નો અર્થ આત્મવિશ્વાસ કે આત્મનિર્ભરતા નથી. આત્મવિશ્વાસ તો સ્વાર્થનો એક ભાગ છે. તે ‘હું’ પદનો એક ભાગ છે. આત્મદીપ થવા માટે પુર્ણ સ્વતંત્રતાની આવશ્યકતા છે ! પ્રતિબદ્ધ મગજની નહીં, પરંતુ એકદમ સ્પષ્ટ નિર્બંધ મગજની આવશ્યકતા છે. વળી ક્રિયાશીલ મગજને પડકાર કરવા, પ્રશ્ન કરવા, શંકા ઉઠાવવા માટે શક્તિ હોવી જોઈએ.**ડૉ. પ્રવિણ પટેલ**

# વરિયાળીની ચા પીવાના ૫ અચૂક ફાયદા

મુખવાસ એટલે કે માઉથફ્રેશનરે રીતે ખાવવાની વરિયાળી આરોગ્ય માટે ખૂબ ફાયદાકારી હોય છે. વરિયાળીની ચાનો સેવન , ઘણા રીત સ્વાસ્થય સમસ્યાઓથી બચાવી શકે છે. જાણો વરિયાળીની ચા પીવાના આ ૫ સરસ ફાયદા

૧. પેટમાં થતા બળતરા , એસીડીટી , ગૈસ , પેટમાં દુખાવા , ડાયરિયા અને મહિલાઓમાં માસિક ધર્મના સમય થનાર દુખાવમાં પણ વરિયાળીની ચાનો સેવન ફાયદા પહુંચાડે છે.

૨. લોહીને સાફ કરવા માટે વરિયાળી ખૂબ ફાયદાકારી છે. આ ન માત્ર બ્લ્ડ પ્યૂરીફાયર એટલે કે રક્તશોધક છે. પણ તમારા લીવર અને કિડની માટે પણ લાભકારી છે.

૩. આ શરીરમાં વસાનો જમાવને ઓછું કરે છે અને તમારા વજનને ઓછું કરવામાં મદદગાર સિદ્ધ હોય છે. આ તમારી પ્રતિરોધક ક્ષમતાને પણ વધારે છે.

૪. એંટીઓક્સીડેંટથી ભરપૂર આ ચા તમને તબાવ રહિત રહેવામાં મદદ કરશે અને તમારા દિલનો પણ ખ્યાલ રાખવામાં સહાયક હશે. આ તમને સતત તરોતાજા અનુભવ કરાવશે.

૫. ત્વચામાં ચમક પૈસા કરીને આ ચા તમને આકર્ષનને વધારવામાં મદદ કરશે અને કરચલીઓને ઓછું કરીને યુવાન જોવાવામાં પણ.

## ફળો ઉનાળામાં કુદરતી ફ્રિજ જેવું કામ કરે છે

ધોમધખતા તાપમાં શરીરમાંથી પાણી ઓછું થાય તેની ભરપાઇ કરવા કુદરતે આપેલાં રસદાર અને મિનરલ્સથી ભરપૂર ફળોનો ગુણોનો લાભ લઇને શરીરને તાજુંમાજું રાખી શકાય છે

કુદરતે પ્રત્યેક ઋતુને અનુરૂપ ફળો આપણને આપ્યાં છે. ઉનાળાના ધોમધખતા તાપમાં શરીરમાંથી પાણી ઓછું થાય તેની ભરપાઇ કરવા કુદરતે આપેલાં રસદાર અને મિનરલ્સથી ભરપૂર ફળોના ગુણોનો લાભ લઇને શરીરને તાજુંમાજું રાખી શકાય છે. સાધારણ રીતે વ્યક્તિ આખા દિવસમાં સમારેલા ફળના ૨-૩ નાની સાઇઝના બાઉલ અને ગરમીના દિવસોમાં ૩-૪ બાઉલ ખાય અથવા મિડિયમ સાઇઝનું એક ફળ જેમ કે સફરજન, પેર, મોસંબી, સંતરું લે તો પૂરતા પ્રમાણમાં પાણી અને અન્ય તત્ત્વો મળી રહે છે. એમાંય કલિંગર, સક્કરટેટી, પપૈયું અને અનનાસ ખૂબ ગુણકારી છે.કલિંગરઃ તેમાં ૯૨ ટકા પાણી હોવાથી તે ગરમીની ઋતુનું લાભદાયક ફળ ગણાય છે.ગુણઃ કલિંગરમાં વિટામિન એ, સી અને બી ભરપૂર માત્રમાં હોય છે. સોડિયમ, પોટેશિયમ અને મેગ્નેશિયમ જેવાં મિનેરલ્સ પણ હોય છે. કલિંગર જ એકમાત્ર એવું ફળ છે જેમાં લાઇકોપિન નામનું એન્ટિ ઓક્સિડન્ટ હોય છે. કેમિકલ્સ, ટોક્સિન્સ અને ફાસ્ટફૂડ વગેરે ખાવાથી ફ્રી રેડિકલ્સ ઉત્પન્ન થાય છે જે શરીરને ખૂબ જ નુકસાન પહોંચાડે છે. આગળ જતાં કેન્સર, હાર્ટ અટેક, સ્ટ્રોક વગેરે બીમારી આવે છે. લાઇકોપિન આ ફ્રી રેડિકલ્સને ઘટાડી શરીરને નુકસાનથી બચાવે છે.લાભઃ કલિંગરમાં લાઇકોપિનને કારણે પ્રોસ્ટેટ, કેન્સર થવાની શક્યતા ઘટે છે. આ લો કેલરી ફળ વજન ઘટાડવા માગતા લોકોને ખૂબ ઉપયોગી થાય છે. કલિંગર હાઈ બ્લડપ્રેશર ઘટાડવામાં અને રોગપ્રતિકારકશક્તિ વધારવામાં મદદ કરે છે.કેલરીઃ ૧ કપ સમારેલું કલિંગર (૧૫૨ ગ્રામ) = ૪૮.૬ કેલરી. ૧ ગ્લાસ કલિંગર જ્યુસ (૨૦૦ મિ.લી.) = ૮૫ કેલરી.પપૈયુંઃ પપૈયું હલકું અને લો કેલરીવાળું હોવા છતાં ગુણોમાં ઉત્તમ ફળ છે. તેમાં વિટામિન એ, ઇ, સી, કે અને ફોલિક એસિડ સારા એવા પ્રમાણમાં હોય છે. તેમાં બીટાકેરોટિન નામનું એન્ટિ ઓક્સિડન્ટ હોય છે જે શરીરને નુકસાનીથી બચાવે છે.લાભઃ પપૈયું પાચનશક્તિ વધારે છે. તેમાં રહેલું પપેન નામનું એન્ઝાઇમ ખોરાક પચાવવામાં મદદ કરે છે. પપૈયામાં ફાઇબર (રેસા) અધિક માત્રામાં હોવાથી કબજિયાત મટાડે છે, વજન ઘટાડે છે.

## તમારા હાથ પગ વારેઘડીએ સુન્ન થઈ જતા હોય તો અપનાવો આ ૭ ટિપ્સ

હાથ અને પગ સુન્ન થઈ જવુ આજકાલ એક સામાન્ય સમસ્યા છે. આ સમસ્યામાં વધુ સમય સુધી હલન ચલન કર્યા વગર એક જ અવસ્થામાં બેસી રહેવાથી હાથ પગની કેટલીક નસો દબાય જાય છે. જેનાથી એ નસોને ઓક્સીજન નથી મળી શકતો અને તે સુન્ન થઈ જાય છે. આ પરેશાની ઉભી થવાના અનેક કારણો હોઈ શકે છે. અનેકવાર શરીરમાં પોષક તત્વોની કમીને કારણે હાથ પગ સુન્ન પડી જાય છે અને અનેકવાર થાક, સ્મોકિંગ, વધુ પડતી દારૂનું સેવન કે ડાયાબીટિસ હોય તો પણ આ પરેશાનીનો સામનો કરવો પડી શકે છે. આજે અમે તમને કેટલક આવા જ ઘરેલુ ઉપાયો બતાવીશુ જેને અપનાવીને તમે આ પરેશાનીથી મુક્ત થઈ શકો છો. ?

**૧. કુણા પાણીમાં પગ પલાળો** - જો તમારા હાથ કે પગ સુન્ન થઈ ગયા છે તો તમે એક વાસણમાં કુણું પાણી લો અને તેમા સેંધાલૂણ નાખો. પછી તેમા સુન્ન થયેલ અંગ લગભગ ૧૦ મિનિટ માટે રાખી મુકો. આવુ કરવાથી ખૂબ આરામ મળશે.

**૨. તજનો પ્રયોગ કરો** - તજમાં ખૂબ માત્રામાં ન્યૂટ્રિએંટ્સ રહેલા હોય છે. જે હાથ અને પગમાં બ્લડ ફ્લો વધારે છે. એક શોધ મુજબ રોજ ૨-૪ ગ્રામ તજ પાવડરને લેવાથી બ્લડ સર્કુલેશન વધે છે. આ માટે ૧ ચમચી તજ અને મધ મિક્સ કરીને સવારે થોડા દિવસ સુધી સેવન કરો.

**૩. શારીરિક કસરત કરો** - શારીરિક કસરત કરવાથી તમારા શરીરની નસોને ભરપૂર પ્રમાણમાં ઓક્સીઝન મળે છે. અંગોનુ વારેઘડીએ સુન્ન પડી જવાની સમસ્યા ખતમ થઈ જાય છે.

**૪. મસાજ કરો** - હાથ પગના સુન્ન પડી જતા જૈતૂન કે પછે સરસવના તેલને થોડુ ગરમ કરી તેનાથી હાથ પગની માલિશ કરો. તેનાથી નસો ખુલે છે અને બ્લડ સર્કુલેશન વધે છે અને શરીર ઠીક થઈ જાય છે.

**૫. હળદર અને દૂધ** - હળદર એંટીબેક્ટેરિયરલ અને ઔષધીય ગુણોથી ભરપૂર હોય છે. આ શરીરમાં બ્લડ સર્કુલેશનને વધારવાનુ કામ કરે છે. જ્યારે તમારા હાથ કે પગ સુન્ન પડી જાય તો તમે હળદરવાળા દૂધમાં મધ નાખીને પી શકો છો.

**૬. ગરમ પાણીથી સેકો** - તમે આ અવસ્થામાં ગરમ પાણીની બોટલથી સુન્ન પડેલા ભાગની સારી રીતે સેકાય કરો. તેનાથી તમને ખૂબ આરામ મળે છે.

**૭. મેગ્નેશિયમનુ સેવન જરૂર કરો** - લીલા શાકભાજી, મેવા, ઓટમીલ, પીનટ બટર, અવાકાંડો, કેળા, ડાર્ક ચોકલેટ અને લો ફૈટ દહીમાં મેગ્નેશિયમ ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે. તેનુ સેવન કરવાથી પણ આ સમસ્યામાંથી મુક્તિ મેળવી શકાય છે.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. .................ઉ.વ.
પરિચયઃ ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ........................................

# પીવો ૧ કપ આદુંનું જ્યૂસ, મળશે ગઠિયા, ડાયાબિટીસ અને કોલેસ્ટ્રોલથી છુટકારો

આપણે આદુનો પ્રયોગ ભોજન બનાવવામાં કરીએ છીએ. કારણ કે આ માત્ર ભોજનના સ્વાદ જ નથી વધારતુ પણ રોગોથી છુટકારો પણ અપાવે છે. પણ શું તમે ક્યારેય વિચાર્યું છે કે રોજ આદુ ખાવાને બદલે એનું એક કપ જ્યૂસ પીવાય તો કેટલાય રોગ થી છુટકારો મળી શકે છે?

આદુંનું જ્યૂસ તમને શરદી-ખાંસી, પેટની ખરાબી, ગળાના દુખાવો, સાંધાનો દુખાવો, મધુમેહ diebities, વધેલ કોલેસ્ટ્રોલ ઓછું કરવામાં અને કેંસર જેવા રોગોથી છુટકારો અપાવી શકે છે. જો તમને જાણવું છે કે આ કેવી રીતે શક્ય છે તો આ આગળ વાંચો અને જાણો એમના ફાયદા પણ ...

# ભીંડા જ નહી ભીંડાનું પાણી પણ છે લાભદાયક

આરોગ્યપ્રદ રહેવા માટે ડાયેટમાં લીલા શાકભાજીનો સમાવેશ કરવો ખૂબ જરૂરી છે. લોકો લીલા શાકભાજીમાંથી સૌથી વધુ ભીંડા પસંદ કરે છે. ભીંડામાં વિટામીન સી અને મેગ્નેશિયમ જેવા તત્વો જોવા મળે છે. જે શરીરની અનેક બીમારીઓને દૂર રાખે છે. ભીંડા જ નહી તેનુ પાણી પણ આરોગ્ય માટે ખૂબ લાભદાયક છે. ભીંડાના રસનું સેવન કરવાથી કાર્બોહાઈડ્રેટ-ફાઈબર અને પ્રોટીન મળે છે.

ભીંડાનો રસ બનાવવાની રીત

- ૫-૬ ભીંડા લઈને તેની કિનાર કાપી લો. ત્યારબાદ તેને વચ્ચેથી કાપી લો અને પછી પાણીમાં પલાળી દો.
- ઓછામાં ઓછા ૪-૫ કલાક તેને પાણીમાં પલાળી રાખો. પછી ભીંડાના ટુકડા નિચોવીને કાઢી લો. તેમા થોડુ પાણી મિક્સ કરો.
- ભીંડાના રસનુ સેવન નાસ્તો કરતા પહેલા કરો.

**ફાયદા :** ૧. ભીંડાના રસનુ સ્સેવન કરવાથી વજન ઓછુ થાય છે. આ ઉપરાંત બ્લડ શુગ કંટ્રોલમાં રહે છે. ૨. જો તમે ખાંસીથી પરેશાન છો તો ભીંડાના રસનુ સેવંકરો. તેમા રહેલ તત્વોથી ખાંસીથી છુટકારો આપવામાં મદદરૂપ છે. ૩. ભીંડાનો રસ ગળાની ખરાશ દૂર કરવામાં સહાયક છે. કિડનીની બીમારી માટે આનો રસ લાભકારી છે. ૪. એનીમિયાથી પીડિત વ્યક્તિ માટે ભીંડાનો રસ ખૂબ લાભદાયક છે. તેમા વિટામિન, મેગ્નેશિયમ જોવા મળે છે. જે એનિમિયાના સારવારમાં મદદ કરે છે. ૫. આ ઉપરાંત આ રસ હાડકાને મજબૂત કરવામાં પણ મદદરૂપ છે.

## આરોગ્ય સલાહ - અનેક રોગોની એક દવા છે ભીંડા

ભીંડા ફક્ત એક શાકભાજી જ નહી પણ આપણા શરીરને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે.

- ભીંડામાં વિટામિન એ, બી, ઈ ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે અને મેગ્નેશિયમ, પોટેશિયમ. કેલ્શિયમ જેવા તત્વો પણ જોવા મળે છે. ભીંડાનુ સેવન કરવાથી આપણુ શરીર અનેક રોગોથી છુટકારો મેળવી શકાય છે.

-ભીંડામાં રહેલા ચીકણા રેસાદાર ફાઈબર આપણા શરીરને સ્વસ્થ રાખે છે.

- ભીંડાનુ સેવન કરવાથી પેટ સંબંધિત રોગો જેવા કે પેટનો દુઃખાવો, કબજિયાત, પેટમાં ભારેપણુ અનુભવવુ જેવી બધી સમસ્યાઓમાંથી રાહત મળે છે અને સાથે આપણી પાચન ક્રિયાને પણ ઠીક કરવામાં મદદ કરે છે.

- ભીંડાનુ સેવન કરવુ ડાયાબીટિશના રોગીઓ માટે પણ ફાયદાકારી સાબિત થાય છે.

- ભીંડાના શાકનુ સેવન કરવાથી નેત્ર દ્રષ્ટિ તેજ થાય છે અને આંખો સંબંધિત રોગોમાંથી રાહત મેળવી શકાય છે.

- વાળોની સારી કંડીશનિંગ માટે ભીંડાને પાણીમાં ઉકાળીને એ પાણીમાં લીબુના કેટલાક ટીપા નાખીને વાળમાં લગાવો.

-ભીંડામાં રહેલા લસદાર ફાઈબર અને કેલ્શિયમ હાડકાઓ માટે ફાયદાકારી હોય છે અને સાંધાના દર્દમાંથી રાહત અપાવવામાં મદદરૂપ સાબિત થાય છે.

- ભીંડામાં એવા એંટીઓક્સીડેંટ્સ જોવા મળે છે જે આપણી ત્વચા માટે ફાયદાકારી સાબિત થાય છે. ભીંડાનુ સેવન કરવાથી ચેહરાના દાગ-ધબ્બાથી રાહત મળે છે અને ચેહરાની કરચલીઓમાંથી રાહત મળે છે.

-ભીંડાનું સેવન કરવાથી યુરીન ખુલીને આવે છે અને બળતરા પણ ઓછી થાય છે.

- ભીંડા વજન ઓછુ કરવામાં પણ મદદ કરે છે. તેનુ સેવન કરવાથી વજન ઘટવુ શરૂ થઈ જાય છે.

**રામ મંદિર ...**

**પાના નં.૧ ચાલુ**

પાડવા સહીતના મુદ્દાઓનો સમાવેશ થતો હતો.આજે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે સઘન સુરક્ષા બંદોબસ્તની વચ્ચે આયોજિત કરવામાં આવેલા વિરાટ હિંદુ સંમેલનને વિહિપના સુરેન્દ્ર જૈન,ડો.કૌશીક મહેતા, રણછોડ ભરવાડ, ગઢડાના એસપી સ્વામી, સરસપુરના અખિલેશ દાસજી મહારાજ વગેરેએ સંબોધિત કર્યુ હતું.સુરેન્દ્રજૈને જયાં ભગવાન રામનો જન્મ થયો છે.ત્યાં જ રામમંદિર બનાવવા હાકલ કરી હતી. રણછોડ ભરવાડે દેશમાં દરેક યુવાન હિન્દુ ફર્સ્ટની લાગણી અનુભવે છે.ત્યારે હિંદુ હિતના કામ થવા જોઈએ.એવી વાત રજુ કરી હતી. એસપી સ્વામીએ કહ્યું કે,જો સરકાર મંદિર નિર્માણ માટે પહેલ નહીં કરે તો વિહિપ, બજરંગદળ, દુર્ગાવાહિનીના સેંકડો કાર્યકરો મંદિર નિર્માણ માટે અયોધ્યા પહોંચશે. વિહિપના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ ડો.તોગડિયાએ પોતાની લાક્ષણિક સ્ટાઈલમાં કહ્યુ હતુ કે,સરકારમાં બેઠેલા સરદારની જેમ વાતો કરે છે.હું કહું છુ કે,સરદારની જેમ વાતો નહીં સરદારની જેમ કામ કરો.તેમણે દેશમાં હિંદુઓ મુસ્લિમો દ્વારા સંતાનો પેદા કરવામાં આવી રહ્યા હોવાના કારણે ખતરામાં હોવાનું કહી.સરકારને હિંદુઓના હિતમાં કામ કરવા કહ્યું હતુ. આ દેશમાં મુસ્લિમોના સંતાનોને ભણવા સરકાર સ્કોલરશીપ સહીતના લાભો આપે છે .તો હિંદુઓના સંતાનોને શા માટે નહીં. આમ કહી તોગડિયાએ સરકાર ઉપર પ્રહાર કરતા કહ્યું કે,સંતાનો વધુ મુસ્લિમો પેદા કરે અને સહન હિંદુઓના સંતાનોને કરવાનું.એવો સણસણતો સવાલ કરી.હિંદુઓના સંતાનોને પણ લાભ આપવા કહ્યું હતું.રામમંદિર અયોધ્યામાં જ બનશે.નવી કોઈ મસ્જિદ આ દેશમાં બનશે નહીં.અને બાબરની મસ્જિદ તો કયાંય નહીં બનવા દઈએ એમ તોગડિયાએ કહ્યું તે સમયે કાર્યકરોએ તેમના નિવેદનને વધાવી લીધુ હતું.તોગડિયાએ ૧૨ મુદ્દાઓની માગણી સંમેલનમાં રજુ કરી સરકારને સીધુ આવાહન કર્યુ હતું. મુસ્લિમોને હજ માટે કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી સબસીડીનો આજે ફરી એકવાર ઉલ્લેખ કરતા કહ્યું કે,મુસ્લિમોને હજ માટે સરકાર ૨૨,૦૦૦ની સબસીડી આપી રહી છે.ત્યારે હિંદુઓને કૈલાસ માનસરોવરની યાત્રા માટે ફુટીકોડી પણ આપવામાં આવી રહી નથી.આવો અન્યાય હવે વધુ સમય સાંખી નહીં લેવાય.હિંદુઓને આ દેશમાં ઝીરો બનાવી દેવામાં આવ્યા છે.તેમને ઝીરોમાંથી હીરો બનાવવાનું કામ વિશ્વ હિંદુ પરીષદ કરશે.એમ કહેતા ગ્રાઉન્ડમાં ઉપસ્થિત હજ્જારો કાર્યકરોએ જય જય શ્રી રામના સૂત્રોચ્ચાર કરી મેદાન ગજવી દીધુ હતુ. આ સમયે તેમણે કાશ્મીરમાં વિસ્થાપિત થયેલા લોકોને ફરીથી કેન્દ્ર તેમને તેમના મુળ ઘરમાં વસાવે તેવી રજુઆત પણ કરી હતી.

તોગડિયાએ અમદાવાદ ખાતે આગામી મહીનાથી હિન્દુ બેરોજગારોને રોજગાર માટેની તાલિમ આપવા અંગેની પણ જાહેરાત કરી હતી.સંમેલન પહેલા ઘાટલોડિયાના પ્રભાતચોકથી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ.જેમાં મોટી સંખ્યામાં વાહનો લઈને યુવાનો જોડાયા હતા. સંમેલનને સફળ બનાવવા વિહિપના ૫૦૦ થી પણ વધુ કાર્યકરો ગ્રાઉન્ડમાં હાજર રહ્યા હતા. જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા સંમેલનને શાંતિપૂર્ણ વાતાવરણમાં પુરૂ કરવા માટે ૧૫૦૦ પોલીસ કર્મચારીઓને ફરજ ઉપર મુકવામાં આવ્યા હતા. જેમાં ઝોન-૧ અને ઝોન-૭માં આવતા પોલીસ સ્ટેશનોના ૮૦૦ પોલીસ કર્મચારીઓ,એસઆરપીને સુરક્ષાના ભાગરૂપે જવાબદારી સોંપવામાં આવી હતી.૨૦૦ જેટલા ટ્રાફિકના કર્મચારીઓ દ્વારા ટ્રાફિકની વ્યવસ્થા સંભાળવામાં આવી હતી.

**વિશ્વને શ્રેષ્ઠ...**

**પાના નં.૮ ચાલુ**

દ્રઢતાપુર્વક જણાવેલ કે વિશ્વના મહાનુભાવોનું આબુ પ્રેરણા સ્ત્રોત બનશે. સમારંભમાં પોતાનો અનુભવ સંભળાવતા પ્રસિદ્ધ અભિનેત્રી રવિના ટંડને જણાવેલ કે વિશ્વ માનવને પ્રેમ, મહોબ્બત અને સેવાભાવ શીખવતી બ્રહ્માકુમારીઝ મમતાના આંચલમાં વિશ્વને સંવારી રહી છે. વિશ્વના ભવિષ્યની મને ચિંતા છે કે આવનાર પેઢીને સુસંસ્કાર કોણ આપશે ? પરંતુ આ સંસ્થાની અનુભૂતિ મને પ્રશ્નોનું નિરાકરણ આપે છે.

આંખોમાં ભાવવિભોરના આંસુ સાથે સીનેસ્ટાર અમિતાએ અહીં પોતાના ઘરનો અહેસાસ કરી પોતાને શક્તિ સંપન્ન મહેસુસ કરેલ. ધી ન્યુઝના એડીટર ઈન ચીફ સુધીર ચૌધરીએ અધ્યાત્મિકતા સંપન્ન સેનાની વર્તમાન જરૂરીયાત છે. જે આ સંસ્થા દ્વારા શકય છે તેમ જણાવેલ. ઈન્ડિયા ન્યુઝના એડીટર ઈન ચીફ દીપક ચોરસીયાએ સમારંભમાં જણાવેલ કે આજે સુખમય જીવન શૈલીની તાતી જરૂરીયાત છે. જેની પ્રેરણા મને બ્રહ્માકુમારીઝથી મળી રહી છે. રાજયસભાના ઉપસભાપતિ કુરીયને સ્કૂલોમાં યોગા અને ચરિત્રયુકત ભણતર પર ભાર મુકી બ્રહ્માકુમારીઝનું આહવાહન કરેલ. આ પહેલાં અડવાણીજીએ ભવ્ય અધ્યાત્મ મેળાનું ઉદ્ઘાટન કરેલ તથા શિવ ધ્વજારોહણમાં ભાગ લીધેલ. આ ભવ્ય સમારંભમાં દાદી જાનકીજીના સર્વ મહાનુભાવોએ આશીર્વચન લીધેલા.

**ડીસાના લાયન્સ...**

**પાના નં.૮ ચાલુ**

માથાનો દુઃખાવો બની ગઈ હતી. જો કે નગરપાલિકાના સત્તાધીશોએ પોલીસ સાથે સંકલન સાધી શાકભાજીના લારી ધારકોને લાયન્સ ક્લબ સામેની શાકમાર્કેટની દિવાલ આગળની ખુલ્લી જગ્યા ફાળવી છે. તેથી લારીઓ ત્યાં ખસી જતા ચંદ્રલોક રોડ ખુલ્લો થઈ ગયો છે. જેથી આમ પ્રજા અને વાહન ચાલકોએ રાહત અનુભવી પાલિકાની કામગીરી બિરદાવી છે પરંતુ વેપારી અને તાલુકા મથક ડીસામાં તાલુકાભરની પ્રજા ખરીદી અર્થે આવે છે. તેથી વિવિધ ધંધા- રોજગાર ધમધમે છે. પરંતુ જાહેર રસ્તાઓ ઉપર ઉભી રહેતી લારીઓના કારણે રસ્તાઓ સાંકડા બની ગયા છે. તેમ છતાં નગરપાલિકાએ બનાવેલ રસ્તાઓ ઉપર ઉભી રહેતી લારીઓના ધારકો પાસેથી કેટલાક દુકાનદારો તેમની દુકાન આગળ ઉભા રહેવાના બદલામાં ગેરકાયદેસર રીતે ભાડુ વસુલે છે. તેમાં પણ ઓટલા બજાર જાણીતુ છે. ત્યારે પાલિકાના સત્તાધીશોએ ઉમદા પહેલ કરી પ્રથમવાર શેરડીના કોલા માટે જગ્યા ફાળવવા હરાજી રાખી રૂા. ૯.૬૦ લાખની માતબર આવક મેળવી હતી. ત્યારે શહેરમાં ઊભી રહેતી લારીઓના ધારકો પાસેથી પણ ભાડુ વસુલાય તો પાલિકાને વધારાની આવક ઊભી થઈ શકે તેમ છે. જેમાંથી શહેરીજનોની સુખાકારી માટેના કામો થઈ શકે.

**વડગામના આદર્શ...**

**પાના નં.૮ ચાલુ**

ઓર્ગેનિક ઘઉંનું રેકોર્ડ બ્રેક ઉત્પાદન કર્યું હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. વડગામ તાલુકા ખેતીવાડી કચેરીના તાલુકા વિસ્તરણ અધિકારી જસવંતસિંહ એ.ઠાકોરે તેમની વહીવટી ટીમ સાથે તાજેતરમાં આદર્શ પ્રગતિશીલ ખેડૂત ભિખાજી સોલંકીના ફાર્મ હાઉસની રૂબરૂ મુલાકાત લીધી હતી. જેમાં રવિ સિઝનમાં રસાયણો સિવાય ઓર્ગેનિક પધ્ધતિ દ્વારા ઘઉંની વિવિધ જાતોનું ઉત્પાદન કર્યું છે. એક વિઘામાં ૯૦ મણ ઘઉં ઉત્પાદન કર્યું છે. કૃષિ યુનિવર્સિટીમાં વારંવાર રજુઆતો કરી જીડબલ્યુ-૪૫૧ નું બિયારણ દ્વારા વાવેતર કરતાં અન્ય જાતિથી ૨૦ ટકા વધુ ઉત્પાદન થયું છે. આ ઘઉંનો દાણો ખાવામાં ખૂબ જ પોચો અને સ્વાદિષ્ટ છે. ઉપરાંત ૪૯૬ જીડબલ્યુ-૨૭૩, જીડબલ્યુ-૩૨૨, જીડબલ્યુ-૩૬૬ નું પણ વાવેતર કરવામાં આવ્યું છે.

અનાજ અને શાકભાજીનું વધારે ઉત્પાદન મેળવવા ખેડૂતો રસાયણિક ખાતરોનો બેફામ વપરાશ કરે છે. એટલું જ નહીં આ પાકોને વિવિધ રોગો અને જીવાતોથી બચાવવા ઝેરી દવાઓનો છંટકાવ પણ કરે છે. પરંતુ આ ઝેરી રસાયણો અમુક માત્રામાં આરોગનારના પેટમાં જાય છે. જેના કારણે તેઓ અવનવી બિમારીઓમાં સપડાય છે. જેનાથી ચોંકી ઉઠેલી સરકાર ખેડૂતોને ‘ઓર્ગેનિક ખેતી’ અપનાવવા પ્રોત્સાહન આપે છે. ખુદ ખેડૂતો અને તેમનું પરિવાર પણ રસાયણવાળા અનાજ અને શાકભાજીથી રોગના ભોગ બને છે. જેના કારણે ઓર્ગેનિક અનાજ અને શાકભાજીની વિશેષ માંગ જોવા મળે છે. જેના કારણે તેના ભાવો પણ સારા મળે છે. ત્યારે સમાજના હિતને ધ્યાને લઈ ખેડૂતો ઓર્ગેનિક ખેતી અપનાવે તે સમયનો તકાજો છે.

**વાવના માડકાના ...**

**પાના નં.૮ ચાલુ**

પાછું ખેંચાવી દીધુ હતું. જે ઉમેદવારના ધ્યાનમાં આવતાં તા.પં. કચેરીમાં ભારે હોબાળા સાથે દોડધામ મચી જવા પામી હતી. તેમ છતાં આ મામલો થાળે પડયો ન હતો. જેથી માડકા ગામના એક અગ્રણીએ ગુજરાત સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરીને આ બાબતની જાણ કરતાં મંત્રીએ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને આ બાબતની તાકીદ કરતાં અજોતીબેન વાઘાભાઈ ચૌધરીનું ફોર્મ ચાલુ રહ્યું હતું. જો કે, મંત્રીએ પણ આવી રાઠોડી ચલાવતા રાજકીય અગ્રણીને તાકીદ કરી જણાવ્યું હતું કે, સ્થાનિક સરપંચની ચૂંટણી લડવી નહીં અને લડવી તો નિતી નિયમોને ધ્યાનમાં લઈ ચૂંટણી લડવી. મંત્રીની તાકીદથી રાજકીય અગ્રણીની બોલતી બંધ થઈ ગઈ હતી અને સમગ્ર પંથકમાં ચૂંટણી પ્રક્રિયામાં લોકશાહીનું ખૂન કરનાર એ રાજકીય અગ્રણી પ્રત્યે રોષની લાગણી જોવા મળી હતી. જો કે, ન્યાય માટે તા.પં. વાવના પ્રમુખ પતિ અમીરાભાઈ જોષીએ પણ અવાજ ઉઠાવી જણાવ્યું હતું કે, લોકશાહીમાં લોકશાહીનું ખૂન કરી પોતાની ખીચડી પકવતા આવા લોકોને જનતા જાકારો આપશે. ચૂંટણી નીતિ નિયમો અને સહકારની મર્યાદામાં લઈને લડવી જરૂરી છે. જો કોઈ ઉમેદવાર સામે દાદાગીરી કરી ચૂંટણી અધિકારીઓ સામે દાદાગીરી કરી ફોર્મ ખેંચાવતા તત્વો શાનમાં નહીં સમજે તો ન્યાય માટે કોર્ટના દ્વાર ખખડાવીશું.

**ડીસા સહિત...**

**પાના નં.૮ ચાલુ**

પડે છે. એની દેશ લેવલે નોંધ લેવાય છે. જેમાં ખાસ કરીને વૈશાખ અને જેઠ મહિનામાં કાતિલ ગરમી પડે છે પરંતુ ‘ગ્લોબલ વોર્મિંગ’ સહિતના વિવિધ કારણોસર સરહદી જિલ્લામાં અત્યારથી જ ઉનાળાની કાળઝાળ ગરમી વર્તાવા લાગી છે. દિન-પ્રતિદિન લઘુતમ તાપમાનનો પારો ઊંચકાઈ રહ્યો છે. તે જોતા ૪૦ ડિગ્રીનો આંક પાર થઈ જશે તે નક્કી છે. તેમાં પણ બપોરના સુમારે ગરમીનો પ્રકોપ વધી પડે છે. તેથી બપોરના સમયે લોકો ઘર બહાર નીકળવાનું ટાળવા લાગ્યા છે. જેના કારણે સદાય ધમધમતા શહેરી અને ગ્રામીણ રસ્તાઓ પણ સૂમસામ ભાસવા લાગ્યાં છે. આરંભે જ ઉનાળો મિજાજ દાખવવા લાગતા ઠંડા પીણા, તરબુચ સહિત ગરમીમાં રાહત આપતી ચીજવસ્તુઓના વેચાણમાં ઉછાળો આવી ગયો છે. જ્યારે ફ્રીજ અને કુલર તથા એસીની પણ માંગ વધી પડી છે. છેલ્લા ત્રણેક દિવસથી ગરમીનો પારો સડસડાટ ઊંચકાઈ રહ્યો છે. તે જોતા આ વર્ષે પણ કાળઝાળ ગરમી પડવાની શક્યતાથી ઉનાળો આકરો નીવડવાના એંધાણ વર્તાવા લાગ્યા છે.

**દાંતીવાડા તાલુકામાં ...**

**પાના નં.૮ ચાલુ**

બનાવેલ આ હોમગાર્ડ તાલીમ કેન્દ્રમાં તમામ પ્રકારની સુવિધાઓ પણ આવેલી છે. જેમ કે ફાયરિંગબટ, મેસ, કવાટર્સ તેમજ બેરેકો જેવી સુવિધાઓ હોવા છતાં અન્ય સ્થાને લઈ જવાની વિચારણા ચાલી રહી છે આ હોમગાર્ડ તાલીમ કેન્દ્ર પછાત એરિયામાં આવેલું હોવાથી કેટલાય લોકો આર્થિક રોજીરોટી મેળવી રહ્યા છે તેમજ આ હોમગાર્ડ કેન્દ્રની અંદર આજ દિનસુધીમાં મોટા પ્રમાણમાં જવાનો તાલીમ લઈ ચુક્યા છે તો પણ દાંતીવાડા તાલુકાને આવો વિરોધ કેમ ? એ એક મોટો સવાલ છે કે કેન્દ્રીય ગૃહમંત્રીના વિસ્તારમાં જો આવો નિર્ણય લેવામાં આવે તો તે યોગ્ય ન કહેવાય આ બાબતે ગૃહમંત્રી યોગ્ય તપાસ કરી આ તાલીમ કેન્દ્રને દાંતીવાડા ખાતે જ રાખે એવી લોગ લાગણી છે.

**મલાણાની સીમમાં...**

**પાના નં.૩ ચાલુ**

ને ઊભી રખાવી તલાશી લીધી હતી. જેમાં જીપમાં બનાવેલ ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂ અને બિયરની ૨૩૨ બોટલ (કિંમત રૂા. ૪૧,૦૦૦) મળી આવતા ખુદ પોલીસ ચોંકી ઉઠી હતી. તેથી પોલીસે જીપમાં ગુપ્ત ખાનુ બનાવી વિદેશી દારૂની હેરાફેરી કરતા ગણપતસિંગ દયાલસિંગ ડાભી (રહે. અંધારીયા તા. વડગામ) અને મનુસિંગ વેલસિંગ ચૌહાણ (રહે. નાની ભાલુ તા. સતલાસણ, જિ.મહેસાણા) ની ધરપકડ કરી હતી. પોલીસે વિદેશી દારૂ અને કમાન્ડર જીપ મળી કુલ રૂા. ૨,૪૧,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ બંને વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**નોટબંધીના...**

**પાના નં.૩ ચાલુ**

હવે તે શિક્ષણના અધિકાર, રાષ્ટ્રીય ગ્રામિણ આરોગ્ય મિશન, સંરક્ષણ પેન્શન, ગંગા પુનરોદ્ધાર ઓડિટની પ્રક્રિયામાં છે. આના ઓડિટ રિપોર્ટ વર્તમાન વર્ષના અંત સુધીમાં તૈયાર કરી લેવામાં આવશે. શર્માએ ભારપૂર્વક કહ્યું છે કે, કેગની પાસે સરકારના મહેસુલ અને ખર્ચથી કોઇ પ્રકારના સંબંધ રાખનાર યુનિટોના ઓડિટનો અધિકાર રહેલો છે. સરકારે ગયા વર્ષે ૮મી નવેમ્બરના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટને બંધ કરવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત જુની નોટમાં બિનહિસાબી સંપત્તિ રાખનાર લોકો માટે કરમાફી યોજના શરૂ કરી હતી. કેગના ઓડિટમાં નોટ છાપવા પર ખર્ચ, રિઝર્વ બેંકના લાભ ચુકવણી તથા બેંકિંગ લેવડદેવડના આંકડાઓને સામેલ કરવામાં આવનાર છે. કેગે સરકારને જીએસટી પરિષદના શરૂઆતી મુસદ્દામાં કલમ ૬૫ને દૂર કરવાને લઇને પણ પોતાની રજૂઆત કરી હતી. આ દિશામાં વિચારણા ચાલી રહી છે.

## રાધનપુરમાં બી.એડ. કોલેજનો શૈક્ષણિક પ્રવાસ

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એડ. કોલેજના વિદ્યાર્થીઓએ સાપુતારા, વડોદરા, પાવાગઢનો બે દિવસીય શૈક્ષણિક પ્રવાસ કરીને જાત માહિતી મેળવી આનંદ માણ્યો હતો. આચાર્ય બી.પી.દવે ના માર્ગદર્શન હેઠળ પ્રવાસનું આયોજન ડૉ. ઉષાબેન સોલંકી અને કૈલાસબાબુ શ્રીમાળીએ કર્યું હતું.

## મહેસાણા જિલ્લામાં આર.ટી.ઈ. અંતર્ગત આવેલી ૧૫૭૦ અરજીઓ

મહેસાણા

આગામી શૈક્ષણિક સત્ર માટે પ્રાથમિક શાળામાં ૨૫ ટકા ગરીબ બાળકોને પ્રવેશ આપવા સૌ પ્રથમવાર શરૂ કરવામાં આવેલી ઓનલાઈન પ્રવેશ પધ્ધતિમાં મહેસાણા જિલ્લામાં કુલ ૧૫૭૦ અરજીઓ આવી હતી. ઓનલાઈન ભરેલી વિગતો અને ત્યારબાદ તાલુકાને મળેલા ડોક્યુમેન્ટની ચકાસણી કરતા ૧૦ તાલુકાએ માત્ર ૪૩ અરજીઓ નામંજુર કરી બાકીની તમામને યોગ્ય ઠેરવી હતી. મહેસાણા જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ઓનલાઈન અરજીનો આંકડો ૧૫૭૦ સુધી આવ્યો હતો. ઓનલાઈન અરજીઓની સત્યતાની ડોક્યુમેન્ટ સાથે કરતા જિલ્લાના મહેસાણા-બેચરાજી અને જોટાણા તાલુકાની તમામે તમામ અરજીઓ તાલુકાની ટીમે મંજુર કરી દીધી છે. જ્યારે ૭ તાલુકાએ ૨ થી ૧૮ સંખ્યામાં નામંજૂર કરતાં કુલ પૈકીની ૪૩ રદબાતલ બની છે.

## પાટણમાં તિરૂપતિના પાછળના દરવાજા પાસે બાઈક ટ્રેક્ટરને અથડાતાં એક ને ઈજા

પાટણ

પાટણમાં એસટી સ્ટેન્ડ પાછળ આવેલા તિરૂપતી માર્કેટના પાછળનો દસાજો જે વેરાઈ ચકલા તરફ જવાના માર્ગ પર આવેલ છે. આ રસ્તેથી ગતરોજ સાંજે એક બાઈક ચાલક નિકળેલ જે સામેથી આવતા ટ્રેક્ટરને અથડાતા બાઈક ચાલક પરસોત્તમભાઈ ગોસ્વામીને હાથ પગે સામાન્ય ઈજાઓ થઈ હતી. માર્કેટની પાછળના વળાંકવાળા આ માર્ગ પર આંતરે દિવસે અકસ્માતનો બનાવ બને છે. તેથી આ રસ્તા પર બમ્પ બનાવવા વેપારીઓની માંગ ઉઠી છે, જ્યારે વેરાઈ ચકલામાં અસંખ્ય પાર્ક કરવામાં આવતા વાહનોના કારણે રસ્તો સાંકડો બની જતો હોય છે. અને અકસ્માતનો બનાવ બને છે. આ બાબતે ટ્રાફિક પોલીસે લાલ આંખ કરવાની જરૂર જણાય છે.

## પ્રાયમસની આગથી દાઝી જતાં સારવાર દરમ્યાન પતિ- પત્નિનું મોત

પાટણ

પાટણ નજીકના કાકોશી ટાઉનમાં આવેલ ઈન્દિરાનગર ખાતે રહેતા રજીયાબેન બપોરના સમયે ઘરે પ્રાઈમસ ઉપચાર બનાવતા હતા તે દરમ્યાન કોઈ કારણોસર પ્રાયમસમાં ભડકો થતાં આગળની જ્વાળા રજીયાબેને પહેરેલ કપડામાં લાગતાં અને સમગ્ર શરીરે દાઝી જતાં તેઓએ બૂમાબૂમ કરતા તેમના પતિ તેઓને બચાવવા માટે દોડી આવતા તેઓ પણ આગની લપેટમાં આવી દાઝી જતાં બંને ઈજાગ્રસ્તોને ધારપુર સિવીલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા. ૮/૩/૧૭ના રોજ મહિલાના પતિનું મોત થયું હતું. બાદમાં મહિલાનું મોત થતાં મહિલાની માતા જેતુનબેને કાકોશી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## પાટણ અને બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૧૭૪૮ વર્ગખંડ જર્જરીત

સિધ્ધપુર

પાટણ જિલ્લાના ૯ તાલુકાઓમાં ૭૪૫ અને બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકામાં ૧૦૦૩ મળી કુલ બે જિલ્લામાં ૧૭૪૮ વર્ગખંડો જર્જરીત અને ક્ષતિગ્રસ્ત છે. આ છતાં બાળકો જીવના જોખમે અભ્યાસ કરી રહ્યા છે. સિધ્ધપુરના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક બલવંતસિંહ રાજપૂતે તા. ૩૧/૧૨/૧૬ ની સ્થિતિએ પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં તાલુકા વાર પ્રાથમિક શાળાઓના કેટલા ઓરડા જર્જરીત અને ક્ષતિગ્રસ્ત છે તેવા પૂછેલા તારાંકિત પ્રશ્નના જવાબમાં શિક્ષણ મંત્રીએ ઉપર મુજબ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા નવીન ઓરડાઓ બનાવવામાં આવ્યા તેના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, પાટણ જિલ્લામાં ૨૪૨ અને બનાસકાંઠા જિલ્લા ૯૩૬ ઓરડાઓ નવીન બનાવવામાં આવ્યા છે. પ્રશ્નના વિશ્લેષણમાં ધારાસભ્યએ જણાવ્યું હતું કે, સરકારે શિક્ષણ ક્ષેત્રે વધુ બજેટની ફાળવણી કરી તમામ પ્રાથમિક શાળાઓના ભયગ્રસ્ત ઓરડાઓ સત્વરે નવીન બનાવવા જોઈએ.

## સરકારે શિક્ષણ ઉપકરની ગ્રાન્ટ દર ત્રણ માસે નગરપાલિકાઓને ચૂકવવી જોઈએ

સિધ્ધપુર

સિધ્ધપુરના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક બલવંતસિંહ રાજપૂતે તા. ૩૧/૧૨/૧૬ ની સ્થિતિએ સિધ્ધપુર નગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ મંજુર કરેલ છે અને તે પૈકી કેટલી ચૂકવેલ છે. તેવો વિધાનસભામાં તારાંકિત પ્રશ્ન પૂછતા નાયબ મુખ્યમંત્રી (શહેરી વિકાસ) એ જણાવ્યું હતું કે, ઉક્ત સ્થિતિએ પાટણ જિલ્લાની સિધ્ધપુર નગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન રૂા. ૧૨,૮૬,૫૭૩ ગ્રાન્ટ મંજુર કરેલ છે અને તે ગ્રાન્ટની ચૂકવણી કરવામાં આવેલ છે. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, શિક્ષણ ઉપકરની ગ્રાન્ટ નગરપાલિકાઓને દર ત્રણ માસે ચૂકવવી જોઈએ.

## મોડાસા-શામળાજી રોડ પરથી વિદેશી દારૂ ઝડપાયો

હિંમતનગર

મોડાસા શામળાજી હાઈવે માર્ગ ઉપર આવેલ મરડીયા ગામ પાસે ગાંધીનગરની આર.આર.સેલે રાજસ્થાન તરફથી આવી રહેલ ટ્રક કન્ટેનર નં. એચ.આર. ૬૯, ૮૪૨૧ માં વગર પાસ પરમીટથી વિદેશી દારૂની બોટલ નંગ ૫૭૧૨ કી રૂા.૭,૩૮,૨૦૦નો ચેકીંગ દરમ્યાન મળી આવતા પોલીસે ટ્રક સહીત ૧૭,૪૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ગુન્હામાં આનંદસિંહ ચંદ્રસિંહ જાટ રહે. સોનીપત હરીયાણાને ઝડપી લઈ જેલના હવાલે કરેલ છે જયારે ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરાવી આપનાર શક્તિ બાપુ નામના વ્યક્તિની પોલીસે તપાસ હાથ ધરી છે.

**અમદાવાદ સંમેલનમાં અમીતભાઈ શાહનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે**

## ૨૯મીએ વિજય વિશ્વાસ સંમેલનમાં સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના કાર્યકરો જોડાશે

**યુપી સહીત વિધાનસભામાં ઐતિહાસીક જીત એ આપણા અમીતભાઈ શાહનું ગૌરવ વધાર્યુ એ આપણું ગૌરવ : કે.સી.પટેલ : સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના ભાજપના અગ્રણીઓ સાથે બેઠક યોજાઈ**



હિંમતનગર

ભારતીય જનતા પાર્ટી પ્રદેશના મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા તથા કે.સી.પટેલે આજરોજ હિંમતનગર ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના હોદ્દેદારો સાથે બેઠક કરી હતી. જેમાં પ્રદેશ ભાજપ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાએ જણાવેલ કે, આપણી વર્તમાન સરકાર તેમજ કેન્દ્રના આપણા વડાપ્રધાન જે કામો કરી રહ્યા છે તે આપણું ભાથુ છે. આપણે આવનારી વિધાનસભાની ચુંટણીમાં જીત તો મેળવીશુ જ પરંતુ કાર્યકર્તા તરીકે આપણે કેટલા સક્રીય છીએ તે પણ આપણે જોવાનું રહ્યુ. આપણા વડાપ્રધાન તેમની ટીમ તેમજ અમીતભાઈ શાહ તેમની ટીમ સરકાર અને સંગઠનના બળથીવિધાનસભાનું પરીણામ ઐતીહાસીક જીત મળી તેમ આપણે ગુજરાતમાં પણ સંગઠનના કારણે સરકાર સાથે રહી વધુમાં વધુ સીટો લાવવાની ચિંતા કરવાની છે. કે.સી.પટેલે જણાવેલ કે, ૨૯મી માર્ચે અમદાવાદ રીવરફ્રન્ટ ખાતે વિજય વિશ્વાસ સંમેલન મળશે જેમાં બુથ થી મળી સૌ કાર્યકરો હોદ્દેદારો આ સંમેલનમાં જોડાશે. આપણા અમીતભાઈ શાહનું ભવ્ય સન્માન સ્વાગત કરવામાં આવશે તેમજ અમીતભાઈ સાથે મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી અને પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી પણ આપણને માર્ગદર્શન આપશે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં સરકારે અસંખ્ય વિકાસના કામો કર્યા છે. જયાં છેવાડાના ગામો પણ આવી જાય છે. તમે સૌ તેવા ગ્રામજનોનો સંપર્ક કરો જયારે કોંગ્રેસ પક્ષ લોકોને ઉશ્કેરવાનું જ કામ કરે છે તેમ જણાવેલ. આ પ્રસંગે પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ જયસિંહ ચૌહાણ, રમીલાબેન બારા, સંગઠન પ્રભારી અશોકભાઈ ભાવસાર, હર્ષદગીરી ગોસ્વામી, પ્રદેશ મીડીયા સેલના કન્વીનર તેમજ સંગઠન વાલી હર્ષદભાઈ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ, અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, સાંસદ દીપસિંહ રાઠોડ, ભરતસિંહ રહેવર, જીલ્લા ઉપપ્રમુખ વિજયભાઈ પંડ્યા, જીલ્લા મહામંત્રી અશોકભાઈ જોષી, ભગાભાઈ પરમાર, પ્રેમલભાઈ દેસાઈ સહીત મોટી સંખ્યામાં બન્ને જીલ્લાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

**આપણી સરકારે કરેલા કામો એ આપણું ભાથુ છે : ભીખુભાઈ દલસાણીયા**

## સરિયદ ખાતે બી.ડી.કોલેજ પાટણ દ્વારા સાત દિવસીય ખાસ શિબિરનું આયોજન



પાટણ

હેમ. ઉ. ગુ. યુનિ. સંલગ્ન શ્રી પાટણ જૈન મંડળ મુંબઈ સંચાલિત શ્રી બી.ડી.એસ.આર્ટસ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાટણ રાષ્ટ્રીય સેવા યોજના (દ્રજીજી) દ્વારા સરિયદ ખાતે સાત દિવસીય ખાસ શિબિરનું તા. ૧૭-૦૩-૨૦૧૭ થી ૨૩-૦૩-૨૦૧૭ સુધી આયોજન કરવામાં આવેલ જેમાં શિબિરાર્થીઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવેલ જેમાં ગામમાં લોકજાગૃતિ માટે રેલી, ગ્રામ સફાઈ અભિયાન, ભીંત સૂત્ર, શાળા ના વિદ્યાર્થીઓ સાથે તેમના વ્યક્તિત્વ વિકાસ અને કૌશલ્ય વિકાસ માટે વિવિધ કાર્યક્રમો (રમતોત્સવ, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા વગેરે...), સાંજના સમયે ગામના લોકોમાં રાષ્ટ્ર ભાવ જગાડવાં માટે દેશભક્તિના મુવીઝ, વિદ્યાર્થીઓ, શિબિરાર્થીઓ અને ગ્રામજનો માટે વ્યાખ્યાનોનું આયોજન (પર્સનાલિટી ડેવલપમેન્ટ, મોટિવેશન, ડિજિટલ ઈન્ડિયા, કેરીઅર ગાઈડન્સ વગેરે...), રક્તદાન, કૃષિવિષયક માહિતી, ૧૦૮ની સુવિધાઓ વિષે માહિતી અને શાહિદ દિન ની ઉજવણી જેવા કાર્યક્રમો કરેલ. શિબિરનું સમાપન તા. ૨૩-૦૩-૨૦૧૭ ના રોજ પા.રા. જોશી વિદ્યાલય, સરિયદ ખાતે યોજવામાં આવ્યું હતું જેમાં યુનિવર્સિટી એન.એસ.એસ.કોઓર્ડીનેટર ડો. જે.ડી.ડામોર, કોલેજ ના આચાર્ય ડો. કમલ પંડ્યા, શાળાના આચાર્ય પી.વી.જોશી સાહેબ અને સમગ્ર સ્ટાફ તથા બી.ડી.કોલેજ ના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. વિશાલ પટેલ અને કોલેજ નો સમગ્ર સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. સમાપન કાર્યક્રમમાં કોલેજના શિબિરાર્થીઓ અને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કૃતિઓ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ઉપરોક્ત દર્શાવેલ પ્રવૃતિઓમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ ને ઈનામ વિતરણ કરવામાં આવેલ અને ડામોર સાહેબ ના હસ્તક બી.ડી.કોલેજના એન.એસ.એસ. સર્ટિફિકેટ વિતરણ અને શ્રેષ્ઠ શિબિરાર્થી નો એવોર્ડ આપવામાં આવ્યો હતો. શ્રેષ્ઠ શિબિરાર્થી વિદ્યાર્થીનો એવોર્ડ બી.એ. સેમ ૬ ના વિદ્યાર્થી જીગ્નેશ પ્રજાપતિ ને અને શ્રેષ્ઠ શિબિરાર્થી વિદ્યાર્થીનિનો એવોર્ડ બી.એસ.સી. સેમ ૬ ની વિદ્યાર્થિની શેતલ ચાનલિયાને શિબિર દરમિયાન તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. રોશનીબેન સાલવી અને પ્રા. પાર્થભાઈ જોશીએ કર્યું હતું.

## પાટણમાં જુના કાળકા મંદિરથી બી.ડી. હાઈસ્કુલનો રસ્તો પેવર કરવા માંગ

પાટણ

પાટણમાં જુના કાળકા મંદિર પાસે છેલ્લા દસેક વર્ષથી નવી સોસાયટીઓનું નિર્માણ થયું છે અને સોસાયટીનો સીંગલ રોડ છેક બીડી હાઈસ્કુલના દરવાજા સુધી ટચ થાય છે, પરંતુ આ બિસ્માર રસ્તાનો કોઈ વિકાસ થયો નથી. જે સ્ટ્રીટ લાઈટો નાંખવામાં આવી છે તે પણ મોટાભાગે બંધ હાલતમાં હોય છે, ક્યારેક અડધી રાત્રે લાઈટો બંધ થઈ જાય છે, આથી અસામાજીક તત્વો અને તસ્કરોને લીલા લહેર થઈ પડે છે.

જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં બે કાળકા મંદિરો આવેલા છે, એક જુના કાળકા મંદિર બીજુ નવા કાળકા મંદિર તરીકે વર્ષોથી ભક્તજનોમાં જાણીતા છે. જુના કાળકા મંદિરથી બી.ડી. હાઈસ્કુલ જવાનો રસ્તો બિસ્માર બની ગયો છે. દ્વિચક્રી વાહનને લઈને નિકળવું પણ મુશ્કેલ બને છે. પાલિકા દ્વારા અત્રેની સોસાયટીઓ બની ત્યારે તે વખતે રોડ બનાવવામાં આવ્યો હતો. પરંતુ અનેકવાર વરસાદના મારના કારણે છેલ્લા કેટલાય વર્ષોથી રોડ ભંગાર બની જવા પામ્યો છે. રાત્રે ટ્યુશનેથી ઘરે આવતી કિશોરીઓ બિસ્માર રોડ અને સ્ટ્રીટ લાઈટના અભાવે ભારે પરેશાની થતી હોય છે. અંધારામાં દારૂડીયા તત્વોનો પણ ત્રાસ રહેતો હોય છે. જેથી કિશોરીઓને રાત્રે કામ હોય તો પણ નિકળી શકાતું નથી. જેથી સત્વરે પેવર રોડ અને સ્ટ્રીટ લાઈટો નવી નાંખવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## મહેસાણામાં આધેડની હત્યામાં પેરોલ પરનો નાસતો ફરતો આરોપી ઝડપાયો

મહેસાણા

મહેસાણા શહેરમાં હત્યાના કેસમાં આજીવન કેદની સજા બાદ પેરોલ પર જઈ છેલ્લા ૨૪ વર્ષથી નાસતા ફરતા એક આરોપીને મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્રના થાણે જિલ્લાના મુંબ્રા રેલવે સ્ટેશનેથી ઝડપી પાડ્યો છે. આ આરોપી નામ બદલી વેશપલટો કરી મુંબ્રા ખાતે રહેતો હતો.

મહેસાણા પોલીસ અધિક્ષક ચૈતન્ય રવિન્દ્ર માંડલીકે નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે સૂચના આપી જે અન્વયે મહેસાણા એલસીબીના સ્ટાફની ટીમ બનાવી નાસતા ફરતા આરોપીઓને પકડવા ઝુંબેશ ચલાવવામાં આવેલ. જેમાં સને ૧૯૯૦માં મહેસાણાના ઊંચા ભાટવાડમાં બારોટ ભીખાભાઈ ભૂદરભાઈ નામના આધેડનું મહેસાણા રેલવે સ્ટેશનની બહાર બે યુવાનો હૈદરઅલી મહેબુબખાન બોબી તથા હમીદખાન મહેબુબખાન બોબીએ છરીના ઘા મારી મોત નીપજાવેલ. જે કેસમાં બંને આરોપીઓને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી.

આ બંને આરોપી અમદાવાદની સેન્ટ્રલ જેલમાં સજા ભોગવી રહ્યા હતા. દરમ્યાન તેઓએ પેરોલ રજા મેળવી ફરાર થઈ ગયા હતા. જે તપાસ દરમ્યાન હે.કો. કીરીટકુમાર ચતુરજીએ ચોક્કસ બાતમીના આધારે થાણે જિલ્લાના મુબ્રા ખાતે નામ બદલી વેશપલટો ધારણ કરી રહે છે. તેવી બાતમી મળતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

## શ્રી અરૂણ બાલચંદ વોરા એમ.એડ્. કોલેજ, રાધનપુરમાં દિક્ષાંત સમારોહ યોજાયો

રાધનપુર

શ્રી અમરજયોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જયાબેન ધીરજલાલ ઠક્કર (પંપવાળા) બી.એડ્. કોલેજ તથા શ્રી અરૂણ બાલચંદ વોરા એમ.એડ્. કોલેજ, રાધનપુરના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ બી.એડ્. કોલેજના દાતા અને ટ્રસ્ટના કોષાધ્યક્ષ ધીરૂભાઈ પી. ઠક્કર (પંપવાળા) ના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ પ્રશિક્ષણાર્થીઓને તેમના તરફથી ઈનામ પણ આપવામાં આવેલ. આ દિક્ષાંત સમારોહમાં ટ્રસ્ટના પ્રમુખ ડૉ.મહેશભાઈ મુલાણીએ પ્રશિક્ષણાર્થીઓને આશિર્વચન આપી પરીક્ષામાં સફળતા મેળવવા શુભેચ્છા પાઠવી હતી. આ દિક્ષાંત સમારોહમાં ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ કે.ઠક્કર, ઓનેરરી સેક્રેટરી ડૉ.નવિનભાઈ ઠક્કર, આર્ટસ કોમર્સ કોલેજના આચાર્ય ડૉ.સી.એમ. ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. દિક્ષાંત સમારોહમાં પ્રશિક્ષણાર્થીઓએ પોતાના પ્રતિભાવમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકોના અધ્યાપનના અનુભવો જણાવ્યા હતા. આ સમારોહનું સંચાલન આચાર્ય બી.પી.દવેના માર્ગદર્શન હેઠળ પ્રા.રોનકભાઈ સુખડિયા અને ગ્રંથપાલ કૈલાસબાબુ શ્રીમાળીએ કર્યુ હતું. આભારવીધિ એમ.એડ્. કોલેજના હેડ ડૉ.વાય.કે. બારોટે કરી હતી.

## કહેવાતું ગુજરાતનું વિકાસ એન્જીન મંદગતિએ ચાલી રહ્યું છે

સિધ્ધપુર

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક અને સિધ્ધપુરના ધારાસભ્ય બલવંતસિંહ રાજપુતે ભાજપ સરકાર સામે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતુ કે, ગુજરાતની આર્થિક બાબતો કથળી રહી છે. રાજયના જીડીપીની બાબતે ગુજરાત દેશમાં ૫ માં ક્રમે, માથાદીઠ આવકમાં ૯ માં ક્રમે, વાર્ષિક વિકાસ વૃધ્ધિદરમાં ૬ ઠા ક્રમે, જવાબદારીઓ સાથે જાહેર દેવામાં ૫ માં ક્રમે, વ્યાજચૂકવણીમાં ૩ જા ક્રમે અને વિકાસશીલ ખર્ચમાં ૨૩ માં ક્રમે રહેલ છે. આમ ભાજપના રાજયમાં રૂા. ૨.૪૨ લાખ કરોડ દેવાની જવાબદારીઓનું ભારણ હોવાથી ગુજરાતનો આર્થિક-સામાજીક વૃધ્ધિદર વધ્યો નથી, કૃષિ વિકાસદર છેલ્લા ૫ વરસમાં ૪% ઘટ્યો છે અને ઉત્પાદિક ક્ષેત્રના વિકાસમાં ૪ વરસમાં ૨% નો ઘટાડો થયો છે. રૂા. ૨૫૮૬૭ કરોડની બાકી વસૂલાતો સરકાર કરતી નથી. બીજી બાજુ વર્ષ ૨૦૦૫-૦૬ માં જાહેર દેવા પેટે સરકાર ૨૫ % રકમો જ લોન પેટે બજારમાં લેતી હતી તે વધારીને ૨૦૧૬-૧૭ માં ૬૪ % રકમો બજારમાંથી લોન પેટે લે છે. આમ ૮૭ % જેટલો નોંધનીય વધારો બજાર લોનમાં થયો છે. છેલ્લા ૧૦ વરસમાં વ્યાજ ચૂકવણીમાં ૧૭૬% નો વધારો થયો છે. ''કેગ'' દ્વારા ભાજપ સરકારને દર વરસે ચેતવણી આપવામાં આવે છે કે ગુજરાતની નાણાંકીય સ્થિતિ ડામાડોળ થઈ રહી છે, દેવું ઓછું કરો નહિ તો ગુજરાતની પ્રજા દેવાના ડુંગરમાં ઉતરી જશે.

રાજપૂતે જણાવ્યું હતું કે, ૮.૯૮ % ના વ્યાજે સરકાર બજાર લોનો લે છે અને રૂા. ૫૫ હજાર કરોડ કરતા વધારે રકમની લોનો ૦.૧૦ % થી ૦.૨૫ % ના વાર્ષિક દરે ગ્રામીણ બેંક, જોઈન્ટ સ્ટોક કંપની, કો- ઓપરેટીવ, કોર્પોરેશનો, ટાટા નેનો, મારૂતિ સુઝુકી અને અન્ય કંપનીઓને આપીને ખોટા વ્યવહારો/ કરારો કરીને ગુજરાતની પ્રજાને આજે રૂા. ૨૦ હજાર કરોડ જેટલું વ્યાજ ભરવા માટે મજબુર કરી છે.

## પાટણ જિલ્લામાં ૧૦૩૫૨ હેક્ટરમાં ઉનાળુ પાકનું કરવામાં આવેલું વાવેતર

પાટણ

પાટણ શહેર સહિત જિલ્લામાં ખેડૂતોએ ઉનાળુ પાકની વાવણીની શરૂઆત કરી દીધી છે, જેમાં નવ તાલુકામાં ઉનાળુ બાજરી, મકાઈ, શાકભાજી,ગુવાર, ઉનાળુ મગફળી સહિતના પાકોનું કુલ ૧૦૩૫૨ હેક્ટર જમીનમાં વાવેતર થવા પામ્યું છે.

પાટણ જિલ્લામાં રવિ પાકની સીઝન પૂર્ણ થતાંની સાથે જ ખેડૂતોએ ઉનાળુ પાકની તેયારીઓ શરૂ કરી દીધી છે. હાલમાં ઉનાળાની ધીમા પગલે શરૂઆત થતાની સાથે જ ખેડૂતોએ ઉનાળુ પાકનું વાવેતર શરૂ કરી દીધું છે.

જિલ્લામાં ૪૦૬૫ હેક્ટરમાં ઉનાળુ બાજરી ૪૯૦૭ હેક્ટરમાં જુવારઘાસ, ૮૦૦ હેક્ટરમાં રજકા બાજરી, ૨૫ હેક્ટરમાં મકાઈ, ૪૪૫ હેક્ટરમાં શાકભાજી, ૮૦ હેક્ટરમાં જુવાર, ૩૦ હેક્ટરમાં ઉનાળુ મગફળી. સૌથી વધુ વાવેતર ઉનાળુ બાજરી અને જુવાર ઘાસનું નોંધાવા પામ્યું છે.

## પાટણ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના સંદર્ભે બાળકોને બેસવાના ઓરડાની સુવિધા નથી

સિધ્ધપુર

સિધ્ધપુરના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક બલવંતસિંહ રાજપૂતે તા. ૩૧/૧૨/૧૬ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ મધ્યાહન ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડાઓ અને બાળકોને જમાડવા માટે ખાસ ઓરડાઓની સુવિધા ઉપલબ્ધ નથી. તેવા પૂછેલા તારાંકિત પ્રશ્નના જવાબમાં શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, મધ્યાહન ભોજન તૈયાર કરવા માટે અથવા બાળકોને જમાડવા માટે ખાસ ઓરડા તથા ખાસ સુવિધા આપવાની નીતિ નથી. પરંતુ ભોજન તૈયાર કરવા માટે કીચન કમ સ્ટોર બાંધવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચાણસ્મા, હારીજ, પાટણ, રાધનપુર અને સાંતલપુર તાલુકાઓની એક- એક શાળાઓમાં અને સરસ્વતી તાલુકામાં બે શાળાો મળી કુલ જિલ્લાની ૭ શાળાઓમાં આજની તારીખે પણ કીચન કમ સ્ટોરની વ્યવસ્થા નથી. તેઓએ એમ પણ જણાવ્યું હુતં કે, પાટણ જિલ્લામાં તમામ શાળાઓમાં બાળકોને જમાડવા માટે ઓશરી (લોબી) માં સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે.

સરકારના ઉત્તરની છણાવટ કરતા ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, જયારે બાળકોના આરોગ્યનો પ્રશ્ન ના હોય ત્યારે સરકારે વધુમાં વધુ નાણાં ઉપલબ્ધ કરાવી દરેક શાળાઓમાં બાળકોને જમાડવા માટે આરોગ્ય પ્રદ સ્થિતિમાં ખાસ ઓરડા બનાવી ઉત્તમ વ્યવસ્થા આપવી જોઈએ.

# ભાભરના ઉજ્જનવાડાના યુવકનું કેનાલમાં ડૂબી જવાથી મોત

### યુવકના અકાળે મોતને લઈ પંથકમાં ગમગીની



તા.પ્રતિનિધિ ભાભર

ભાભર તાલુકાના ઉજ્જનવાડા ગામનો યુવક કેનાલની કિનારે પાઈપલાઈન સરખી કરતો હતો તે દરમ્યાન અચાનક પગ લપસતા તે કેનાલના ધસમસતા પાણીમાં ગરકાવ થઈ ડૂબી મર્યો હતો. જેની ભારે શોધખોળ બાદ લાશ બહાર કઢાઈ હતી. બનાવના પગલે પંથકમાં ગમગીની છવાઈ હતી.

જાણવા મળતી વિગત મુજબ ભાભર તાલુકાના ઉજ્જનવાડા ગામનો વિદ્યાર્થી પરમાર શૈલેષકુમાર પરમાભાઈ રાધનપુરની અમરજ્યોત હાઈસ્કુલ ખાતે એફ.વાય.બી.એ.માં અભ્યાસ કરતો હતો. પરંતુ ગત તારીખ ૨૪ માર્ચના બપોરે ઉજ્જનવાડા ગામ પાસેથી પસાર થતી કચ્છ બ્રાન્ચની મેઈન કેનાલમાં પોતાના ખેતરમાં ખેતી માટે નાંખેલ પાઈપ લાઈન જોવા ગયો હતો. તે સમયે કેનાલની કિનારે રહેલ પાણીની પાઈપ લાઈનનો છેડો પાણીમાં સરખો કરવા મથામણ કરી રહ્યો હતો. તે દરમ્યાન અચાનક તેનો પગ પાણીમાં લપસતા કેનાલમાં ખાબક્યો હતો. જોતજોતામાં કેનાલના ધસમસતા પાણીના પ્રવાહમાં તણાઈને ડુબી ગયો હતો. આજુબાજુએથી લોકો દોડી આવીને ડુબતા યુવકને બચાવાય તે પહેલા પાણીમાં અદ્રશ્ય થઈ ગયો હતો. મૃતકની લાશને બહાર કાઢવા માટે પંથકના તરવૈયા દિનેશ પટેલને બોલાવીને શોધ કરવામાં આવી હતી. કલાકોની જહેમત બાદ લાશ મળી આવી હતી. પોલીસને જાણ કરાતા પોલીસે મૃતકની લાશનું ભાભર સી.એચ.સી. ખાતે પી.એમ. કરાવીને લાશ વાલી વારસોને સોપી હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તેના કુટુંબ ઉપર આફત આવી પડી છે. બનાવના પગલે પંથકમાં અરેરાટી છવાઈ છે.

# ધાનેરામાં ૨૨ લોકોનો દેહદાનનો સંકલ્પ

### ચક્ષુ અને દેહદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

તા.પ્રતિનિધિ ધાનેરા

ગત ૨૩ માર્ચ ગુરૂવારના રોજ શહીદ દિન નિમિત્તે માનવ સેવા સંગઠન તથા ભારત વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે ચક્ષુદાન, અંગદાન તથા દેહદાન વિશે જાગૃતિ સેમીનાર યોજાયો હતો. દાદા લાધુરામના ડેરા ખાતે યોજાયેલ આ સેમીનારમાં ધાનેરાના જાગૃતિ નાગરીકો મોટા પ્રમાણમાં હાજર રહ્યા હતા તથા ઓડીયો વિડીયો પ્રેઝન્ટેશન સાથે આ વિષયની જાણકારી મેળવી હતી.

રેડક્રોસ પાલનપુર વતી શાંતિભાઈ પ્રજાપતિ તથા સીમ્સ હોસ્પિટલ (અમદાવાદ) વતી ડૉ.ધીરેન શાહ (ચીફ કાર્ડીયો થોરોસીસ સર્જન) એ ઉપસ્થિત રહીને લોકોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમથી પ્રેરીત થઈને ૨૨ જેટલા લોકોએ ચક્ષુદાન તથા દેહદાન વિશે સંકલ્પપત્ર ભર્યા હતા તથા આગામી સમયમાં ફરીથી આવા કાર્યક્રમ આયોજીત થાય અને વધુને વધુ લોકો ચક્ષુદાન તથા અંગદાન અને દેહદાન કરતા થાય તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

બંને સંસ્થાના દરેક કાર્યકર્તાઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# પાલનપુર તાલુકાના લક્ષ્મણપુરામાં ટ્રેક્ટરની ટક્કરે બાળકીનું મોત

પાલનપુર

પાલનપુર તાલુકાના લક્ષ્મણપુરા ગામમાં ખેતરમાં આવેલા ઢાળિયા પર ટ્રેક્ટરની ટક્કરે એક બે વર્ષની બાળકી મોતને ભેટી હતી. જેના મૃતદેહને પી.એમ.અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.



પાલનપુર તાલુકાના લક્ષ્મણપુરા ગામમાં આવેલા ખેતરમાં અમીરગઢ તાલુકાના નિચલબંધમાં રહેતા ભારમાભાઈ સોલંકી પરિવાર સાથે ખેતમજૂરી કરે છે. જેઓની ૨ વર્ષીય બાળકી રમતી હતી. ત્યારે ખેતર માલિકના ટ્રેક્ટરે તેને અડફેટે લેતા તેનું કરૂણ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ટ્રેક્ટર ચાલક ભાગી છૂટ્યો હતો. જેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં ખેતર માલિક દ્વારા પી.એમ. ન કરાવી ભીનું સંકેલવાનો પ્રયાસ થયો હોવાના આક્ષેપો થયા હતા. દરમિયાન જાણ થતા દોડી આવેલી પોલીસે મૃતદેહના પી.એમ.ની તજવીજ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# વિશ્વને શ્રેષ્ઠ દિશા આપવા બ્રહ્માકુમારી વિદ્યાલય સક્ષમ : અડવાણી





### આબુ તળેટી ખાતે બ્રહ્માકુમારીઝની ૮૦ મી વર્ષગાંઠ નિમિત્તે વૈશ્વિક મહા સંમેલનનો પ્રારંભ

આબુ

અહીંની એકે એક વસ્તુઓમાં આદર્શવાદ, શ્રેષ્ઠતા, ઉન્નતિની પ્રેરણા મળે છે. જો આપણે ઈમાનદારી, પ્રમાણિકતા, આદર્શ,એકતા અને અનુશાસન નિહાળવું હોય તો શાંતિવન આવીને અનુભવ કરો. આજે એક માત્ર વૈશ્વિક એવું સંગઠન છે જે વિશ્વને શ્રેષ્ઠ દિશા બતાવવા સક્ષમ છે. જેની સફળતા માતૃશક્તિના હાથમાં છે. આ અદ્ભુત શક્તિ સ્વરૂપા બ્રહ્મા-કુમારીઝ સંસ્થા માટે અડવાણીજીએ બ્રહ્માકુમારી વિદ્યાલયના શાંતિવન ખાતે ૧૦૦ દેશોના ૧૫૦૦૦ વિવિધ મહાનુભાવો સમક્ષ ઉચ્ચારેલ.

અડવાણીજીએ આગળ જણાવેલ કે ઓમ મંડળીથી પ્રારંભ થયેલ આ સંસ્થા મારી નજર સામે જ આજે વટવૃક્ષ બનતા મેં જોઈ છે. ૧૦૨ વર્ષની દાદી જાનકીજીનું નેતૃત્વ મહાન સફળતા ઈશ્વરીય શક્તિ વગર સંભવ નથી તેઓએ

અનુસંધાન પાના નં.૬

# થરાદના ડેડુવામાં પરિણીતા પર દુષ્કર્મની ફરીયાદ

થરાદ

થરાદના ડેડુવા ગામની એક પરિણીતા શુક્રવારની સાંજના સુમારે તેમના ભાગથી વાવેતર કરેલ જીવાભાઇ નારણાભાઇ પટેલના ખેતરમાં રાયડાના પાકને ઉપણવા માટે ગઇ હતી.જ્યાંથી પરત ફરતાં રસ્તામાં એક મોટર સાયકલ પર થરાદના થરા ગામના દિપાજી આયદાનભાઇ પટેલ અને રાહ ગામના ખુમાભાઇ ચમનાજી પટેલ ઉભા હતા.જે પૈકી દીપાજીએ તેણીની બેત્રણ દિવસ પહેલાં છેડતી કરી હતી અને આ વખતે પણ લગ્ન કરવા માટે જણાવતાં તેણીએ પરિણીત હોવાનો જવાબ આપતાં બંન્ને જણાએ તેણીની એકલતાનો ફાયદો ઉઠાવી મોં દાબીને બાજુના ખેતરમાં લઇ ગયા હતા.જ્યાં દીપાજીએ તેણીની મરજી વિરૂધ્ધ બળજબરી પુર્વક દુષ્કર્મ આચર્યું હતું અને ખુમાભાઇએ રસ્તામાં કોઇ આવે નહી તે અંગેની ખબર રાખી હતી. ત્યાર બાદ બંન્ને જણા તેણીને કોઇને નહી કહેવાની ધમકી આપી જતા રહ્યા હતા.

આ અંગે પરિણીતાએ થરાદ મથકમાં શનિવારે પોલીસ ફરીયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.આ બનાવથી થરાદ પંથકમાં ચકચાર મચવા પામી હતી.

ઉમેદવારની જાણ બહાર

# વાવના માડકાના સરપંચ પદનું ફોર્મ પાછું ખેંચાતા દોડધામ



(વિષ્ણુ પરમાર)

### રાજયમંત્રીએ મધ્યસ્થી બની મામલો થાળે પાડયો

(તા.પ્રતિ.) વાવ

વાવ તાલુકાની ૨૧ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓના ફોર્મ પાછા ખેંચવાના અંતિમ દિવસે ધમધમાટ વચ્ચે માડકા સરપંચ પદના ઉમેદવાર અજોતીબેન વાઘાભાઈ ચૌધરીની જાણ બહાર ફોર્મ પાછુ ખેંચી લેવાતા તા.પં. કચેરી વાવ ખાતે ભારે દોડધામ મચી ગઈ હતી.

વાવ તાલુકાના માડકા ગામે સરપંચ પદે ચૌધરી, રાજપુત, દરબાર, બ્રાહ્મણ ચાર જ્ઞાતિના ઉમેદવારો મેદાનમાં છે. ચારે ઉમેદવારો ધરખમ હોઈ માડકાના સરપંચ પદે ઉમેદવારી નોંધાવી છે પરંતુ ગતરોજ તા.૨૫/૩/૧૭ ના રોજ કોઈ એક રાજકીય પાર્ટીના ધુરંધરે પોતાની રાઠોડી ચલાવી ઉમેદવાર અને ટેકેદારની જાણ બહાર ચૂંટણી અધિકારીને લાલ આંખ બતાવી અજોતીબેન વાઘાભાઈ ચૌધરીનું ઉમેદવારી પત્ર

અનુસંધાન પાના નં.૬

### રાજયમંત્રીના અભિગમને આવકાર

સરપંચ પદની ચૂંટણીમાં હારનો સામનો કરવા મજબુર બનેલા રાજકીય અગ્રણીએ પોતાની ખીચડી પકવવા માટે માડકા સરપંચ - પદના ઉમેદવાર અજોતીબેન વાઘાભાઈ ચૌધરીનું ફોર્મ તેમની કે ટેકેદારની જાણ બહાર પાછું ખેંચાવી લીધુ હતું. પરંતુ રાજયમંત્રીએ ઉચ્ચ અધિકારીઓને તાકીદ કરી અજોતીબેન ચૌધરીનું ફોર્મ માન્ય રાખ્યું હતું. જેથી મંત્રીની વાવ પંથકમાં વાહ...વાહ...જોવા મળી હતી. જયારે રાજકીય અગ્રણીએ પોતે શરમિંદા બની લોકો સમક્ષ બહાર આવવાનું ટાળી દીધું હતું. આવો રાજકીય કાવાદાવો ખેલતા રાજકીય અગ્રણીને ગામની જનતાએ જાકારો આપ્યો હોવાનું સમગ્ર વાવ પંથકમાં ચર્ચાસ્પદ બન્યું છે.

# ડીસાના લાયન્સ હોલ સામેનું શાકભાજી બજાર ખસેડાયું

### ચંદ્રલોક રોડ ખુલ્લો થતા ટ્રાફિકની કાયમી સમસ્યા ટળી : પાલિકા દ્વારા લારી ધારકો પાસેથી ભાડુ વસૂલવાની માંગ



વિનોદ બાંડીવાલા

ડીસા

ડીસાના ચંદ્રલોક રોડના નાકે સાંજના સુમારે ઊભી રહેતી શાકભાજીની લારીઓના કારણે ટ્રાફિકજામની સમસ્યા રોજીંદી બની ગઈ હતી. પરંતુ નગરપાલિકા દ્વારા લારીઓને શાક માર્કેટની દિવાલ આગળની જગ્યા ફાળવાઈ છે. જેના કારણે રોડ ખુલ્લો થઈ જતા આમ પ્રજાએ હાશકારો અનુભવ્યો છે.

તાલુકા મથક ડીસાનો સરદાર બાગ રોડ મુખ્ય રોડ હોઈ આખો દિવસ ટ્રાફિક ચક્કાજામ રહે છે. તેથી ટ્રાફિકજામથી બચવા ચંદ્રલોક રોડ સારો વિકલ્પ પુરવાર થયો છે પરંતુ ચંદ્રલોક રોડના નાકે જ વર્ષોથી સાંજના સુમારે શાકબજાર ભરાય છે. જેમાં રોડ ઉપર જ લારીઓના ખડકલા થાય છે. જેના કારણે વાહન ચાલકોને નિકળવું મુશ્કેલ થઈ પડે છે. જેથી અહીં ટ્રાફિકની સમસ્યા

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં ચેટીચંડ નિમિત્તે વિશાળ બાઈક રેલી નીકળી



ભરત સુંદેશા

ડીસા શહેરમાં ''ચેટીચંડ'' નિમિત્તે સિંધી સમાજના ભાઈઓ દ્વારા તા. ૨૬/૩/૧૭ ને રવિવારના રોજ શ્રી ઝુલેલાલના મંદિરેથી એક ભવ્ય બાઈક અને વાહનની રેલી સવારે ૯-૩૦ થી તેરમી નાળાથી નીકળી ડીસા શહેરના મુખ્ય માર્ગોએ ફરી હતી. ચેટીચંડ મહોત્સવ અને ભગવાન પૂજ્ય ઝુલેલાલના જન્મ જયંતિ મહોત્સવ નિમિત્તે બે દિવસ પહેલા બાઈક-વાહન રેલી કાઢવામાં આવી હતી. જેમાં સિન્ધી સમાજના યુવાન વર્ગ મોટી સંખ્યામાં બાઈક રેલીમાં જોડાયા હતા.

# વડગામના આદર્શ ખેડૂત દ્વારા ઓર્ગેનિક ઘઉંનું સફળ વાવેતર

### એક વિઘામાં ૯૦ મણ ઘઉંનું વિક્રમી ઉત્પાદન મેળવ્યું



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

ઘઉં સહિતના અનાજના પાકોના ઉત્પાદનમાં રાસાયણિક ખાતરનો બેફામ ઉપયોગ થાય છે. તેનાથી ઉત્પાદન વધારે થાય છે.પરંતુ ખાતરનું ઝેરી રસાયણ અનાજ ખાનારના પેટમાં પહોંચે છે જેના કારણે સમાજમાં ચિત્ર-વિચિત્ર પ્રકારના રોગોનો ઉપદ્રવ વધી પડ્યો છે. જેના કારણે સમાજમાં આવેલી જાગૃતિના કારણે લોકો રસાયણ વગર ઉત્પાદિત થતા ઓર્ગેનિક અનાજ અને શાકભાજી તરફ આકર્ષાયા છે. જેના કારણે પ્રગતિશીલ ખેડૂતો ઓર્ગેનિક ખેતી અપનાવવા લાગ્યા છે ત્યારે વડગામના કૃષિના ઋષિ ભીખાજી સોલંકીએ ઓર્ગેનિક ઘઉંનું વિક્રમી ઉત્પાદન મેળવી ખેડૂતોને નવો રાહ ચિંધ્યો છે.

ખેડૂતથી કૃષિ વૈજ્ઞાનિકની સફળ કારકિર્દી ઘડનાર વડગામના આદર્શ પ્રગતિશીલ ખેડૂતે રવિ સિઝન દરમ્યાન રસાયણ સિવાયના

અનુસંધાન પાના નં.૬

# દાંતીવાડા તાલુકામાં ચાલતા હોમગાર્ડ તાલીમ કેન્દ્રને અન્યત્ર ખસેડવાની હીલચાલ



ઈશ્વર રબારી

(પ્રતિ.) દાંતીવાડા

દાંતીવાડા તાલુકામાં આવેલ હોમગાર્ડ તાલીમ કેન્દ્રને બનાસકાંઠા જિલ્લા ના દાંતીવાડા તાલુકા મથકેથી અન્ય જિલ્લામાં ખસેડવાની વાયુવેગે વાતો ચર્ચાસ્પદ બનતા હોમગાર્ડ જવાનોમાં રોષ સાથે દુ:ખની લાગણી છવાઈ છે. દાંતીવાડા તાલુકામાં કરોડોના ખર્ચે

અનુસંધાન પાના નં.૬

# વાવ તાલુકાની ૧૭ પંચાયતોમાં સરપંચ પદના ૫૬ અને ૪૮ વોર્ડ માટે ૮૦ ઉમેદવારો વચ્ચે જંગ

(તા.પ્રતિ.) વાવ

આગામી તા.૮/૪/૧૭ ના રોજ યોજાનારી વાવ તાલુકાની ૨૧ પંચાયતોમાંથી ૪ પંચાયતો સમરસ બન્યા બાદ ૧૭ પંચાયતોમાં સરપંચ પદ માટેના ૫૬ ઉમેદવારો અને ૪૮ વોર્ડ માટે ૮૦ ઉમેદવારો મેદાને જંગમાં ઉતર્યા છે. જો કે, આગામી તા.૮/૪/૧૭ ના રોજ પંચાયતોની ચૂંટણીઓ યોજાશે અને તા.૧૧/૪/૧૭ ના રોજ ચૂંટણી પરિણામ જાહેર થશે.

આજથી ચૌદ દિવસ સુધી ચૂંટણી પ્રચર પૂરજોશમાં ચાલશે. સરપંચ પદ મેળવવા માટે દરેક ઉમેદવારોએ પોતાનો ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે. ઘેર - ઘેર, ગલી - ગલી ચૂંટણી પ્રચારના સૂત્રો ગુંજી રહ્યા છે. મતદારોને રીઝવવા માટે દરેક પ્રકારની લોભામણી લાલચો તો કયાંક છુટા હાથે પૈસાનો દોર ચાલી રહ્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં મતદારોને મજા પડી રહી છે. આગામી તા.૧૧/૪/૧૭ ના રોજ ચૂંટણી પરિણામના દિવસે 'કહી ખુશી તો કહી ગમ' ના દ્રશ્યો સર્જાશે.

## બેસણું (બપોરો)



**સ્વ.મેહાભાઈ ઉમેદભાઈ પટેલ (ફોફ)**
**સ્વ.તા.૨૬/૩/૨૦૧૭, રવિવાર**

અમારા પુત્ર શ્રી મેહાભાઈ ઉમેદભાઈ પટેલનું ફાગણ વદ - ૧૩ તા.૨૬/૦૩/૨૦૧૭ ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં, સદ્ગતના આત્માને શાંતિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના. સદ્ગતનું બેસણું (બપોરો) સમાજના રીતરિવાજ મુજબ તા.૨૯/૦૩/૨૦૧૭ ને બુધવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મુ.પો.તા.લાખણી, જિ.બનાસકાંઠા
ઠે.ફાર્મ હાઉસ પર, લાખણીથી લવાણા જવાના કાચા રસ્તા પર
મો.૯૪૨૭૨૫૪૦૧૮, ૯૮૭૯૮૯૪૯૪૦

લિ.

પટેલ ગણેશભાઈ તેજાભાઈ (બાપા)
પટેલ ઉમેદભાઈ તેજાભાઈ (પિતા)
પટેલ નાનજીભાઈ તેજાભાઈ (કાકા)
(સરપંચશ્રી, લાખણી)
પટેલ આંબાભાઈ ઉમેદભાઈ (ભાઈ)
પટેલ લાલજીભાઈ ઉમેદભાઈ (ભાઈ)

પટેલ રાંમાભાઈ વિરાભાઈ (બાપા)
પટેલ માનસુંગભાઈ ગગદાસભાઈ (કાકા)
પટેલ પ્રભુભાઈ ગણેશભાઈ (ભાઈ)
પટેલ આંબાભાઈ ભીખાભાઈ (ભાઈ)
પટેલ સુરેશભાઈ નાનજીભાઈ (ભાઈ)

**તથા સમસ્ત ફોફ પરિવાર - લાખણી**

# ડીસા સહિત જિલ્લામાં તાપમાનનો પારો ઊંચકાયો

### આ વખતે પણ ઉનાળો આકરો નીવડવાના એંધાણ



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ચૈત્ર મહિનો હજુ આવતીકાલથી શરૂ થઈ રહ્યો છે. પરંતુ ડીસા સહિત જિલ્લામાં તાપમાનનો પારો દિન- પ્રતિદિન ઊંચકાઈ રહ્યો છે. જેના કારણે કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ છે. જેથી આ વખતે ઉનાળો આકરો નીવડવાના એંધાણ અત્યારથી જ વર્તાવા લાગ્યા છે. રણ વિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ ઠંડી અને ગરમી

અનુસંધાન પાના નં.૬

## જાહેર ટેકો

જુની ભીલડી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વોર્ડ નં.૧૦ માં મે સાથિયાણી (મેમણ) ગુલાબનબી કરીમભાઈ ઉમેદવારી નોંધાવી હતી પરંતુ જુની ભીલડી ગ્રામજનો તથા આગેવાનોની સમજાવટથી હું મારી ઉમેદવારી પાછી ખેંચું છું. મારી રાજી ખુશીથી વોર્ડ નં.૧૦ જુની ભીલડી ગ્રામ પંચાયતના ઉમેદવાર મકવાણા શંકરજી મેવાજીને મારો જાહેર ટેકો જાહેર કરૂં છું. તેથી તમામ મારા વ્હાલા મતદારો આપનો કિંમતી મત મકવાણા શંકરજી મેવાજીને આપી - અપાવી ચૂંટણીમાં જીતાડવા વિનંતી કરૂં છું.



સાથિયાણી ગુલાબનબી કરીમભાઈ
ટેકો જાહેર કરનાર



મકવાણા શંકરજી મેવાજી
ઉમેદવાર વોર્ડ નં.૧૦
જુની ભીલડી ગ્રા. પં.

હવે આતુરતાનો અંત...
વર્ષોની પરંપરા... લાભ... અધિક લાભ...
રખેવાળ વાર્ષિક લવાજમ યોજના...
એક નહિં... બે...બે... વિકલ્પો સાથે...
૧ વાર્ષિક લવાજમ રૂ.~~૭૨૦/-~~ ના બદલે ચૂકવો રૂ.૬૦૦/- લવાજમ ભરતાની સાથે જ રૂ.૧૨૦/- નું રોકડ ફાયદો
૨ વાર્ષિક લવાજમ રૂ.૮૦૦/- ભરો અને મેળવો એક આકર્ષક ખુરશી (પ્લાસ્ટીક ચેર)

ડીસા અને પાલનપુરમાં વાર્ષિક લવાજમ અમારા કાર્યાલય ખાતે ભરી શકાશે અથવા
ડીસા ખાતે મો.૯૪૦૮૮૯૫૫૧૫ પાલનપુર ખાતે મો.૯૪૨૭૬૪૭૪૯૬ પર
સંપર્ક કરશો તો અમારા પ્રતિનિધિ રૂબરૂ આવી લવાજમ લઇ જશે.
વધુ વિગતો માટે આપના નજીકના વિતરક અથવા રખેવાળ કાર્યાલય, ડીસા.
ફોન : (૦૨૭૪૪) ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ઉપર સંપર્ક કરો.